આ આવૃત્તિમાં કાંઇ ફેરફાર કર્યો નથી.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવિન

સતિ રાણકદેવી

નું નાટક—ત્રિઅંકી.

દુહો.

શિયળ રત્ન પરખાવવા, ચિતર્યો આ ચિતાર;
સજ્જન વાંચો સ્નેહથી, ધરી હૃદયમાં પ્યાર.

રચનાર,
H. M. Sheth.

છપાવિ પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. સન ૧૯૧૧. પ્રત ૨૦૦૦.

શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમાં પટેલ દલપતરામ મકનદાસે છાપ્યું. શાહપુર નવીપોળ—અમદાવાદ.

કીમત રૂ. ૦—૮—૦.

નાટક પાત્રો.

પુરૂષ વર્ગ.

રાહખેંગાર—જુનાગઢનો રાજા.

દેશળ, વિશળ—રાહખેંગારના ભાણેજ અને સિધરાજના ભત્રિજા

હડમત—સિંધપ્રાંતની મજેવડીમાં આવી રહેલો કુંભાર.

સિધરાજ—ગુર્જરપતિ.

રાયમલ, ગીરધર—સિધરાજના દશોટી ભાટ.

દુદો, હમીર—જુનાગઢના દરવાન.

માણેરા, ડગાયચો—રાહખેંગારના પુત્ર.

પ્રધાન—શૈન્યાધિપતી. કોટવાળ ચોપદાર-મહાજન-મહેતો શીપાઇ, પ્રજાવર્ગ-વાઘરીઓ-લશ્કર-મુખી-પટેલ-કુભારનો છોકરો વીગેરે.

સ્ત્રિ વર્ગ.

રાણકદેવી-હડમતની ઉછરેલી પુત્રી અને રાહખેંગારની રાણી

અમથી—હડમતની સ્ત્રિ.

શુમતિદેવી—સિધરાજની સ્ત્રિ.

દાશીઓ—સાહેલીઓ વીગેરે.

સ્થળ—જુનાગઢ અને અણહીલપુર પાટણ.

શ્રી પરમાત્મ નમઃ

શ્રી નવીન.

સતિ રાણકદેવી

નાટક.

મંગળાચરણ.

સુત્રધાર— ભુપકલ્યાણ.

માતુ સરસ્વતિ, કરો કૃપા અતી;
સાહ્ય થઇ શેવકની, કાપો સઘ સુદ્ધમતિ. એ ટેક.
જગત જનુની ભક્ત વત્સળી, મંમાયા કરો મેહેર;
પ્રસન વદનથી સુખ સદનમાં, કરાવો લિલા લેહેર. માતુ
ભરત ભૂમિના ભાગ્યોદયનો, છે તુમપર આધાર;
ગ્રંથ ગુંથવા આશ્રય ઇચ્છુ, વિનવી વારંવાર. માતુ

(મંગળાચરણુ કરી રહયા બાદ પ્રેક્ષકો ભણી)

મહાશયો ! અને પ્રિય ભગનીઓ ! આજે મારા આમંત્રણુથી અત્રે પધારી મારા રંગ મંડપને સુસોભિત કર્યો છે તેથી આપનો મોટો ઉપકાર માનું છું. આપને અત્રે પધારેલા જોઈ મારા ઉરમાં અતિ આનંદ થયો છે; તેમજ મારા નેત્ર આપની તરફથી પાછા હઠવા ઇચ્છતા નથી. વળી આપના સ્પર્શથી આ ભુમિ પવિત્ર થઇ છે. આજરોજ આપની સમક્ષ શ્રી રાજનગર નિવાસી શેઠ હરિલાલ રચિત શિયળ સરંક્ષાણી, અતિશય કષ્ટ સહન કરી પતિવ્રતને નહિ છોડનારી સતિ માતુ રાણુકદેવીનું નાટક ભજવી બતાવવા અતિ ઉલસિત થયો છું, તો તે પ્રેમ પુર્વક નજરે નિહાળી શ્રવણેંદ્રીને શ્રવણુ કરવા ઉત્સુક કરશોજી.

નટી—પ્રાણુનાથ ! જે સતિ માતુનું નાટક ભજવવાનું છે;

તેમને કીયાં માતા પિતાના કુળને ઉદ્ધાર્યું છે, તથા કચ્છ ભુમિને પવિત્ર કરી છે, તથા કીયા સ્વામિને સંસારમાં શોભાવ્યો છે તે પ્રકાશવા કૃપા કરશો.

સુત્રધાર—સિંધ દેશમાં કડલી નગરનો, રાસ્પાવર રાજા;
થઇ પુત્રી તેના ઘેર પેદા, રાખવા કુળ માજા.
કોઇક કારણે કાઢી બારણે, હડમતે આણી ઘેર;
નિજ બાળાસમ ગણી ઉછેરી, જતન કરી સુપેર.
સિંધ તજી કચ્છ થઇને આવ્યો, મજેવડી મોઝાર;
બારોટના બહુ આગ્રહે દીધી શ્રી ગુર્જર દરબાર.
શિકાર ચઢિઓ જીર્ણદુર્ગને, ભૂપતિ ભારે વેશ;
દ્રષ્ટિ પરસ્પર થતાં બન્નેમાં, કીધો પ્રેમે પ્રવેશ.
ગુર્જર રાયને જાણ થઇ તવ, ક્રોધની લાગી જવાળ;
સોરઠપતિને હણવા આવ્યો, ગુર્જરનો ભૂપાળ.
બાર વરસ લડતાં લડતાં, હાર્યો સોરઠ ભૂપ;
વ્યામોહ થયો ગુર્જરપતિ જોઇ, સતિ માતાનું રૂપ.
શિયળ સાચવ્યું અતિ જતનથી, દુઃખ સહી અપાર;
તે નાટક રૂપે દર્શાવવા, કીધો મેંહ વિચાર.

નટી—ધન્ય છે ! ધન્ય છે ! એવી સતી માતાઓને કે જેને સુખ રૂપી ધન ખરચી અમર કીર્તિને ગૃહણ કરી છે.

સુત્રધાર—તે સતિ માતાએ તો હદ કરી છે હદ ! પોતાના સુંદર બાળોનો પોતાની સમક્ષ વધ થતો જોઇ જરાએ ચિતથી ચળ્યાં નથી.

નટી—(આશ્ચર્યતાથી) એમકે ?? ત્યારે તો સર્વ સતિ માતાઓમાં શ્રેષ્ટ ગણવા યોગ્ય છે.

રાણકદેવી—(અંદરથી) યૌવન વય પામી, મુગ્ધપણાને છોડી.

સુત્રધાર—(અંદરથી આવતો સ્વર સાંભળી) પ્રિયા ! ચાલો ચાલો ! ! પાત્રો તો સજ થઇ પ્રયોગ શરૂ કરવાને આ તરફ આવવા લાગ્યા ને આપણે તો આંહી હજી વિચાર કરતાંજ ઉભાં છીએ.

નટી—બિરાજેલાઓને પુષ્પોથી વધાવી ચાલો ત્યારે સત્વર.
(સભાજનોને પુષ્પોથી વધાવી બંન્ને જણા જાય છે.)

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ મજેવડીનો ભાગોળ.

પાત્ર—રાણકદેવી અને પછીથી કુંભારનો છોકરો તથા ગુજરાતના બે ભાટ.

રાણકદેવી ગધેડા ચરાવવા આવી છે. ગધેડા ચરેછે ને રાણકદેવી પોતાના ભવિષ્યનો વિચાર કરે છે.

રાણકદેવી—મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી એ રાહ.

યૌવન વય પામી, મુગ્ધપણાને છોડી;
હવે કયારે મેળવશે, પ્રભુ મુજ સરખી જોડી.
ઇચ્છિતવર સાથે, કદી લગન જો થાય;
સુધરે સંસારને, સુખમાં દી સૌ જાય.
કરપિડન થાયે, અણગમતાની સંગે;
આખો જનમાંતર, દુઃખ થાયે બહુ અંગે.
નવરસમાં સૌથી, ઉત્તમ રસ છે પ્રેમ;
જ્યારે તે નહીં પિવાય, રહે કેમ ક્ષેમ.
પ્રભુ કૃપા કરીને, મેળવજે મન પતિથી;
તન પતિ નવ ચાહું, સ્વપ્ન મહીં હું મતિથી.

(ગધ) અહોહો !!! ઇશ્વરની કેવી ગહન ગતિ છે ! કયાં મારો જન્મ, કોને ઘેર ઉછરવું, કયાં જન્મ ભુમિને કયાં આવીને રહેવું. હે પ્રભુ મેં તારો એવો શો અપરાધ કર્યો હશે કે ઉત્તમ સ્થળે જન્મ આપી, નિચને હસ્તે સોંપી દીધી. જ્યાં સુધી હું મારી ખરી હકીકતથી અજાણી હતી ત્યાં સુધી તો તેઓ પર મને મારાં ખરાં માતા પિતા જેટલું વહાલ આવતું પણ જ્યારથી મારી ખરી હકીકતથી હું જાણીતી થઇછું ત્યારથી તેઓને માતા પિતાના સંબોધનથી બોલાવતાં મારૂં મન બહુજ કચવાય છે. મારૂં રૂપ રંગજ મને રાજપુત્રી હોઉં એમ સુચવે છે. આ મારો કહેવાતો પિતા પોતાનીજ ન્યાતમાંથી પોતાની પસંદગીના કોઇ પુરૂષ જોડે લાકડે માંકડું વળગાડી દેશે. ત્યારે શું મારો આખો જનમારો માટી સુંઘવામાંજ

જશે !! (જરા ગળગળા સ્વરે) અહો ઇશ્વર આમ કરવાં કરતાં તો જનમતી વખતજ તારી હજુરમાં બોલાવી લેવી હતી. અગર આવું રૂપ રંગ તથા બુદ્ધીની બક્ષિશ કરવી જોઇતી ન હતી. ફકત મજુરીમાંજ મગ્ન રહેનારા પ્રેમ અને શ્રંગારને શું જાણે ? (એવામાં રાણુકદેવીના મોહપાસમાં પડેલો કુંભારનો છોકરો પાછળથી આવી રાણુકદેવીની આંખો પોતાના હાથે દાબે છે તેથી ચમકીને) કોણ છે એ ! ! ! કોને મારી આંખો દાબી !

કુંભારનો છોકરો—(લહેકાથી) એતો ઇ ઇ ઇ.

રાણુકદેવી—ઇતે કોણ ?

કુ. છોકરો—એતો ઈ ઇ ઇ ઇ.

રાણુકદેવી—(ચીડાઇને) ઇતે કોણ ? જે હોય તે હાથ લઇલ્યો અકળાઉછું, ગભરાઉછું.

કુ. છોકરો—કર કબુલ તો પછી હાથ લઇ લઉં. આજ ખરો લાગ આવ્યો છે.

રાણુકદેવી—(ગુસ્સેથી) તું છે કોણ? અને શું કબુલ કરાવેછે?

કુ. છોકરો—એ તો ઈ. જાણીને હાને પુછેશે ?

રાણુકદેવી—કોણ મુવો જેઠીઓ ?

કુ. છોકરો—(રાણુકદેવીની આંખેથી હાથ લઇ છાતી ઠોકતો રાણુકદેવીની સામે ઉભો રહી) હા હા એજ તારો શેઠીઓ.

રાણુકદેવી- મરેરે તું. અહિઆંએ મારો છાલ છોડતો નથી. કેવો નફ્ફટ !

કુ. છોકરો—હા હા નફ્ફટ ? પણ દપટ ખરાં હો કે ? છાલ તે કેમ છોડ હે ? હા કહે એટલે બસ ! બંદા રાજી રાજીને રાજી.

રાણુકદેવી—(સક્રોધથી) શું હા કહેવરાવે છે મુઆ પાજી!

કુ. છોકરો—એતો ઇ સેડા સેડી બાંધી. સોરીમાં ફેરા ફરે હે ઇમ

રાણુકદેવી—જા જા મુવા ઉલ્લુ ? જરા શરમા ! શરમા ! તારા જેવા ભુંડને હું વરીશ ? શું કાગ કંઠે મોતીમાળા ? જા જા દીસ્તો રહે અહીથી કાળમુખા !

કુ. છોકરો—હં હું કાળમુખો ! પણ તારો હખો સું હો ? ? (સ્મિતહાસ્યથી) વાહરે મારી સખીલી, સોગાળી, લટકાળી. હું તારો વેણુ ! ! જાણે કેરીનો કટકો ! તારી વાણી આગળ મેઠાઇ પણ રદ

છે. ધનભાગ મારા કે તારા જેવી રહીલીનો કંથડો થઇશ.

રાણુકદેવી—(ખુબ ચીડાઇને) જા જા મુવા પાજી ! કાંઇ લાજી મર લાજી, નિર્લજ થઇ હદબહાર શું બકે છે ? તારી ઝેરી વાણી બંધ કર મારા કાનને દુઃખી કરે છે.

કુ. છોકરો—(લટકાથી) અરે વાહરે ! આટલી વાતમાં કંટાળો ! હજી તો આખો જન્મારો લેવોસે જન્મારો ! હંહારમાં તો તું મારો દીવાન, તે હઘળી વાત પુસવી પડહે તો ચેમ થાહે ? ? વારે વારે ચીરડાહો તો હું કામ આવહે મારી બાપુડો ! ! (એમ કહી વળગવા જાય છે. તેણે ધક્કો મારી.)

રાણુકદેવી—(રકતનેત્રે) દુર રહે ઓ દુષ્ટ ! મને એકલી ધારી શું સતાવે છે ? (દુર નહી ખસવાથી) જાય છે કે નહીં ? નહીંતો ખુબ મારૂં છું ?

કુ. છોકરો—(સ્પર્શથી મનસાથે ખુશી થતો) હાશ !!! હી હી-તળતા ! મહકરી જવા દીયો મારા વાલા ! હાલાં હું કામ આવેલો વખત ગુમાવોશો ? જરા બેહો, હહો, મધુરા બોલ બોલી રીઝાવો. ધન્ય છે પ્રભુ તારી અકળ લીલાને ! કે જે ઘણા દીવસથી તરહી રહેલા શાતકને મધુરીના વેણુ રૂપી જળથી હાંત થવાનો અવહર આપ્યો. હવે આમ ઉભા ચ્યાં હુધી રહેવાનું સે ? આમ આવ (સંજ્ઞા કરીને) આ ઝાડ નીચે બેહીએ.

રાણુકદેવી—(ક્રોધથી) દુષ્ટ ! બેશરમ ! જા તારૂં કાળું મોઢું લઇ મને ના સંતાપ નહીંતો લાત ખાઈશ !

કુ. છોકરો—(ખુશી થતો) ઓ હો લાત ! ત્યારે તો નકી થઇ ચુકી વાત. બસ ! બધી પંચાત પતી અને જેહીઓ ને રાણુક હુખી થોહે અતિ. (સભા સમક્ષ) દુઝણી ગાયની લાત પણ ચાંથી ? (રાણુકદેવી તરફ નીહાળી) હું હુંદર ગુલાબી સહેરો ? ! હોય ! હોય ! હોય ! ! !

રાણુકદેવી—(ગુસ્સાથી) અરે નિર્લજ ! તારી પાપી જીભ ન ચલાવ્ય. શું રાણુક તે તારા નશીબમાં હોય ? તે તો કોઇ ભાગ્યશાળીનું ભુવન દીપાવશે !

કુ. છોકરો—અહં ! હું હમજ્યો. હું ગરીબ નથી હો ! તારા બાપ કરતાં અમારે ઘેર ગધાડા વધારે છે હો ! તેમ આખા ગામની

ધરાગી મારા ઘેર કહું તો સાહે. બોલ! આથી તારે થીયો વધારે ભાગ્યશાળી જોએસે? વળી મારા જેવો બાજો રૂપમાં કુણુશે તે તો બતાવ!

રાણકદેવી—(ચીરડાઇને) બળ્યું તારૂં રૂપ, ને આગ લાગો તારી સાયબીને.

કુ. છોકરો—(નમ્રતાથી) રાણક! આજ તું આમ શું કરેશે? આટલા દહાડા તો મારી હાથે હસી ખુશીથી વાત કરતી તીને.

વાહ! હલુણી કાંઇ હમજ હમજ તું,
આમ કરી શું ગભરાવે સે;
પ્રથમ જણાવી પ્યાર, હવે તું શું કરે ખાર;
આમ વદિ શું તું હતાવેસે.
હંગે રમાડી, રમતે રીઝાવી, મીઠા બોલ બોલી દેતી તાળી
વીરહાનળથી વ્યાકુળ થાતી, નવ રહેતી મુજ વિણુ ખાલી;
ઘડી ઘડી, પળ પળ, હનેહ વસનથી, ખુહ કરતી હરતી ફરતી;
તું આંખ તું પાંખ, તું તનમનધન એમ મમ પાહે ઉસરતી.
અરે એ બધું કાં ઉડી ગયું જતું રહ્યું, આજ આમ કેમ તું કરતી
ભુરકી લાગી, કે ભુત વળગ્યું, કાંઈ હમજ મને નથી પડતી. વાહ.

રાણકદેવી—જા જા નફટ નાદાન.

શ્વાન પાળેલો શું ઘર માલીક, થાવા આવશે વહ! વાહ!!
મુક્તા માળા કાગને કંઠે, શોભશે શું આહ! આહ!!
ભાન ભુલી શું શ્વાન બને છે! સમજી ઘેર પાછો જાજા;
ખસેલ ઠાગડું લાવી ઠેકાણે, મુરખ તું ડાહયો થા થા.

કુ. છોકરો—હું? હું ગાંડો! અરે એહ એહ! જો રૂપાળી મને હીખામણ દેવા આવેલી! (જરા ગુસ્સાથી) વિસાર કર વિસાર નહીં માને તો કરવો પડહે બળાત્કાર. બોલ અહીં કોણુશે તારૂં!!!

રાણકદેવી-અરે મુર્ખના સરદાર અને અકલના આગળા. હજુ મારો પરમેશ્વર ગયો નથી પરમેશ્વર!

કુ. છોકરો - બોલાવ્ય તારા પરમેહરને (એમ કહી વળગવા જાય છે તેથી).

રાણકદેવી—(બુમો પાડતી બેઆકળી થઇ આમ તેમ દોડતી) અરે કોઈ આવો આવો!! આ દુષ્ટના પંજામાંથી છોડાવો. આ કુ·

તરો મને ક્યારનો પજવે છે. (એવામાં ગુજરાતના બે ભાટ આવે છે. તે જોઈ કુંભારનો છોકરો શરમાઈ જતો રહે છે (જતો જતો)

કુંભારનો છોકરો – (માથુ ધુણાવતો) હત ! તારી ખુનના ભાઈ કરૂં ! વાત બધી વંઠી ને ફેરો ફોગટ ગયો ! આ નખોદીઆઓ ચ્યાંથી ટપ્યા ? ધર્યું હોનું ધુળ મેળવ્યું. હવે ચેમ થાહે? (જરા વિચારી) ઠીકસે ! ઠીકસે ! ચ્યાં એક રાતે વાણું વાય તેમસે ? જી-વેગા નર તો ફીર બસાયગા ઘર. રાંડ મને મુચીને ચીયા એના બાપને પરણનાર સે. મારા જેવો કુળવાન, રૂપવાન, ને ધનવાન તો બતાવે ? ખાખરની ખીસોડી હાકરનો હવાદ હું જાણે ? રાંડના કરમમાં વઈતરૂ હોહે તે હાયની હાની પહંદ કરે હાલતો જાવા દે. પસીથી વાત ! (જાયછે)

રાયમલ—(રાણકદેવી પાસે આવી તે) અલી છોડી ! શું છે? શું છે? હમણાં કેમ બુમો પાડતી હતી ?

ગીરધર– (રાયમલના કાનમાં) છોકરી જણાય છે તો કોઈ સારા ઘરની ? શું તેનું સ્વરૂપ ! ઈંદ્રાણી પણ આના આગળ હી-સાબમાં નથી હોકે ?!

રાણકદેવી – ભાઈ, પ્રભુએજ આ વખને તમને મોકલી મારી લાજ રાખી છે. અમારી ન્યાતનો એક દુષ્ટ છોકરો મને અતરે એ-કલી જાણી બહુ પજવતો હતો, જો તમો ન આવ્યા હોત તો મારી શી દશા થાત તે પ્રભુ જાણે. (આંખમાં આંસુ આવે છે તે લોતી લોતી) પ્રભુ તમારૂ કલ્યાણ કરો.

ગીરધર—બાપુ ગભરા નહીં ! ગભરા નહીં ! છાની રહે. અમ છતાં કોની મગદુર છે કે તારૂ નામ લઈ શકે !

રાયમલ—ચાલ બેન ચાલ ! આંશું લોહી નાંખ. અમો તને તારે ઘેર પહોંચાડીએ.

રાણકદેવી—તો તો ભગવાન તમારૂં ભલું કરશે. કૃપા કરી જરા થોભો તો મારાં ગધેડાં હાંકી લાવું ? (આ સાંભળી બંને બારોટ ચકીત થાય છે.)

ગીરધર—જા બા જા. અમે અહીઆ ઉભાં છીએ. (જાય છે એટલે રાયમલ પ્રત્યે) મારી ધારણા ખોટી પડી યાર ! નિચને

ઘેર આવું રત્ન ક્યાંથી ! મને તો અચંબો લાગે છે !

રાયમલ - મને પણ એમજ ભાસે છે. પણ કુદરતનો ખેલજ એવો છે. જોને કમળ શેમાંથી પેદા થાય છે ! તથા ઉત્તમ વસ્તુ શેમાંથી મળે છે !

ગીરધર—કહો ન કહો પણ મને તો આ વાતમાં ભારે સંસય રહે છે. આ છોકરી કુંભારની હોય એમ મારૂં મનતો માનતું નથી. પછી તો ઇશ્વર જાણે.

રાયમલ - ઠીક છે. તેને આવવા દે એટલે આપણે આપણો સંસય દુર કરીશું પછી કાંય ! (એવામાં ગધેડા હાંકતી હાંકતી રાણકદેવી આવે છે.)

રાણકદેવી—(ગધેડા બાજુ પર ઉભા રાખી બારોટ પાસે આવી.) ચાલો ભાઇઓ.

રાયમલ—હાં ચાલ બેન. (ચાલવા માંડે છે. ચાલતાં ચાલતાં બેન તુંતો કોઇ રાજપુત્રી જેવી દીસે છે, પણ આમ જોઇ અમને આશ્ચર્ય લાગે છે !

રાણકદેવી—ભાઇ મારૂં નશીબજ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. તમારી ધારણા ખરી છે. કર્મ યોગેજ હું કુંભારને ઘેર ઉછરી છું.

ગીરધર—શું ત્યારે જનમ કોઇ બીજે ઠેકાણે છે !

રાણકદેવી—હા ! ભાઇ હા ! હું સિંધ દેશમાં આવેલા કડ-લી નગરના રારપાવર રાજાની પુત્રી છું, એવું મેં ઘણા જણના મુ-ખેથી સાંભળયું છે. પણ હું કુંભારને ઘેર શી રીતે આવી તે જાણ-તી નથી.

રાયમલ—અહોહોહો !!! શી પરમેશ્વરની ખુબી છે ! ક્યાં રારપાવરનો રાજમહેલ અને ક્યાં કુંભારની ઝુંપડી ! (ગીરધરના કાનમાં) આતો આપણા સિધરાજને યોગ્ય જણાય છે, છેતો પદ-મણી જેવી.

ગીરધર—(ધીરેથી ઠીકછે ! ઠીકછે ! (એવામાં હડમતનું ઘર આવે છે તેથી.)

રાણકદેવી—(બંને બારોટોને) જાઓં ભાઇ. હવે હું મારે ઘેર એકલી જાઇશ. (આંગળીથી બતાવીને) જુઓ પેલું જણાય

તે મારૂં ઘર ! હવે નાહક તમારા કાર્યમાં શું કરવા મારે અડચણ કરવી. તસ્તી માફ કરજો ભાઇ. જગદીસ્વર તમારૂ કલ્યાણ કરશે, લ્યો હવે હું જાઉછું.

રાયમલ—હા બા હા સુખેથી જા. (રાણકદેવી જાય છે.) શું એની બોલવાની ખુબી ! ગીરધરભાઇ ! પરમેશ્વર રત્ન આમ છુપા પણ રાખે છે એ મેં આજેજ અનુભવ્યું.

ગીરધર—ભાઇ, તેની ગતીને કોઈ પહોંચે તેમ છે ? લ્યો ચાલો હવે ઝડપથી કારણ કે હજી લાંબુ જવું છે.

રાયમલ—ઠીક ઠીક લ્યો ચાલો. (બંને જાય છે)

પ્રવેશ ૨ જો

સ્થળ ગુજરાત પાટણમાં કચેરી.

પાત્ર—સિધરાજ-સચીવજી-નગરશેઠ-વિદુષક-ચોબદાર વીગેરે સઘળા અમલદારો અને પાછળથી સોરઠ ગયેલા બે બારોટ.

સિધરાજ—(સંતાન નહી હોવાથી સંતાપ કરે છે.)

અફસોસ કે આ જીંદગી દુશવાર હો ગઇ. એ રાહ.
અફસોસની આ વાત છે, પ્યારા પ્રધાન.
વૃદ્ધ અવસ્થા થઇ તોએ, નહીં નીવડયું સંતાન. અફસોસ.
રાણી ઘણી પણ કોઇને, નવ બાળ કંઇ થયું;
ગુજરાત કેરી ગાદીનું શું, આવીરે રહ્યું. અફસોસ.
દેવી ઉમેદ રાજનો, વધારો મેં કર્યો;
દુશ્મનોના ગણમાં હુંતો, જુલમી બહુ ઠર્યો. અફસોસ.
આશા નાવે બેશી આજ, સુધી વિચર્યો;
નિરાશે ધક્કો મારી, દુઃખ સાયર માંહી ધર્યો. અફસોસ.

સચીવજી—(રાજાને દુઃખ સાયરમા ડુબતા જોઈ)

લાગી છે તરસ ભાઇ પાણી પા. એ રાહ.
શાને શોચ કરો અરે, શાણા રાજન;
નહીં દીલગીર થાઓ, જરા તમે મન, શાને.

ઇશ્વરે લખીઆ, લેખ ફરે નહીં;
ઉપાય કરીએ હજારો પણ, શાને.
ધાર્યું હશે કૃપાનિધિએ ત્યારે;
આપશે આપને જલદી રે તન. શાને.

સિધરાજ—પ્રધાનજી ! તમારૂં કહેવું સત્ય છે. પણ મનમાં ત ચિંતા એટલીજ થાય છે કે જેને માટે મહા મહેનતે ઉપાર્જેલ જરિધિ, તેનો શું ભોગવનારી બીજો થશે ? કહેવત છે કે ધના ત્યાં ના નહીં અને પના ત્યાં ધના નહીં. ઇશ્વરની ગતિ ન્યારી છે. જેને જેની ઈચ્છા તેને તે નહીં આપતાં અનઇચ્છિતનેજ નવાજ્યા કરે છે. વળી કહ્યું છે કે અપુત્રસ્ય ગૃહશુન્ય દાસ દાસીઓ અને રા- જ્ય રિદ્ધિથી ભરપુર ભરેલું ઘર ફક્ત એક પુત્ર વિના શમશાન વત લાગે છે ? અરે હું તેના કાલા કાલા બોલ સાંભળી મારા કાનને ક્યારે આનંદ પમાડીશ ? ખોળામાં બેસાડી મુંછો ખેંચતા બાળને હર્ષ સહ ગાળ હું ક્યારે દઈશ ? અરે આ મારા સુરવિર બાહુને શિશુનો સ્પર્શ ક્યારે થશે ? મારી દ્રષ્ટિ સમિપ ખેલતાં બાળને જોઇ મારી આંખોને ક્યારે તરૂપ્ત કરીશ ? એ પ્રભુ આટલું બધું આપ- તાં ઉદાર બુદ્ધિ કીધી તો ફક્ત એક પુત્રઆપતા કેમ કૃપણતા કરી. શું મારે માટેજ આપના ખજાનામાં ખોટ પડી ! અફસોસ ! અફ- સોસ ! ! (એમ કહેતાંની સાથે આંખોમાંથી આંસુની ધારા વહે છે એ જોઇ સર્વ સભા દીલગીર થાય છે તે જોઇ)

નગરશેઠ—મહારાજ ! મારા શિરના તાજ ! આય સમજુ થઇ આ શું કરો છો ? રડવાથી ફક્ત દુઃખનો બોજો ઓછો થશે, પણ તેથી કાંઇ ઇચ્છેલી ઇચ્છા ફળે તેમ છે ? ભાગ્યવાન છો માટે ધીરજ ધરો, અને ઇશ્વરનું સમર્ણ કરો, વ્રત નિયમ શુદ્ધ મનથી પાળો, ઇશ્વર કરસે તો સૌ સારાવાના થશે (એવામાં બે બારોટ આવવાની ખબર ચોપદાર કહેવા આવે છે.)

ચોપદાર—(નમીને) મહારાજ બે બારોટ આપને મળવા ઉ- ત્સુક છે. મરજી હોય તો પ્રવેશ કરાઉં ?

સિધરાજ—ખુશીથી આવવા દયો, ચોપદાર બારોટને પ્રવેશ કરાવે છે. (બારોટ આવી નમન કરી.)

બારોટ બંને—ખમા ! મહારાજ બાપુને ખમા ! !

કવિત.

ધન્ય ધન્ય ગુર્જરપતી, રૂપ હે રતી પતી;
ન્યાયન કી શુદ્ધ નીતિ, જગમે જગાઇ હે;
પ્રજાપર બડો પ્યાર, શત્રુકો કરત ઠાર;
અનિતી કો દેશ પાર, માર કર ભગાઇ હે;
રાજમેં ન લેશ કેર, ઓછવ સબ ઘેર ઘેર;
જશ ગાન ઠેર ઠેર, આપકો જગાયો હે;
પ્રમાદ સબ દુર કરી, ગલી ગલી ફીરી ફીરી;
પ્રજાઉકા કષ્ટ હરી, ચાલુકય દીપાયોહે.

(ગદ્ય) વાહ અનદાતા વાહ ! ચીરંજીવો ગુજરાત ગાદીના ધણી (નમન કરી ઉભા રહે છે તેમને)

સિધરાજ—બારોટજી ! કેણી તરફથી આવા ગમન થાય છે!

રાયમલ્લ—કાઠિઆવાડ તરફથી કૃપાનાથ !

સિધરાજ—ત્યારે તો તમોએ અનેક કઉતક અવલોકન કર્યા હશે !

રાયમલ—હા બાપુ,

સિધરાજ—અડચણ ન હોય તો મારા યોગ્યનું એકાદ સંભળાવી મારા ત્રપ્ત થયેલા મનને શાંત કરશો.

રાયમલ્લ—(મનમાં) ઠીક પ્રસંગ આવ્યો છે. જોઇતું હતું તે વૈદે કર્યું, (યાસન) સાંભળો મહારાજ (હાથ જોડીને)

નાગનકે બચ્ચે નાગ ઉસે પ્યાર ના કરના. એ રાહ

કમળ વદન ચંદ્ર બદન, ઓષ્ટ ચંદ્રકાર;
દંત ઉંજવળ દાડમ કળી, વેણી ફેણા ધાર.
મૃગ સમાન ચક્ષુ જેની, ગાલ ગુલાબી લાલ
ઓષ્ટ પરવાળા સમા, છે સુર્ય સમ લલાટ.
શુક જેવી નાસિકા છે, ભ્રમર ધનુશ કમાન;
હંસ જેવી ડોક જેની, સુર કોકીલ સમાન.
સ્તનો ભારે નારંગી, આંગુળી જાણે શીંગ;
કટી કેશરી લજ્જિત, જોતા થઇ એ ડીંગ.

ભુજ હાથી શુંઢ, જંઘા કદળીની પ્રમાણ;
ચક્ષુના પલકારા સ્વામિ, વિજળી વખાણ.
સંગાર ધરે સર્વ અંગે, લાગે ઉરવશી;
સ્વર્ગમાંથી આવી જાણે, અત્રે તે વશી.
રૂપ છે રંભા સમાન, પુર્ણ માનો ચંદ્ર;
ભાન ભુલી જાય મનુષ્ય, દેખિ તેનું વદન.
ચાલ, ! હસ્તી જેમ ચાલે, પદ્મણી તે નાર;
ખોળી લાવ્યો આપ સારૂ, ત્રિયા નામદાર.

સિધ્ધરાજ— ગીતી.

આપ કરોછો વખાણ, કોની પુત્રી કયાંની રહેનારી;
કહો બીના તે સર્વે સાંભળવા ઉત્કંઠા છે મારી.

રાયમલ—ગામ જુનાગઢ પાસે, મજેવડીની તે છે રહેનારી;
પ્રજાપત હડમતને, ઘેર રહી તે ઉછરે છે બાળી.

(આ સાંભળી કચેરી બધી સ્તબ્ધ થઇ એક એકના સામુ જુએ છે.)

સિધ્ધરાજ—(બારોટની બીનાથી ગુસ્સે થઇ બારોટ પ્રત્યે
જુઓ જુઓ વિપ્રે બીડી હામ.

શું કરો વિચાર્યા વિણુ વાત, વાણીશું આવી તમે વદોરે;
શું ? થઉ હું કુંભારનો જમાત્ર, વાણી શું.
તે ગરધવનો ચારનાર, વાણી શું.
છે ગામડા તણો રહેનાર, વાણી શું.
અંરનિશ માટી ચુંથનાર, વાણી શું.
શું તે મુજ પ્રિયા થનાર ? વાણી શું.
નહીં નહીં તે રાણી પણા યોગ્ય, વાણી શું.
તે તો મુરખ પ્રજાપત જોગ, વાણી શું.
જો હોત અક્લ તમ ભાટ, વાણી શું.
તો ભીખ માગત શા માટ, વાણી શું.

વિદુષક—જોયા જોયા આ ભાટ ભાઇના ઢંગ ! મહારાજ, જે આખી ગુજરાંતનાં ધણી તેને કુંભાર બનાવી ગધેડા ચારતા કરવા ધારે છે ! મહારાજ ! મારા શિરતાજ ! આવાઓને દેશપાર કરી પુરી વાળવી જોઇએ દાજ. માથે ચડસેતો વસમું પડશે. અમે

તો કહેવાના ગરજી. પછી માનવું ન માનવું એ આપની છે મરજી.

સચીવજી—(ગુસ્સેથી બારોટ પ્રત્યે) કેમ ભાટડાઓ ! તમારી તે કાગળી બાગળી ચસ્કી છે કે શું ? કયાં ગુજરપતિને કયાં માટીનો મસળનાર ! આકાસને જમીન જેટલો ફરક ! જાઓ ફરી એવું કંઇ ના ઉચરતા.

ગીરધર—શાંત થાઓ ! શાંત થાઓ ! ! ક્રોધ ન કરો પૃથ્વીનાથ ! અમે આપનું લુણ ખાનાર તે શું આપની જગમાં હાંસી કરાવીશું.

સૈન્યાધિપતી—નૃપવર ! કમળતો કાદવમાંથીજ પેદા થાય છે; અને રત્ન, તેમ ઉત્તમ ધાતુઓ માટીમાંથીજ મળે છે.

રાયમલ—(પુષ્ટિ મળતાં) તેમ છતાં ફકત તે તો કુંભારને ઘેર ઉછરી મોટી થઈ તેટલુંજ દુષણ છે. બાકી તો તે ક્ષત્રીની પુત્રી છે મહારાજ !

સિધરાજ—કેમ જાણ્યું કે એ ક્ષત્રીની પુત્રી છે ? ક્ષત્રીપુત્રીને કુંભારને ઘેર ઉછરવાનું પ્રયોજન !

ગીરધર—કૃપાસાગર ! સિંધ દેશમાં આવેલા કડલી ગામના રાજાની પુત્રી છે, અને તેને કોઇ કારણુસર વગડામાં ફેંકી દેવામાં આવેલી તેને કુંભારે લાવી પોતાની પુત્રી પેરે ઉછેરી મોટી કરી છે. ફકત આપને પુત્રનું દુઃખ દુર કરવા આટલો ઉપાય યોજ્યો છે પછી જેવી મહારાજાની મરજી.

સિધરાજ—તે રાજપુત્રી છે એવી પકિક ખાત્રી હોય અને મારો રાજ્યમહેલ દીપાવે એવી હોય તો મને કાંઇ વાંધો નથી. (પ્રધાનજી પ્રત્યે) કેમ આમાં તમારી શું શલાહ છે ?

સચીવજી—મહારાજની મરજી આડે હું આવતો નથી. જેમ શ્રેય થાય તેમ કરવું યોગ્ય છે.

સિધરાજ—અતિ ખુશીથી જાઓ. સિધાઓ અને સતકામ કરી પાછા સત્વર પધારો (ખજાનચી પ્રત્યે) ખજાનચી એમને વાટ ખરચ સારૂ માગે તે આપજો.

ખજાનચી—(નમન કરી) જેવી મહારાજાની આજ્ઞા.

બંને બારોટ—હવે અમને રજા છે અન્નદાતા !

સિધરાજ—હા પધારો.

વિદુષક—(એક બાજુ જઇ ધીમેથી)

જુઓ રાજાનો કેવો ધારો, અનેક છતાં પણ લાવે નારો;
બજારનું જેમ ગણી વસાણું, રચે અનિતી તણું ઠેકાણું.

સિધ્ધરાજ—સચીવજી ! સમય ઘણો થયો છે અને મંદીર જવાનો પણ વખત થયો છે માટે કચેરી બરખાસ્ત કરો.

સચીવજી—જેવી શિરછત્રની આજ્ઞા. (ચોપદાર પ્રત્યે) કચેરી બરખાસ કરો.

ચોપદાર—કચેરી બરખાસ. (મહારાજા આસનથી નીચે ઉતરી ચાલવા માંડે તેની પછવાડે બીજા માણસો ચાલે છે મા'રાજાની આગળ ચોપદાર નેકી જતાં જતાં પોકારે છે.)
આસ્તે કદમ મુલાકાતસે કદમ આજુસે બાજુસે નિધા રખિઓ મહેરબાન. મહારાજકી સવારી આતી હય.

પ્રવેશ ૩ જો.

સ્થળ જુનાગઢમાં હડમતનું ઘર.

પાત્ર—હડમત રાણકદેવી ગુજરાતનાં બે ભાટ ભોળા પટેલ અને પાછળથી દેશળ તથા વિશળ.

હડમત માચા ઉપર બેઠો બેઠો હુકો ગગડાવે છે એવામાં ગુજરાતના બે ભાટ આવે છે.)

બંને બારોટો—હડમત બાપુને ઘણી ખમા. કેમ ખુશીમાંતો ખરાને !

હડમત—હા ભાઇ; છુંતો ખુશીમાં. તમે કોણ છો અને કેમ આવ્યા છો ?

રાયમલ—હડમત ભાઇ ! અમે ગુર્જરપતિના બારોટ છીએ અને કાંઇ જરૂરીયાતના કારણસર તમારે ત્યાં આવવું થયું છે. જો અમારૂં કાર્ય કરશો તો સારી પેઠે ઘર ભરશો. અને બધી વાતે ઠરશો. તેમ અમારૂં પણ નશીબ ખુલશે.

હડમત—(રાણકદેવી પ્રત્યે) બાપુ રાણક ! આહી આવજે.

રાણકદેવી—(અંદરથી) એ આવી બાપુ. (બહાર આવી) કેમ બાપુ ! મને શા માટે બોલાવી.

હડમત—જે આ ગુજરાતથી બારોટ આવેલા છે તેમને મા આ પાથરી આપ. અને ઘડો અજવાળી ચોખું પાણી ભરી આંહી મુકીજા. અને તેમને માટે રોટલાનું તારી માને કહેજે.

ગીરધર—હડમતભાઇ ! કાંઈ તસ્તી લેશો નહીં. અમો તો ખાઇને આવ્યા છીએ. તમારૂંજ ખાઇએ છીએ ને ! અમારૂં કાર્ય થયું એટલે અમને જમ્યાથી પણ વધારે છે.

હડમત—તેતો ઠીક છે. પણ રોટલા ખાધા વિના તે ચાલે? મારા સમ હવે એ વિશે કદી બોલો તો. (રાણકદેવી ઉભી રહી છે તેને) જા બા. અને તેમના ઘોડાનો ચાર પાણીનો પણ બંદોબસ કરજે હો બેટા !

રાણકદેવી—બહુ સારૂ બાપુ ! (ખાટલા બીછાવી જાય છે અને પાણીનો ઘડો લાવી મુકી જાય છે.)

રાયમલ—છોકરી તો તમારી બહુ હુશિયાર જણાય છે હો!

હડમત—હાં ઠીક છે. (બારોટના હુકાની ધુણીની સુગંધ આવવાથી) બારોટજી તમે કયાંની તમાકુ પીઓ છો ?

રાયમલ—હડમત બાપા ? અમારા ગુજરાતમાં આવેલા નડીઆદ ગામની.

હડમત- કેવી મીઠીને મધુરી આવે છે ? તમારા દેશમાં તો તમાકુ બહુ હારી થતી જણાયસેને ? !

રાયમલ—હા હડમતભાઇ ! તમાકુ તો શું પણ બધી ચીજ ઉત્તમ થાય છે. જમીન એવી તો રશાળ છે ; કે જેમાં કાચું સોનું પાકે છે. જાણે લંકાની બીજી બહેન ! એ રશાળ જમીનને લીધે એટલો બધો પાક ઉતરે છે કે જેથી અમારા ધણી ને બે હદ ઉપજ થાય છે.

હડમત—(અચંબો પામી) અહં ! એમકે ! જેની રૈયત આટલો ઠાઠ રાખે તેના રાજમાં શું મણા હોય ! લ્યો હવે તમારા ઘોડા પરથી સરંજામ ઉતારી નાંખો એટલે તેના ઘાસ ચારાનો બંદોબસ્ત કરાવું.

ગીરધર—હડમતભાઇ ! તમો તો અમારા માટે બહુ તસ્તી લ્યો છો ! પણ અમારૂં કાર્ય સધાયુ તો અમારી ને તમારી મહેનત સફળ. (રાયમલ પ્રત્યે) રાયમલભાઇ ! લ્યો ત્યારે હું ઘોડા

ઉપરથી સરંજામ ઉતારી નાખુ એટલે તેઓ જરા શ્વાસ પાણી લઇ આરામ લે. (જાય છે. રાણકદેવી પ્રત્યે)

હડમત—બેન રાણક ! ઘોડાના ઘાસ ચારા માટે કાંઇ બં- દોબસ્ત કર્યો ?

રાણકદેવી—(અંદરથી) હા બાપુ ! હમણા તેઓ આંહી નાખવા આવશે.

હડમત—બે ડોલમાં પાણી ભરી ઘોડાને મુકી જા બેટા.

રાણકદેવી—(અંદરથી) એ સારૂ બાપુ. બે ડોલ પાણી ભરી લાવી. ઘોડા આગળ મુકવા જાય છે તેને ફરી નીહળી)

રાયમલ—હડમત ભાઇ ! આ તમારી પુત્રી છે કે ? અને તેને કાંઇ વરાવી છે કે ?

હડમત—હા ભાઇ ! તે મારી પુત્રી છે. એને હજી કાંઇ વરાવી નથી. પણ તેના માટે વરની શોધમાં છું. (ગીરધર પ્રવેશ કરે છે.)

રાયમલ—ક્યાં વરાવસો ?

હડમત—અમારી ન્યાતમાંજ તો. બીજે ક્યાં વરાવીએ. ના- તના છોરૂ ન્યાતમાંજ વરે. અમારીન્યાતમાં જે બે ચાર સારાં ઘરાં છે. ત્યાં કહેવરાવ્યું છે. પછી જે થાય તે ખરૂ. બાઇના નશીબ બાઈ પાસે માબાપ તો ફકત દલાલ છે.

ગીરધર—હડમત ભાઇ તમે કહ્યું એ તો જાણે ઠીક પણ તમારી ન્યાત શીવાય બીજે તમારાથી ના દેવાય ? આવી સુંદર કન્યાને મહા મહેનતમાં નાંખવી એતો મને યોગ્ય લાગતું નથી.

હડમત—વાહ બારોટજી ? તમો ચતુર અને સમજુ થઇઆ શું બોલ્યા ? ન્યાત મુકી બીજે તે દેવાતી હશે ? ન્યાતનાં છોકરાં ન્યાતમાંજ વરે. (એવામાં ભોળા પટેલ આવે છે તેને ઉભો થઇ રામ રામ ! આવો ભોળા ભાઇ ! આજ ઘણે દહાડે ગરીબનું ઘર પાવન કર્યું બેસો આ માંચા ઉપર.

ભોળા પટેલ—(માંચા ઉપર બેશી) કાંઇ નહીં. હું તો સેજ આવ્યા હતો. આ રસ્તેથી જતો હતો તે વિચાર્યું કે લાવ હડમત ને મળતો તો જાઉં. હવે પેલાનું શું કર્યું

હડમત—હું એજ તજવીજમાં છું. મારી રાણુકનું કાંઇ ચો- કડું બેસે એટલે તમારો નીકાલ કરી નાંખુ. ફીકર કરશો નહી. હવે થયા તેટલા દહાડા નહી થાય. આટલા દીવશ રહ્યા તો હવે થોડા દીવસ મહેરબાની કરશો.

ભોળા પટેલ—હડમત ! આ બારોટ કયાંથી આવે છે ?

ગીરધર—પટેલ બાપા, અમો ગુજરાતના મહારાજ સિધ- રાજના દશોદી ભાટ છીએ. આ તરફ સેજ કાંઇ રાજના કાજ સારૂ આવેલા છીએ.

ભોળા પટેલ—(આશ્ચર્યતાથી) અહં એમ કે ! હડમત પ્રત્યે) હડમત હવે તારી છોકરી થઇ છે તો મોટી હવે ઢીલ કરે તે સારૂં નહીં.

હડમત—શું કરૂં બાપા ! ઘર છે ત્યાં વર નથી. અને વર છે ત્યાં ઘર નથી. બે ચાર ઠેકાણે તજવીજ કરી છે. પછી જે બ- ને તે ખરૂં;

રાયમલ—પટેલ બાપા ! હડમતભાઇ, છોકરી ને પોતાની ન્યાતમાં નહીં દેતાં બીજે દેતો કાંઈ હરકત ખરી કે ?

ભોળા પટેલ—હરકત તો શું. પણ કુંભાર ભાઇની છોકરી કોણ લે. ઉંચ નાતી વાળા શું શુદ્રની કન્યા લે ખરા કે ? એતો ન્યાતના છોકરાં ન્યાતમાંજ અપાય. પર ન્યાતમાં દેવાય કે ?

ગીરધર—એમ બનવું મુસ્કેલ પણ કદાચ કોઇ ઉંચી નાત વાળા કન્યા લેવા ચાહે તો હડમતભાઇ આપે ખરા કે ?

ભોળા પટેલ—(જરા વિચારી) મને તો નથી લાગતું કે કોઇ ઉચી ગનાતવાળો કુંભારની છોકરીને પરણે. પણ છોકરીને સુખ મળતું હોય તો હડમતને શું વાંધો છે.

હડમત—(જરા ભવાં ચડાવી) બાપા તમે સમજુ થઇ આ શું બોલ્યા ? ન્યાત મુકીને તે બીજે દેવાતી હશે ? શું અ- મને ન્યાતમાંથી એ ટાળવા છે કે શું ? જાઓ મારા સાહેબ ! સુખ મળે કે દુઃખ મળે એતો બાઇના નશીબની વાત. બીજે દઇ શું અમારો આખો ભવ બાળવો છે ? ન્યાતથી અલગ રહેવું ને મ- રવું એ બરાબર છે. શું તમારે મારા કપાળમાં મેંશનો ચાંલો કરાવવો છે ?

ભોળાપટેલ—અરે એશ એશ નાતવાળા ! જોઇ તારી નાત જોને તારી નાતવાળા રામલાએ શું કર્યું ? જેઠીઓ શા માટે નાત બહાર થયો ? મગનીઆનું લાણું કેમ બંધ કર્યું મુરખ, નરો મુ રખા નિચી જાતીમાં આપીએ તો લાંછન પણુ ઉંચી નાતમાં છો કરીને આપવામાં કાંઇ અડચણુ નથી. (બારોટ પ્રેત્યે) છે કાંઇ તમારી ધ્યાનમાં?

રાયમલ—હડમતભાઇની મરજી હોયતો હાલને હાલ રૂપીઆ ને શ્રીફળ લે પછી કાંઇ?

ભોળાપટેલ—બારોટજી તેતો ખરૂ પણુ તેની નાત જાત નામ ઠામ ઠેકાણું જણુાવશો કે એમજ.

રાયમલ—રસાળ પ્રદેશ કે જ્યાં કાચુ સોનું પાકે જે એવા મોટા રાજ્યનો ધણી રિદ્ધિ ,સિદ્ધિથી ભરપુર શત્રુઓને હંફાવનાર ત્રિધરાજ મહારાજ છે. બોલો શી મરજી છે?

હડમત—ના બાપાના મારેતો મારી દીકરી નાત શીવાય કંઇ આપવી નથી. પટેલ બાપા કાંઇ પંચાત કરશોમાં.

ભોળાપટેલ—બહુ ડાયલો દેખું. લખમી ચાંલલો કરવા આવીતો માંઢું ધોવા જાય છે (બારોટ પ્રત્યે) લાવો બારોટજી રૂપીઓ ને નાળીઅર (બારોટ રૂપીઓને નાળીઅર પટેલના હાથમાં આપે છે પટેલ લઇ હડમતને આપવા જાય છે એટલે)

હડમત—ના બાપા ના. આ શું કરો છો ? શું મને આંહીથીએ નહાડી મુકવો છે ? મારે એ કબુલ નથી. (ઘણી રકજક કરી રૂપીઓને નાળીએર આપતાં આપતાં)

ભોળા પટેલ—લ્યો હવે લ્યો, માન મુકો. હડમત ભાઈ ! છોકરી તો રાણી થવાની, પણુ તમે તો રાજાના સસરા થવાના હો !! અમારા ઉપર જરા મહેરબાની રાખજો યાર ! બેવકા ના થતા.

હડમત—પટેલ બાપા ભેંસ ભાગોળે ને ઘેર ઝઘડો. આમ વળગી પડવાનું શું કરો છો ? મારાથી તો મોટા રાજાને ન દેવાય. વળી મારી એકની એક દીકરી, આંધળાની આંખ, તેને પરદેશ કાઢી શું કરીએ ? મોટાને ઘેર દીધી કે દીકરીના મોં જોવાનાએ સાંસાં તેમાં વળી અમે કુંભારભાઇ, તે એવા મોટે ઠેકાણે અમારો ઘડો કરે. શું દીકરી ને લાજ એ ખોઇએ. હું તો મારે આજ ગા-

મમાં કોઈ સારે ઠેકાણે દઇ મારી આંખો ટાઢી કરીશ. મારી દીક-
રી મારી છાતી આગળ તો ખરી. (માથુ ધુણાવતો રૂપીઆ નાળી
એર પાછું ઠેલી) અદ્ધ એ વાતતો નહી બને.

ગીરધર હડમત ભાઇ ! તમે ભુલો છો હો ! આવું ઠેકાણુ
માગો તોએ ન મળે. તમારી મરજી હોય તો તમારી દીકરીનું મોં
જોવાશે એવો બંદોબસ કરી આપીશું પછી કાંઇ ? કેમ પટેલ કાંઇ
બોલતા નથી ?

ભોળા પટેલ—(હડમત પ્રત્યે) ત્યારે પછી શું છે. આવે
લું માગુ પાછુ ન ઠેલવું. પછી તારી મરજી.

અમથી—(આવી હડમત પ્રત્યે) રાણુકના બાપા ! ખાવા
નું તૈયાર થયું છે ચાલો જલદી.

હડમત—(કુંભારણને) કેમ ! સાંભળે છે કે, ગુજરાતથી
આપણી રાણુકનું માગુ કરવા આવેલા છે. રાજાને ઘણી રાણીઓ
છતાં પુત્ર નહી હોવાથી ફરી પરણવા વિચાર કર્યો છે.

અમથી—(લહેકો કરી) નારે મોરા બાપ એમ તે ચેમ થા
ય ! તમારી અકલ બળી ગઇ છે કે હું ? ન્યાત મુકીને બીજે તે
અપાય ? ન્યાતમાં રહેવું છે કે નહી ? ન્યાત તો માબાપ છે ઘણી
રાણીઓમાં દઇ મારી રાણુકને દુઃખી કરવી છે કે શું ? રાજાને
દેવી હતી તો કચ્છ છોડયું શા માટે ?

રાયમલ—(કુંભારણ પ્રત્યે) બાઇ તમે આંકળાં ન થાઓ
વિચાર કરો. બઇરાં મત જવાઘો. તમારી રાણુક સુખી થસે તેવું
કરીશું પછી કાંઇ ?

અમથી—ન્યાત છોડી અમારાથી તો ના અપાય. શું ન્યાત
માં તથા સગાંવાહલામાં નાક કપાવવું છે ?

ભોળા પટેલ—ન્યાત જાત શું આપણા ઘરમાં ઓરવા આ
વે એમ છે ? ઘરમાં હશે તો ખાશો, ને લોકમાં પુછાશો. માટે વિ-
ચાર ન કરો ને આ રૂપિઓને નાળીએર લ્યો.

અમથી—રાણુકના બાપુની શી મરજી છે ? તેમની મરજી
હશે તો મારાથી આડે અવાય એમ છે ?

ભોળા પટેલ—વળી આંહી તમોને કોણ ઓળખે છે, માટ
કરો કેસરીઆં.

હડમત—સારૂ ત્યારે. અમારા ભોળા પટેલની મરજી છે તે લાવો રૂપિયો ને નાળીએર (ભોળા પટેલ આપે છે તે લઇ.) ચાલો ખાવાનું ટાઢું થઇ જાય છે.

બંને બારોટ—હાં ચાલો, (ઉભા થાય છે,)

ભોળા પટેલ—(ઉભા થઇ) હડમત હું પણ જાઉં છું હો રામ રામ,

હડમત—(બે હાથ ઉંચા કરી) હા બાપા રામ રામ. વળી કોઇ વખત આ તરફ આવવાની કૃપા કરજો.

ભોળા પટેલ—બહુ સારૂ. (એમ કહી એક બીજાને રામ રામ કરી છુટા પડે છે. પટેલ તેમને ઘેર જાય છે અને હડમત તથા બારોટ વીગેરે ઘરમાં જાય છે. ઘોડા પાણી પીએ છે પાસે રાણુક ઉભી છે એવામાં તે રસ્તેથી દેશળ તથા વિશળ વાતો કરતા કરતા નીકળે છે. રાણુકદેવીનું રૂપ જોઈ એકદમ દેશળ ખચકાય છે. આખું શરીર અવલોકીને.

દેશળ—(મનમાં) આતે અપ્સરા રંભા કે ઉર્વશી ? ! ! કે કોઇ દેવ કન્યા ? કે શું નાગ પુત્રી ? ! ! ઓહો શું સ્વરૂપ ? ઇંદ્રાણીજ ઉભી ન હોય ? લક્ષ્મીની સુંદરતા ભુલાવે એવું વદન ! શું બ્રહ્માએ નવરાશની વેળાએ ઘાટ ઘડયો હશે ? વાહ કેવી નાજુકતા ? !

વિશળ—(દેશળને સ્તબ્ધ ઉભેલો જોઇ) કેમ ખમચાયા ? કાંઇ થયું કે શું ! (દેશળે જવાબ નહી આપવાથી) કેમ ભાઇ બોલતા નથી ? શું વિચારમાં પડ્યા છો ?

દેશળ—(વિશળનો સ્વર સાંભળવાથી શુદ્ધીમાં આવી) ભાઇ વિશળ, જોતો ખરો આ મનહર સુરતી ! તેની સુરત જોતાંનેજ મારૂં ચિત ચસકી ગયું.

વિશળ—(રાણુકદેવી તરફ દ્રષ્ટી કરી) છે તો કોઇ દેવાંગના જેવી. પણ જે ચીજની આપણે જરૂર નહીં તેમાં શા માટે ચિત ચોટાડવું જોઇએ.

દેશળ—તું ભુલે છે કેમ ? આપણા મામાને કયાં અગત નથી ?

વિશાળ—હા હા એ વાત ખરી પણ તે નીચ વર્ણની કન્યા ને મામા કેમ ગ્રહણ કરશે ?

દેશળ—મને તો કોઇ ઉત્તમ કુળની કન્યા હોય એમ લાગે છે. ચાલો તેની તજવીજ કરીએ. ને જો ઉત્તમ કુળની કન્યા ઠરે તો મામાને શિકારને બાને અત્રે લાવી આ મનહર કન્યાનું મુખડુ બતલાવીએ. કેમ ઠીક કેની ? !

દેશળ—આહા ! એ વાત બરાબર ભાઇ. ચાલો ત્યારે સત્વર (બંન્ને જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—જુનાગઢમાં રાહખેંગારની કચેરી.

પાત્ર—રાહખેંગાર, પ્રધાન, છડીદાર, અને દેશળ, વિશળ, વિગેરે.

રાહખેંગાર—પિતાજી આ કોપ તમે શો કર્યો એ રાહ
અહો શાણા સુણો સચિવજી તમે;
ખુશીથી ઉત્તર આપો પુછિએ અમે,
પ્રજા પામે સુખ ન્યાય કેવે પ્રકાર;
હુન્નર કેમ ચાલે, કહો આણીવાર.
પામે બાળકો કેવી રીતે અભ્યાસ;
કેવી ચાલે ચર્ચા, અમારી ચોપાસ.
સુણાવો તમે સર્વ, પ્રીતે કરી;
સુણી સુખ સાતાએ, બેસું ઠરી.

પ્રધાન—ઇંદ્ર સભાની ગજલની રાહ,
સાંભળો નામદાર આજ, વિનતી ઉરધારી;
સુખ શાંતિ સર્વ સ્થળે, કહું છું વિચારી.
સર્વ પ્રજા સુખમાં, પ્રવર્તે છે મહારાજ;
કારિગરો બનાવે ખાંતે, હમેશ નવિન કાજ;
વિદ્યા દેવી મગનમાં, માલે છે લોકમાં;
ન્યાય અદલ પામી, નથિ રહેતા શોકમાં.

રાહખેંગાર—સાબાશ ! સાબાશ ! પ્રધાનજી ! તમે બહુ

મારી શેવા બજાવો છો. હજુ સુધી દેશળજી કેમ આવ્યા નથી !

(છડીદાર પ્રવેશ કરી નમીને)

છડીદાર—મહારાજ ! દેશળજી તથા વિશળજી પધારેલા છે, ને તે પ્રવેશ કરવાની આજ્ઞા માગે છે.

રાહખેંગાર—(સ્મીત ચહેરે) મુર્ખાઓ છે મુર્ખા એમને વળી રજા શી જોઇતી હતી ? એતો આપણા છોરૂં છે. જા જા ઝટ પ્રવેશ કરાવ.

પ્રધાન—એતો રાજનીતિ છે મહારાજ ! કે રાજાની આજ્ઞા વિના જે કાંઇ કરવું તે મહા દુઃખદાઇ છે. (દેશળ તથા વિશળ આવી નમન કરે છે)

રાહખેંગાર—(દેશળ તથા વિશળ પ્રત્યે) કેમ આજ બંન્ને ભાઇ કયાં હતા તે મોડા આવ્યા ?

દેશળ—મામા જરા રાજના કાજ માટે મજેવડી ગયા હતા તેથી આજે કચેરીમાં આવતા વાર થઇ.

રાહખેંગાર—તમો રાજ ઉપર ઘણી કાળજી રાખો છો તે જોઈ હુ તમારા ઉપર ઘણો પ્રસન્ન થયો છું.

વિશળ—મામા સાહેબ ! અમો તો અમારી ફરજ બજાવીએ છીએ. કાંઇ પાડ કરતા નથી. આપણું લુણ ખાવું એટલું તો હક કરવું ?

પ્રધાન—વ્યાજબી છે. સુપુત્રનાં એજ લક્ષણ છે.

રાહખેંગાર—દેશળજી ! શિકારે ગયાને ઘણા દીવસ થયા છે માટે આજે શિકારે જવા વિચાર છે. તમારી શું મરજી છે ?

દેશળ—સેવક હાજર છે. હુકમનીજ વાર છે. (મનમાં) ઠીક થયું. જોઇતું તું ને વઇદે કરયું. મારે મુખે કહેવાની જરૂર ના પડી. હવે કામ ફતેહ !

રાહખેંગાર—ત્યારે તમો બંન્ને ભાઇ તૈયાર થઇ મજેવડીના દરવાજે આવો. હુ મહેલમાં જઇ સત્વર આવું છું (પ્રધાનપ્રત્યે) પ્રધાનજી કચેરી બરખાસ કરો.

પ્રધાનજી—બહુ સારૂ કૃપાધિરાજ ! (છડીદાર પ્રત્યે) છડીદાર કચેરી બરખાસ કરો.

પ્રવેશ ૫ મો.

સ્થળ મજેવડીની પાદરનું તળાવ.

પાત્ર—રાણકદેવી અને તેની સખિઓ પાછળથી રાહએંગાર તથા દેશળ અને વિશળ.

(રાણકદેવી કેટલીક સાહેલીઓની સાથે તળાવે પાણી ભરવા આવે છે. કેટલીક સાહેલીઓ તળાવમાંથી પાણી ભરવા જાય છે તેને

રાણકદેવી—અલી બેનો ! આમ ઉતાવળ શું કરો છો ? આવો કાંઈક બે ઘડી ગમત ઉડાવીએ.

જમની—ના બેન ! મારાથી તો વધારે વાર ખોટી નહી થવાય ! હું તો ઘરમાં ઘણું કામ મુકીને આવી છું વાર થાય તો મારી મા લડે

ગોમતી—(રાણક પ્રત્યે) એતો બા તને બધુ પાલવે છે તારે કોઇની ! બીક ! જરા મોડી જાઉતો મારી સાસુ ઘરમાંજ ન પેસવા દે.

ગંગા—ઓહો ! ! ઘણે દહાડે મળિયો તોએ ઉતાવળની ઉતાવળ ! આંહી તે કયાં કલાક બે કલાક ખોટી થવાતું છે ? આ શરે પા કલાક

ગોમતી—(લહેકો કરતી) હોવે હોવે તારે બંધુએ ઠીક છે કયાં તારે કોઇના હુકમમાં રહેવું છે તે ધીકર હોય ધણી ઘર સાચવે ને બઇયર બહાર રખડે. બા અમારે તો ન પાલવે.

ગંગા—(ભવાં ચડાવી.) હવે તમે શાણી સિતા છો તે અમે જાણીએ છીએ. પોતાના પગ તળે બળતું કોઇ જુવે છે ? પારકી પંચાત સોને આવડે છે.

રાણકદેવી—બેનો લડો છો શું કામ ? તમારી મરજી હોય તો બે ઘડી ગમત કરીએ, વધારે ખોટી નહીં થઇએ. ફકત એક ગીત ગાઇ લઇએ એટલે બસ.

ગંગા—રાણકદેવી બેન ! લડે છે કોણ ? પણ જ્યારે એને એટલું કહ્યું, ત્યારે મારે બોલવું પડયું.

જમની—હશે. હવે બધું જવા દ્યો. નાહક વધારે ખોટી થઇએ છીએ. રાણુક બેનની મરજી છે તો એ ઘડી આનંદ મેળવીએ

રાણુકદેવી—લ્યો ત્યારે હું એક ગીત ગાઉં ને તમે બધા ઉપાડો.

સર્વે—બહુ સારૂ બોલો ત્યારે.

રાણુકદેવી—પણ શા વિષયનું ગાઇશું ?

જમની- તમને પસંદ પડે તે ગવરાવો.

ગંગા—(રાણુકદેવી પ્રત્યે) ખરૂ કહે છે રાણુકબા !

રાણુકદેવી—આજ તો જળદેવનું સ્તવન કરીએ તો ઠીક !

સર્વ-જેવી તમારી મરજી.

(રાણુકદેવી ગરબો ગવરાવે છે ને બીજી બધી છોડીઓ ઝીલેછે.

રાણુકદેવી— **ગરબો.**

આવો સાહેલી, જળ મહીમા વરણુવિએ;
જે છે જગતનો આધારજો. આવો.
જળવિણ નહીં કો જગમાં થાયે
જળથી સકલ વસ્તુ જગમાં બંધાયે
જળથી જીવે છે જગમાં સંધાયે,
જળ છે જગતમાં સરદારજો. આવો.

સાખી-જળ વિણ નહીં કો રહી શકે, જળ છે લક્ષ્મી સ્થાન;
જળ જળ કરતા કંઇ ગયા, સુરા સમરથવાન.
એ માટે જુગતે જળ પૂજન, કરવું પ્રીતથીરે લોલ;
વાવરવું જળ ઘુરતની પેઠે, ઘરમાં યુક્તિથી લોલ. આવો.

સાખી-કરે પાવન અપવિત્રને, વિવ્હળને કરે શાંત;
ક્રોધ ભુત તેથી સમે, ટાળે કાળની ભ્રાંત.
છે દેવમાં અધિક દેવ એની, પ્રખ્યાતી છે જેની,
પરમ છે પવિત્રતારે લોલ;
એવા દેવને નમિએ વારંવાર, હરખથી અપાર,
આનંદે ગુણ ગાવતાંરે લોલ. આવો.

(ગરબો ગાઈ રહ્યા પછી) ચાલો બેનો ! જળ ભરી આપણે હવે ઘર ભણી સત્વર સિધાવીએ.

સર્વે—હાં ચાલો (સર્વે તળાવમાંથી જળ ભરે છે, એવામાંથી તે સ્થળે રાહખેંગાર તથા દેશળ અને વિશળ આવે છે. છોકરીઓ જળ ભરી ભરી ચાલવા માંડે છે. રાણકદેવીની દ્રષ્ટી રાહખેંગાર ઉપર પડે છે બન્નેની દ્રષ્ટી એક થતાં બંન્નેને મોહબાણ વાગે છે.)

દેશળ—(રાહખેંગાર પ્રત્યે) જોયું મામા ! આ છેવટે છોકરી ગઈ તેનો તનમનાટ ! છે તો ગરીબની છોકરી ! પણ રૂપ રંગ અને રીત ભાતમાં તથા વાકય ચાતુરી દાનાની પુત્રી જેવી જણાય છે.

રાહખેંગાર—છેતો કોઇ કામ મુરતી ! પણ તે કોની પુત્રી છે ને કયાં રહે છે તે કાંઇ જાણો છો ?

દેશળ—(મનમાં) મામા, તે છોકરીને જોતા વેંતજ તેની મોહ જાળમાં ફસાઇ ગયા લાગે છે. ઠીક થયું. મહેનત સફળ (ચાસન) હા. મામા ! તે હડમત નામના કુંભારની પુત્રી, અને તે આ મજેવડી ગામના ચોરાથી થોડેક દુર રહે છે.

રાહખેંગાર—છોકરી છે તો રાજદરબાર લાયક. પણ ફક્ત એકજ હરકત આડે આવે છે.

વિશળ--મામા સાહેબ ! આપની હરકત મારા સમજવામાં આવી. પણ મોતીતો દરીઆના ખારા પાણીમાંથીજ મળે છે. અને રત્નો માટીમાંથીજ જડે છે.

રાહખેંગાર--એમ છે તો ચાલો ગામમાં તેનો બંદોબસ્ત કરીએ.

દેશળ--પણ છોકરીની મરજી નહીં હોય તો !

રાહખેંગાર—એતો બધું થઈ રહેશે.

બંન્નેભાઈ—ઠીક ત્યારે સર્વ જાય છે.

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ-હજામતનું ઘર.

પાત્ર—રાણુકદેવી, ચોરાનો શીપાઈ અને હજામત વીગેરે

રાણુકદેવી—(એકલી) અહાહા ! ! શું તેમની પ્રેમ દ્રષ્ટી અને નયન બાણુનો માર. તેજ વખતેજ મારી શુદ્ધ સાન જતી રહી હતી. પણુ સાહેલીઓની સોબતની શરમમાંજ હું અતરે આવવા પામી. પ્રેમ પટેજ મને તે વખતે જાણે ન રોકી હોય ? શું સ્વરૂપ ! અને શું કાંતી ! જાણે મહાદેવને છળ કરીને કામદેવ અતરે દોડી ન આવ્યો હોય ! શું તેમની છટા ! ઇંદ્રને પણુ હઠાવે તેવું રૂપ ! કેવી મનોહર કાંતી ! અહાહા ! ! ધન્ય ભાગ્ય તે નારીના કે જેનો કર સ્પર્શ થવા ભાગ્યશાળી થયો. (જરા વિચારીને અરર ! હું કેવી મુર્ખી ? જે ચીજ મળવાની નહીં તેના ઉપર આટલો બધો મોહ શો ? જારે જીવડા શાને ભુલે છે ? શું આટલી વયે તેઓ કુંવારા હશે ? નાના, તેમને તો કોઇ અલૌલિક અબળાનું ભાગ્ય ઉગાડયું હશે. કદાચ ન ઉગાડ્યું હોય તોયે શું ? કુંગણીનો સ્પર્શ કરવા કેમ ચાશે ? હીરો કાચને કેમ ઇચ્છે ? કંચન અને કથિરની ઐકયતા કેમ થાય ? અરે હું એક કુંભારની કહેવાતી છોકરી સાથે શું વરશે ? નહી. કદી નહીં. આશા ફોગટ નાળીએરીના ફળની આશા નકામી અને મનોવેગ ઘોડાનું દોડવું બંધુ નિરરથક. (ગદ ગદ સ્વરે) અરે હું કેવી હીણુભાગી ? કે જનમતાંજ મા બાપે ફેંકાવી દીધી. અને આંહી પણુ સુખે બેસવા વખત ન આવ્યો ? આ કરતા મુવેલી જન્મી હોત તો વધારે સારૂ. અરે હું રાજકુળમાં ઉત્પન્ન થયેલી અને રાણી થવાને લાયક; તે શું મારો કહેવાતો કુંભાર બાપ મને પોતાની નાતમાં પરણાવી શું કુંભારણુ બનાવશે ? આ કરતાં તો મરવું હજાર દરજ્જે સારૂ. (બોલતાં બોલતાં આંખમાંથી આંસુ ઝરે છે. એવામાં ચોરાનો શીપાઇ

હડમતને બોલાવવા આવે છે તે)

શીપાઇ—હડમત ! હડમત ! (કોઇ નહીં બોલવાથી)ઘરમે કોન હે ? (આંખો લુછતી બહાર આવી.)

રાણકદેવી-કોણ હશે એ એ એ ?

શીપાઈ-હડમત હયે ?

રાણકદેવી-શું કામ છે ? એતો ક્યારના બહાર ગયા છે, તે હવે આવતા હશે.

શીપાઇ—અચ્છા આવે જદ ચોરેમેં જલદી ભેજના. મહારા રાજા સાબ ચોરેમેં આયે હેં સો બુલાતે હય. ભુલીઓ મત.

રાણકદેવી-બહુ સારૂ. (શીપાઇ જાય છે એટલે મન સાથે તર્ક કરે છે.) મારા બાપાનું ચોરામાં શું કામ પડ્યું હશે ? જેઠી ઓ પોતાના કાર્યમાં ન ફાવ્યો તેને તો કાંઈ તરખટ નહીં કર્યું હોય ? જરા વિચારી ના ના. તેનું શું ગજું તે આટલી હીંમત હોડાવે. ત્યારે શું રાજ કુંવરે મને જોઇ છે તેથી તો નહીં બોલાવ્યા હોય ? એમ હોય તો કોણ જાણે ! (વળી વિચાર કરી) ના ના એમ ના હોય. કારણ કે ક્ષત્રિ થઇ કુંભારની કન્યા તે ગ્રહણ કરે ? હશે ત્યારે, ગમે તે હશે. (એવામાં હડમત બહારથી આવે છે તેને) બાપુ, બાપુ, તમને ચોરામાંથી શીપાઇ તેડવા આવ્યો હતો અને કહ્યું છે કે જલદી મોકલજો.

હડમત-શા માટે બોલાવ્યો છે.

રાણકદેવી-તે તો મને કાંઇ નથી કહ્યું

હડમત—લે ત્યારે હું જાઉં છું. તું ઘરમાં જા બાપુ. (હડમત ચોરે જાય છે ને રાણકદેવી ઘરમાં જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ મજેવડીનો ચોરો

પાત્ર—રાહખેંગાર, દેશળ, વિશળ, હડમત, ચોરાનો મેતો શીપાઇ, ગામનો મુખી, મહાજન વિગેરે.

રાંહખેંગાર, દેશળ, વિશળ, ચોરાનો મહેતો, તથા ગામનો મુખી અને શીપાઈ વીગેરે બેઠા છે એવામાં હડમત આવી હાથ જોડી રાજા વીગેરેને નમસ્કાર કરે છે.

હડમત—ખંમા આપુને, કેમ આજ ગરીબની શી ગરજ પડી છે!

મેતો—મહારાજાની મરજી તને ન્યાલ કરવાની છે.

હડમત—(ગભરાઈ) હેં શું છે ? કાંઈ અપરાધ થયો હોંય તો માફ કરજો. અમે તો આપના છોરૂ છીએ અનદાતા.

વિશળ—(હડમત પ્રત્યે) ગભરાઈશ નહીં; ગભરાશ નહીં. હડમત, મહારાજા તારી સાથે સગપણ જોડવા ચાહે છે.

હડમત-(ગભરાતો) હેં ! શું મારી સાથે સગપણ ? અરે આ શું બોલો છો ! કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી ? કયાં મેરૂ ને કયાં એક નાનીશી ટેકરી ? ઘોડાની સાથે ગધેડું શોભે કે? જાઓ મહારા સાહેબ ! ગરીબ માણસની મસ્કરી કરવી તમને છાજે કે ! !

દેશળ—આમ એ બાકળો શું બને છે ? તારૂં ભાગ્ય ખુલ્યું તેની સાથેજ તારા વઈતરાનું દુઃખ ડુલ્યું. શી પરમેશ્વરની ખુબી ! પળવારમાં શું કરે છે. ! નહી ધારેલી અને ચિંતવેલી નહી તેમ સ્વપ્ને પણ નહીં ઈચ્છેલી વસ્તુ એકદમ આવી મળે છે. પરમેશ્વર તુઠે છે ત્યારે એકદમ ઓચિંતોજ તુઠે છે. વાહ હડમત તું ભાગ્યશાળીતો ખરો.

હડમત-આ બધું ! તમે જે બોલો છો તેમાં મને તો જરાએ સમજ નથી પડતી. હું તો ઘેર ગધેડાને નીરણ નાખ્યા વિના આ વ્યો છું તેથી બિચારાં ભુખે મરતાં હશે.

દેશળ—ફાડ તારાં ગધેડાં ! ગધેડાં ગધેડાં શું કરે છે ? ગધેડાં મરશે તો મહારાજ સોનાનાં કરાવી આપશે પછી કાંઈ ?

હડમત—જાઓ દેશળભાઈ ! આમ શું બોલો છો ? ગરીબ માણસની આમ તે મસ્કરી હોય !

શાહુખેંગાર-ખરૂં કહે છે દેશળભાઇ ! માનીશ તો આનપાનને માન તેની સાથે ઇકિરામ પણ મળશે અને દારીદ્ર ટળસે.

હડમત—પણ બાપુ ! તમો બધા મને આમ કહો છો તેનો ભેદ મારાથીતો કાંઇ કળાતો નથી.

મહેતો—હડમત ! મહારાજા સાહેબની મરજી તારી દીકરી વેરે પરણવાની છે.

હડમત-(આ સાંભળી સ્તબ્ધ થઇ) હેં ! શું ! ગરીબ કુંભારની દીકરી વેરે ? ! અરે તેતો ક્યારનીએ ગુજરાતની ધણીઆણી થઇ ચુકી. શું મારી રાણકીને એ વર ? ! !

વિશળ—હજુ તેં પરણાવીતો નથીના ! આપણા ધણીને મુકી બીજાને આપવી એ તો ઘેર બ્યાજબી કહેવાય કેમ પટેલ ?

પટેલ...હા ! બાપુ હા. ખરૂં કહો છો. પહેલો આપણો ધણી, પછી બીજો.

હડમત-હવે એ તમારી આશા ફોગટ છે, ગુજરાતની ધણીઆણી હવે સોરઠાણી નહીં થાય.

દેશળ-(સ ક્રોધથી) હેં ! આં શું બોલે છે હડમત ! વિચાર વિચાર ! ! શું પોતાની મીલકત બીજાને લઇ જવા દેશે ? કદાપી તે નહીં બને.

પટેલ--હડમત ! મહારાજાની મરજી સાચવવી જોઇએ લાગતો એ આપણો ધણી છે. તેના આશરા હેઠલ આપણે સુખ ભોગીએ છીએ માટે તારી રાણકને આપી મહારાજાને સુખી કર

વિશળ-ગાંડા ! તારી એકની એક દીકરી એટલે દુર મોકલીશતો તેનું મોં ક્યારે જોવા પામીશ ? મુર્ખા વિચાર કર ! અહીં હશે તો રોજ તેને જોઇ તારી આંખો ટાઢી કરીશ. આખર કુંભાર તે કુંભાર !

હડમત—(સ ક્રોધથી) આહા ! અમે કુંભાર કુંભાર, અમારા બાપદાદા કુંભાર. પણ તમને તો નહી મળે રાણક તલભાર એતો જેની થઇ ચુકી તેનીજ થવાની. હવે તમારી સઘળી આશા નિરાશા છે નિરાશા. મારી રાણકને વરવા વિચાર હતો તો પહેલા

ક્યાં ગયા હતા ? શું મારી દીકરી એક ભવમાં બે ભવ કરશે ? ક્દાપી નહીં બને.

રાહુખેંગાર--કેમ હડમત ! તારી દીકરી આપવાનું શું કહે છે ? ભલો આદમી થા ને આપવાની કહે ઝટ હા. નહીં તો એમાં થી કાંઇ સાર નહી નિકળે.

હડમત--બાપુ ! તમો પ્રજાપાળ થઇ રૈયતની વહુ દીકરી પડાવી લેશો તો અમારૂં કાંઇ જોર છે ? બાકી આ ખોળીઆમાં જીવ છે ત્યાં સુધી તો રાણકની બીલકુલ આશા રાખશોજ નહી.

દેશળ--ક્રોધથી **બેત**

બસ ! બસ ! ભિખારી, સાંભળ મુજ વાત;
લઇ જઇશ તારી પુત્રી, મારીને હું લાત.
સ્રિ રૂપી રત્ન, આ રાજ્યમાંથી જશે ક્યારે;
કે દેશળના ખોળીઆમાંથી, જીવ જશે ત્યારે
નથી જાણતો તું હજી, ક્ષત્રિની ક્ષત્રિ વટ;
પકડયો તેને છોડીએ નહી, રાખી મરતા સુધી હઠ
સિધી રીતે સોંપતું અલ્યા, પુત્રિને તારી;
જબર જસ્તીથી લઇશું, તો ખરાબી થશે તારી.
ખુશીથી આપીશતો, બનાવીશ તને નાલ
થઇશ જો અમ સામો, તો મરીશ વણુ ખુટે કાળ.

વિશાળ--(ક્રોધથી) કેમરે ? મહારાજા જેમ જેમ તારા પર રહેમ નજર રાખે છે તેમ તેમ તું બીનદરકારી ને હાજર જવાબી થતો જાય છે ! સીધી રીતે સમજ ? તારી હઠ મુકી. મહારાજાને પગે લાગી તારી છોકરીને મહારાજાના ચરણમાં સમર્પણ કર.

પટેલ--હડમત ! શું હઠીલો થાય છે ? હઠમાં સાર નહી જડે. હા કહીશ તોએ લેશે ને ના કહીશ તો એ લેશે. માટે સામે પગલે ખુશીથી આપવી એ લાભકારી છે. પછી તો તારી મરજી બા વા ! અમે તો કહેવાના સરોગત.

હડમત--(ગુસ્સાથી) મહારાજા ધણી છે. ચાહે તે કરે. પણ મારા હાથે તો હું મારી દીકરીને કદીપુણ આપનાર નથી.

કદાપી કાળે એબોલો થવાનો નથી. એતો તુખમ ફેરનું કામ છે ! ભલે મારૂં બધુ લુટી લઇ મને પાયમલ કરે, કે મારા ખોળીઆમાંથી પ્રાણ હરે, કે રીબી રીબીને મારે, પણ હડમત એકનો બે થવાનો નથી એ ખચિત સમજવું. હડમત પ્રાણ કરતાં વચનને વધારે સમજે છે. સમજ્યા !

પટેલ—આકળો ન થાઓ ! હડો વિચાર કર. ખાલી હઠ કરી ખરાબી શું કરવા કરે છે ? રાજહઠ આગળ તારી હઠ નકામી છે નકામી ! !

દેશળ—(ક્રોધથી) કેમરે કુંભારડા ! મહારાજાની આગળ બક બક કરતાં જરાએ બીહીતો નથી કેમ ? આ રાજાની ભલાઇનું ફળ ખાટતો હોઇશ ? પણ યાદ રાખ કે તારો બોલ તારા મોહોમાં રાખી અમારૂં કામ અમે નિરવિઘ્ન પણે કરીજ શું. ફકત મહારાજાના હુકમનોજ આડ છે. તારી શું દેન કે તું સોરઠ ધણીને મુકી ગુજરાતના બાયલા રાજાને તારી પુત્રી આપે.

હડમત—(રકત નેત્રે) દેશળભાઇ ! કુભાર આગળ ક્ષત્રિવટ બતાવવાની નથી. રાણકને લેવી હોય તો ગુજરાતના રાજા સાથે લડીને લેજો. બાકી મારાથી તો નહી અપાય મહારાજા રાજના ધણીછે કાંઇ મારા મનના ધણી નથી. જાઓ તમારે થાય તે કરી લ્યો.

રાહખેંગાર—(દેશળ વીગેરે પ્રત્યે) તમે તેને ગભરાવો નહી. (હડમત પ્રત્યે નરમાશથી) જો બાપુ હડમત ! તને ગુજરાતના રાજાએ જે આપવાનું કર્યું હશે તેનાથી અમો કાંઇ વધારે આપી તારૂં મન સંતુષ્ટ કરીશું. અમે તારી દીકરી મફત પડાવી લેવા નથી માગતા. ક્રોડ ઉપાયે તેને અહીથી તો જવા દઇશું નહી, માટે સમજીને માને તો સારૂ.

હડમત—મહારાજા સાહેબ ! મારા વચન આગળ પૈસાને વધારે ગણુતો નથી. પૈસો લુંડી છે લુંડી મહારાજ ! જરી નાકને માટે લોક હજારો રૂપિઆ ઉડાવી દે છે. આપ વિચારી જુઓને ? આટલી મહેનત આપજ શા માટે કરો છો ?

રાહખેંગાર—ભાઇ દેશળ ! આ હઠીલો કુંભાર આપણા હાથે માનવાનો નથી માટે અહિના માહાજનને બોલાવો, તેને સમજાવે.

દેશળ—જેવી મામા સાહેબની આજ્ઞા. (શીપાઇને) જાઓ. અહિના માહાજનને સત્વર બોલાવી લાવો. (શીપાઇ જાય છે અને માહાજન આવી મહારાજાને પ્રણામ કરે છે.)

માહાજન—કેમ ગરીબપરવર ? આજ અમારાપર કાંઇ મોટી મહેરબાની કરી જણાય છેને ? અમને બોલાવવાનું શું પ્રયોજન ?

વિશળ—આ હડમત કુંભારની છોકરીની મહારાજા માગણી કરે છે, પણ તેને આપવા ઘણું સમજાવતાં સમજતો નથી માટે તમોને તેડાવવા પડયા છે જો કાંઇ તમારાથી સમજેતો.

વિદુષક—શું મહારાજા ક્ષત્રિ થઇ કુંભાર થઇ જવા ઇચ્છે છે ! ત્યારે તો ગરીબપર એક બે ગોળીની કૃપા કરજો ! કારણ કે છાશ વલોવવા માટે બઇઅર રોજ બયડો હલકો કરે છે.

મહાજન—અરે તે કુભારડાના શા ભાર તે મહારાજને છોકરી આપવા ના કહે ! અરે તેના મગદુર શી ? પણ મહારાજ ક્ષત્રિની પુત્રી મુકી કુભારની છોકરીને વરવા ઇચ્છે એ તો અમારી સમજમાં નથી આવતું. શું ક્ષત્રિ પુત્રીઓ પરવારી ગઇ ? અણુગતું કરવું એ યોગ્ય નથી. પછી તો ધણી છે.

મહેતો— નથુશાના કાનમાં) રાજાને ગમી તે રાણી ને છાણા વીણતી આણી તમારે શું કામ છે થવા દીયોને !

નથુશા—(મહેતાના કાનમાં) ઠીક ત્યારે. (ચાસન હડમત પ્રત્યે) જો તમારા કુંભાર ભાઇમાં અક્કલ હોત તો પછી જોઇતુંતું શું ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તો શું કરવા મોં ધોવા જાય છે. (રાજા પ્રત્યે) મહારાજ ? એ તો અકરમીના પડીઆજ કાણાં. કરમમાં કોદરા હોય તો ઘેંસ કયાંથી ખાય ? નિચના નશિબજ હલકાં સમજવાં; નહિ તો તેના મોઆંથી ના નિકળે ? માગ્યું ન મળે સામું આપતું કોણ આવે ? જો આપનો હુકમ હોય તો તેને છેટે લઇ જઇ સમજાવીએ.

રાહખેંગાર—ભલે તેમ કરો. (સઘળું મહાજન હડમતને સમજાવવા એક બાજુ લઇ જાય છે. અને દેશળ તથા વિશળ તથા રાજા વીગેરે બીજી મસલત કરે છે.)

નથુશા—અલ્યા હડમત ! મહારાજાને તારી દીકરી આપવાની ના કેમ કહે છે ! માળા, મુરખ છો મુરખ ! રાજાની રાણી થશે તો

ફુલે પુન્યાઇશ ફુલે! નકામી હઠ કરી શામાટે આપદા વોરી લે છે!

હડમત--તેની કાંઇ મને પરવા નથી. શું મારૂં કરેલ સગપણ તોડી મારા બાપદાદાનું નામ બોળું. માણુસનું તે વચન એક કે બે.

ખીમચંદ—(હાસ્યયુક્ત) ભાળો ઇજતવાળો તો ખરો હો!! (હડમત પ્રત્યે) અરે અક્કલના ભમરડા! તારી અક્કલ અંધારે કેમ વેચે છે? તારૂં કરેલું સગપણુ પડયું રહેશે ને મહારાજાને કન્યા કન્યા આપવી પડશે!

પ્રેમચંદ—અરે એના શા ભાર છે. એ તો મહારાજાની કૃપાદષ્ટિ છે ત્યાં સુધી આમ બોલાય છે. જ્યાં મહારાજા કોપ્યા કે કોની મગદુર છે કે ચેંચું પણ કરી શકે.

રતનજી—ભલા આદમી સીધી રીતે દુધ પીને! વાંકો રહીને મુતર પીવામાં શો માલ! મહારાજ તારૂં માન રાખે છે તો છાપરે શું કરવા ચડે છે. એમને એમ લઇ જશે તો ખાલી હાથ ઘસતો રહીશ. ને લોકમાં ફજેત થઈ ધુળ ફાકતો થઇશ.

હડમત—તમો મહાજન મોટા છો. માબાપ છો, આ શિવાય જે કાંઇ કહેશો તે મારે કબુલ છે પણ આ વાત તો કદાપી કાળે કબુલ કરનાર નથી અબી બોલ્યા ને અબી ફોક એ તો તમારા વાણીઆ ભાઇનું કામ.

પ્રેમચંદ-(ગુસ્સાથી કેમ અલ્યા કુંભારડા! ફાટયો છે કે શું? તું હમારા કરતાં વધારે ડાહ્યો કેમ? (બોલતાં બોલતાં બે ચાર હુંસા મારે છે.)

રતનજી-ગધેડાનું પુંછડુ પકડયું તે મુકવાનો નહીં કે? સાળા તારૂં નશીબજ ફુટેલું ત્યાં અમારો સો ઉપાય! (બોલતાં બોલતાં બે ચાર હુંસા ધાલે છે.)

ખેમચંદ- અરે જવાહયોને ભાઇ માથુ ફોડવું! ભોગ એનાના માનેતો એતો એના શિધરાજ બાપાને આપશે શિધરાજ બાપાને! (હડતતને હુંસા ધાલતો જાય છે ને) લકુંઓ લેજે લકુંઓ? આ તારા બાપને કાચો ના સમજસ, તારૂં બોલ્યું તારી પાસે રહેશે ને તારી દીકરીને સપાટામાં લઇ જશે. કાંઇ સમજ!

નથુશા-માન મ.ન મુરખ ! ના કહી અદેખો શું થાય છે ? તારી દીકરીને મહારાજ ગુજરાતતો નહીંજ જવાદે એતો નકી સ. મજજે. માટે ડાહ્યો થઈ સામે પગલે આપી મહારાજની મહેરબાની મેળવી તારા દુઃખને દુર કર ! વિચાર કર નહીં તો પાછળથી પસ્તાઇશ ને હાથ ઘસતો રહીશ.

હડમત- (ચીરડાઇને) એકવાર કહો અગર હજારવાર કહો. ગમે તેમથતાં પણ મારો વિચાર ફરનાર નથી સમજ્યા ?

નથુશા (ક્રોધા વેશમાં) ભોગ તારા ના સમજેતો ? અમારે કયાં સ્નાન સુતક આવે તેમ છે ? વિનાશ કાળે વિપરીત બુદ્ધિ (મહાજન પ્રત્યે) ચાલો ભાઇઓ ! લાચાર ! બીજો આપણો શો ઉપાય મહારાજાને આ વાત નિવેદન કરીએ.

મહાજન-હાં હાં ચાલો (હડમત સહિત મહારાજાની પાસે પાસે જાય છે એટલે.)

રાહખેંગાર-કેમ શું કરી આવ્યા? સિંહકે શિઆળ?

મહાજન- (નિસ્તેજ વદને) શિઆળ બાપજી ! ઘણું સમજાવ્યા છતાં પણ તેતો ચોખી ના પાડે છે. અમે તો થાકયા હવે આપને જેમ અનુકુળ આવે તેમ કરો.

રાહખેંગાર—(ક્રોધથી લાલચોળ) બની) કેમ લ્યા હડમત ! ગુજરાતના રાજા સાથે સગપણ કરી મસ્ત બની ગયો છું કેમ.! તારી સાથે મારા ધર્મ મુજબ વર્ત્યો, તેનું આ ફળ કે ! બોલ તારી દીકરી આપવી છે કે નહીં ! (હડમત કાંઇ પણ નહીં બોલવાથી) કેમ શું વિચાર કરે છે ! ઝટ ઉત્તર આપ ! જે બોલે તે સારા નરસા ફળનો વિચાર કરીને બોલજે !

હડમત—મહારાજ ! આપ ધણી છો ચાહે તો આ ગરદન ઉડાવી નાંખો અગર મને આ દુનિઆમાંથી પાયમાલ કરો, અથવા રીબી રીબીને મારો, તેમ નહીં તો આપ માગો તો મારૂં શિર આપવા કબુલ છું, તથા મારૂં સર્વસ્વ આપવા આના કાની નથી; પણ કદાપી કાળે મારાથી મારી રાણક નહીં અપાયને નહીં અપાય

રાહખેંગાર- (ક્રોધાતુર થઇ જુસ્સાથી) અહંલેતારે ના આપીશ ! ! સીપાઇ પ્રત્યે સિપાઈ ! કેદકરો આ કુંભારડાને ! શીપાઇ હડમતને બાંધે છે ને દેશળ વિશળ પ્રત્યે તમે બંન્નેભાઇ આ

હરામખોરને ઘેર જઈ તેનું ઘરબાર લુટી તેની સ્ત્રી તથા તેની છો-કરીને કેદ કરી જુનાગઢ મહાજનથી લઈ જાઓ. હું તમારી પાછળ સત્વર આવું છું.

દેશળ તથા વિશળ } જેવો બાબા સાહેબનો હુકમ! (જતાં જતાં હડમત પ્રત્યે લે ખાતો જા હવે! કાઢયો સાર ? જાય છે.)

હડમત—(ગુસ્સાથી) જાઓ જાઓ શિયાળવાં ? ગુજરાતનો સિંહ આવે ખબર પડશે! વાઘને પાંજરે પુરી શું રાજી થાઓ

સિંહ આવે ઉભી પુંછડીએ ના ભાગતા ?

રાહખેંગાર—(હડમતને ગુસ્સાથી) ચુપ (મહાજન પ્રત્યે) સર્વ પધારો હવે, આપને આપેલી તસ્તી માફ કરજો.

મહાજન—કૃપાનાથ ? આપ તો અમારા પિતા તુલ્ય છો! આપનું કામ કરવું એ અમારો ધર્મ છે. એમાં તસ્તી શું ? (પ્ર-ણામ કરી સર્વે પોતાના ઘર તરફ જાય છે)

રાહખેંગાર—(સિપાઇ પ્રત્યે) લઈ ચાલો આ ગધેડાના ગોવાળને!

સિપાઇ—(નમન કરીને) જી તાબેદાર હાજર! (ધકા મા-રતાં મારતાં હડમતને લઇ જતાં) નિકાલ અબ ફાયદા! સિધી રીતે નહીં માના! અબ સિધા હુઆ (જાય છે. રાહખેંગાર, મેતા તથા ગામના મુખીને કાંઈક આપી રવાને થાય છે. મેતો તથા પટેલ ખુ-શી થતા થતા જાય છે.)

અંક ૨ જો

પ્રવેશ ૧ લો.

સ્થળ—જુનાગઢમાં રસ્તો.

પાત્ર—રાહપેંગારની રૈયત તથા ગુજરાતના વાઘરી વીગેરે.

(લગનની ખુશાલીનું જમણ હોવાથી લોકો બની ઠણી અતિ ઉમંગમાં જાય છે.)

સર્વ—લટકે મટકે જાવું લડવા, લડવાની છે મને બહુ હામ—એરાહ.
આજ દીન ઉત્સાહનો માટે, મોઝા માણીએ અપરંપાર;
ખુશી હોયતે સંગ ચલો હમ, જઇએ નરપતિકે દરબાર.

મીયાં—હમ ખાઇગે ચાવલ મિશરી, ઔર પીએંગે ઉપર શરાબ;
પિછે મારીંગે સેલ સપાટે, નહિ રાખિંગે કિશકા રૂવાબ.
વાહ ! કેશી અબ શિરપર મંડીલ, સોટી કેશી અમારે કર;
કશબી જુતીઆં પાંઉમે કેસી, આજ બનેહે બડે અફસર.

૧ લો—મને ભાવે બહુ લાડુ,

૨ જો—બરફી,

૩ જો—દુધપાક પુરી હું તો ખાઉં,

૪ થો—જલેબિ,

૫ મો—શિખંડ,

૬ ઠો—પુરી બાસુદી,

૭ મો—સેવ ખાંડ ખાંતે હું ખાઉં આજ.

(એટલામાં ગુજરાતના વાઘરીઓ વાસણ વેચવા આવે છે.)

૧ વાઘરી—લ્યોરે હાડલાં.

૨ વાઘરી—લ્યોરે તાવડી.

૩ વાઘરી—લ્યોરે મટકાં. (એક મુસલમાન આવી ગુસ્સાથી તેને ધકકો મારે છે તેથી માથા ઉપરના વાસણ પડતાં પડતાં રહી જાય છે.)

મુસલમાન—જલાદે તેરે મટકે સટકે ! આજ કોન તેરા બાપ લેને વાલા હયે ! યે રંગમે ભંગ કયા ! ! ચલા જાઓ ચલા જાઓ.

૧ લો—(મુસલમાન પ્રત્યે) બચારાને ધક્કો માર્યોને ને તેના વાસણ ફુટી ગયાં હોત તો ? એને નુકશાન થાત, તેમાં તમારા હાથમાં શું આ વાંત મિયાં સાહેબ !

મુસલમાન—(૧ લાને ધક્કો મારી) ચલએ ઉલ્લુ ! તેરેકુ ક્યા પંચાત ! ! સુકનમે યે ક્યા ? (તે માણુસ માથું ખજવાળતો ખજવાળતો દૂર જાય છે.)

૨ જો—ઠીક કીધું, મિયાં સાહેબ ! સાળાને વિચાર નહીં કીધો કે મહારાજના લગનકી ધામધુમ ચલ રહી છે ! તેમાં વાસ ણુ કોણ લેવેગા !

૩ જો—ગુજરાતના ગમારજાને ! અકલ હોત તો પોતાની બાયડી બીજાને લઇ જવા દેત ? વિચારોને !

૪ થો—બાયલા, ને હિજડાઓને શું ? આખો દી ગપાં મારવાં, નિંદાઓ કરવી, ભાગ્યા ખોખરાં કરવાં, લડાવવા, જગડાવવા અને લુલા જીભથી લડાઇ કરવી એટલુંજ સમજ્યા છે. કાંઇ દમ બમ ન મળે ! તારી મારી કરતાં ધશી આવે પણ ધોકો પડતાં ધુળ ભેગા. એતે કાંઇ આપણા સોરઠીઆ જોયા ? આપણાતો તડાકા જ જુદા. વાત કરતાં વઢી પડીએ ને ગાળ દેનારનો તો જીવ લઇએ. આપણા સુરાતનને પહોચે એમ છે શું ?

૫ મો—એઓને સુરાતન બળ્યું છેજ કયાં ?

૬ ઠો—હશે એ બધું જવાદઇ એ બાચારાઓને જમાડો તો ખરા ! એઓ શું જાણુશે કે જુનાગઢના જમણુ આવાં થાય છે તે

૪ થો—(વાઘરીઓ પ્રત્યે) હા હાલો મારી સાથે જમવા. એક કોરે બેશીને જમી લેજો.

૧ લો વાઘરી—પણુ, ભાઇ છે શુ ! આટલા બધા ઉછરંગમાં જણાઓ છો તેનું શું કારણુ છે ? કાંઇ આખું ગામ શણુગાર્યું છે ને !

૨ જો—અમારા મહારાજા રાહખેંગાર, ગુજરાતના રાજા વેરે કરેલા સગપણુની કન્યા સાથે પરણુનાર છે. તેની આ ધમાધમ ને ધમાધમ છે.

૨ જો વાઘરી—(આશ્ચર્યતાથી) :શું અમારાં ગુજરાતના થયેલા રાણીને તમારો રાજા પરણે છે ? હરી ! હરી ! ! શું સિંહ સામી બાથ ? ભોરંગ મણીનો દરમાં હાથ ? મચ્છરની હાથીને હ-

રાવવાની હામ ! અરે શા માટે આવું કરી મોતને પોતાને ઘેર બોલાવે છે !

૫ મો—હાલ તો તમો જમવા તો ચાલો. એતો થવાનું હશે તે થશે.

૧ લો વાઘરી—બાળો એ જમવાનાને ! શું અમારાં ધણીનું અપમાન થતું જોઈ અમો મોજ મજા માનીએ ? !

૨ જો વાઘરી—જેને અમારૂં નાક કાપ્યું તેને ત્યાં શું અમે જમીએ ? અરે આ ઓજરામાં આગ કાં નથી લાગતી !

૪ જો વાઘરી—ચાલો ચાલો આ ખબર આપણા ધણીને સત્વર આપીએ.

૬ ઠો—અરે મુરખના સરદારો ! રજક ડેલીને તે જવાતું હશે ? હાલ જમી તો લ્યો પછી કરવાનું હોય તે કરી લેજો.

૨ જો વાઘરી—અંગાર ઉઠો એ જમવામાં ? શું અમને કુતરા જેવા ધાર્યા ? કે લાકડી ખાતાં પાછા તેના ઘરમાં પેશીએ. તમારા કૃત્યથી અમારૂ રગે રગે લોહી ઉછળી રહ્યું છે ને આખા અંગમાં ક્રોધાનલની હોળી પ્રકટી રહી છે. જમવાનું તો શું પણ અત્યારથી તમારા રાજનું પાણી પણ હરામ છે.

૧ લો વાઘરી—હાલ તો ચાહે એટલી મોજ મજા માણી લ્યો પણ જ્યારે તરવારનો ખડખડાટ થશે ત્યારે ખબર પડશે ખબર

૫ મો...(બીજાસથી) હવે જાઓ જાઓ ! તમારાથી થાય તે કરી લેજો. નથી ગુજરાતી જેવા કે વાત કરતામાં ડરી જઇએ ડરી ! અમે તો સોરઠીઆ સોરઠીઆ ? પાકાને પાવરધા.

૨ જો વાઘરી—સારૂં સારૂં ! એતો વખત આવે ખબર પડશે. બહુ ફુલાઓમાં ફુલાઓ !

૪ થો—અરે તમારાથી થવાનું શું છે ! ખાલી પટકારા મારો એટલુંજ એજ !

સર્વ વાઘરી—ઠીક છે ! ઠીક છે ! હાલતો રામ રામ.

સર્વેજણ—રામ બા રામ ? આવજો વહેલા હો ! ! (સર્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—પાટણમાં સિધરાજની કચેરી.

પાત્ર—સિધરાજ, તેનો પ્રધાન, વેત્રધાર, ગુણકા સૈન્યાધીપતી, કોટવાળ, વગેરે અને પાછળથી જુનાગઢ જઇ આવેલા વાઘરીઓ.

સિધરાજ—કેમ પ્રધાનજી ! જાન લઇ જવા વિગેરેનો બંદો બસ્ત કર્યો ? મારા કહેવા પ્રમાણે બધું તૈયાર છે ને !

પ્રધાન—કૃપાધિરાજ ? આપના હુકમ મુજબ સઘળું તૈયાર થઇ ગયું છે. ફકત આપણે આંહીથી વિદાય થવાનીજ વાર છે.

વેત્રધાર—(પ્રવેશ કરી) મુગટ મણી ! વારાંગના પ્રવેશ કરવા આજ્ઞા ચાહે છે ?

સિધરાજ—ઠીક ! વારંગના પ્રવેશ કરે છે નમન કરીને)

વારાંગના...રહો દીન દીનરે પ્રજા પ્યાર એ રાહ.

રહો રહોરે સદા સુખી આપ,
ટાળો પ્રજાના પરિતાપ રહો
ઇંદ્ર સમાન ભુપ, રૂપ છે આપનું;
જપુ હમેશ આપ જાપ. રહો.
વિશુદ્ધ વૃતિથી, રાજ ચલાવી;
દુરજનને મારો થાપ. રહો.

વાઘરીઓ...(અંદરથી) મહારાજનો જય થાઓ જય થાઓ. આપનું અપમાન કરી દુષ્ટે અમારૂં નાક કાપી લીધું છે મા બાપ !

સિધરાજ—(બહાર થતી ગરબડ સાંભળી) બહાર આટલી બધી ગરબડ શાની છે ! (વેત્રધાર જઇ આવીને)

વેત્રધાર—શિરછત્ર કેટલાક વાઘરીઓ આપની સમક્ષ આવવા ચાહે છે તેની આ બધી ગરબડ છે. હુકમ હોય તો આપની સમક્ષ આવવા દઊં.

સિધરાજ—ખુશીની સાથ દાખલ થવા દે. (વેત્રધાર, વાઘરીઓને તેડી લાવે છે. વાઘરીઓ મહારાજને નમન કરી નિસ્તેજ

ચહેરે ઉભા રહે છે. તેથી) અરે તમે બધા શોકાતુર વદને કેમ દીસો છો ? (કોઇ નહી બોલવાથી) કેમ કાંઇ બોલતા નથી ? શું તમને રાજ્ય તરફથી કાંઇ હરકત થાય છે ? કે કોઇ દુષ્ટોએ તમારૂં હીત હરી લીધું છે ? જે હોય તે બેધડક જણાવો. કોઈ વાતનો સંકોચ રાખતા નહી

૧ લો વાઘરી—(માથુ ધુણાવી બહુજ દીલગીરી બતાવી) ઘણું માઠું થયું મહારાજ ! શું કહીએ કહેતાં જરાએ જીભ નથી ઉપડતી અનદાતા.

૨ જો વાઘરી—કેવો છાતી ઘડો કે આપની જરાએ બીક મનમાં ન રાખી ?

૧ લો વાઘરી—આપનું હીત હરી લઇ અમારી આબરૂની હાની કરી છે. ગરીબ નિવાજ !

૨ જો વાઘરી—એ તો એને કાળે ઘેર્યો છે કાળે ! નહીં તો વળી આવું કામ કરે !

સિધરાજ—(અધિરો બની) છે શું ? શા માટે બાંત્રે ભરમે બોલો છો ! મારૂં હીત શું ? તમારી આબરૂની હાની શું ? તમારા ગોટાળાની કાંઇ સમજ પડતી નથી. જે હોય તે ખુલ્લે ખુલ્લું કહો જેથી તેનો સત્વર ઉપાય કરી તમારી ચિંતાને ચટવારમાં ચોળી નાંખુ.

૧ લો વાઘરી—શું કહીએ પ્રજાપાળ ! અમારૂં કપાળ ! કહેતાંજ જીભ ઉપડતી નથી ને. પણ કહયા વિના ચાલે એમ કયાં છે ? (બહુ અફસોસ કરે છે) અરે દુષ્ટ તને આ શું સુજયું !

પ્રધાન—(વાઘરી પ્રત્યે) જે હોય તે ઝટ કહી તમારૂ મન શાંત કરો વધારે વિલંબ કરવો એ યોગ્ય નથી.

૨ જો વાઘરી—શું કહીએ કૃપાનાથ ! (દીલગીરી સાથે) આપની સાથે વરાવેલી કન્યાને જુનાગઢનો રાજા પરણ્યો.

સિધરાજ—(અચરીત થતો) હેં શું ખરૂં કહો છો ? અરે એ વાત બને કેમ ? તેની મગદુર શી કે મારી સાથે વિવાહીત બાળાનું હરણ કરે ? (પ્રધાનજી પ્રત્યે) કેમ પ્રધાનજી આ વાત તમારી ધ્યાનમાં કેમ આવે છે ?

પ્રધાનજી—એ પામરનું એવું ગજું નથી કે આપની સામા બાથ ભીડવા હીમત કરે ! સિંહની ગુફામાં પ્રવેશ કરવો અને મણી ધરની મણી લેવી એ કાંઈ સહેલ નથી.

૨ જો વાઘરી—કૃપાધિરાજ ! અમારી વાતમાં જરાએ સંસય રાખવા જેવું નથી. અમો સઘળુ નજરો નજર જોઇ આવ્યા છીએ.

૨ જો વાઘરી—અમને તે ખુશાલીમાં જમાડવા ઘણો આગ્રહ કર્યો, પણ આપનું લુણ ખાધેલું તે આપને કરેલું અપમાન અમારાથી કેમ સહન થાય બાપજી ! અમો વેચવા ગયેલાં વાસણ પણ ત્યાંજ પડતાં મુકી ભુખ્યા ને તરસ્યા આ માઠા સમાચાર આપને દેવા આવ્યા.

સિધરાજ—(વાઘરીઓની વાત સાંભળી રાહખેંગાર ઉપર ઘણો ગુસ્સે થઇ સરદારો પ્રત્યે)

વિક્રમા તું વેરી મારોરે. એ રાહ.

અરે નિચ હરામી નર, મુર્ખ તેં કામ આ શું કર્યુંરે;
માન ગુમાવીને કેમ બન્યો ખર, મુર્ખ તેં.
ઘાલ્યો ભોરંગ દરમાં હાથ, મુર્ખ તેં.
હવે પહોંચાડીશ જમની સાથ, મુર્ખ તેં.
ગજરાજને પાડો મારે લાત. મુર્ખ તેં.
કેમ કરી રહે બચવાની વાત, મુર્ખ તેં.
કેસરીને સતાવે શું શિયાળ. મુર્ખ તેં.
કહો કેમ નહી આવે તેનો કાળ, મુર્ખ તેં.
ઉઠો સરદારો થાઓ તૈયાર શતરૂની સામા જવા તમેરે;
શસ્ત્ર સજ્જે ન લગાડો તમે વાર, શતરૂની.

(ગધ ક્રોધથી) મારી ગેરહાજરીનો લાભ લઇને તે દુષ્ટ મારા શહેરનો દરવાજો તોડી ગયો હતો. પણ તેને નાદાન જાણી તે વખતે જવા દીધો તેથી ફુલાઇ જઇ નીડર બની આ કામ કરવા હીમત ભીડી છે. અરે નાદાન કુતરા ! મારા રત્નના લુટનાર, મારૂ નાક કાપી મને અપમાન આપનાર જયાં સુધી મારી નસોમાં ક્ષત્રિનું લોહી વહે છે, મારી આંખ દરેક વસ્તુને જોઇ શકે છે, મારા કાન

હરેક શબ્દ સાંભળી શકે છે, મારા પગ હરેક ઠેકાણે જવા સમર્થવાન છે ત્યાં સુધી આ મારા બાહુના પ્રાક્રમથી તને ઠરી ઠામ બેસવા નહી દઉં. તારા દેશને અને તારા મહેલને તારાજ કરીશ ત્યારે જ મારા અંગમાં પ્રગટેલી હોળી શાંત થશે. તારા કલેવરને મારી દ્રષ્ટી સમીપ કાગડા, ગીધ, ગરજાણુ તથા શીયાળવા અને કુતરાઓથી ફરદાતું જોઇશ ત્યારે મારી આંખોને આનંદ થશે. અરે સોરઠના શિયાળવા ! ગુજરસિંહને સતાવી કયાં સંતાનાર છું ? ત્રણે ભુવનમાંથી પકડી લાવી આ મારી સમશેરને તારા રકતમાં બોળી તેને પવિત્ર કરીશ ! જોઉં છું ; હવે કે મારા રત્નને હરી તું કયાં સુધી મોજ માણે છે ? !

(સૈન્યાધિપતિ પ્રત્યે) સૈન્યાધિપતી ! તમો તમારા સઘળા લસ્કરને એકદમ તૈયાર કરો. (પ્રધાનજી પ્રત્યે) પ્રધાનજી ! આપણા તાબાના સઘળા ખંડીઆ રાજા ઉપર તાકીદે હુકમ લખી મોકલો કે તેઓ પોત પોતાનું લસ્કર લઇ તાકીદથી આંહી આવે. લડાઇની સઘળી તૈયારીના ખરચના બંદોબસ્ત માટે કોશાધિપતિને શત્વર હુકમ આપો કે તે પોતાની સઘળી સવડ કરી મુકે !

પ્રધાનજી—જેવી મહારાજની આજ્ઞા.

સિધરાજ—અને વાઘરીઓને પેટ પુર જમવાની ગોઠવણકરો

વાઘરીઓ—અંનદાતા ! અમો આપતુંજ અા ખાઇએ છીએ. આપના પ્રતાપે અમને કોઇ વાતની કમી નથી. આપ ફતેહ કરીને આવશો ત્યારે તેની ખુશાલીમાં આપની પાસેથી માગીને ખાઇશું હાલ તો—

સિધરાજ—શાબાશ ! શાબાશ ! ! રઇતતો આવીજ જોઇએ (કોટવાળ પ્રત્યે) કોટવાળજી ! જ્યાં સુધી અમો લડાઇથી પાછા ન આવીએ ત્યાં સુધી તમારે શેહેરનો પાકો બંદોબસ્ત રાખવો. ને રઇયતને જરા પણ રંજાડવી નહીં. જો કોઈ વાતનો પ્રજા તરફથી પોકાર આવશે તો મારા ક્રોધને તાબે થઈ તમારા હીત સારૂ મારા ચિતમાં વિચાર કરવો પડશે સમજ્યા ! ! (પ્રધાનજી પ્રત્યે) પ્રધાનજી ! રણમાં યશ મેળવવા માટે મહાદેવજીની પ્રાર્થના કરવા જવું છું માટે કચેરી બરખાસ્ત કરો.

કોટવાળ--રાજેંદ્ર ! બે ફીકર રહો. આ તરફની આપે જરા પણ કાળજી કરવી નહીં. ખામી આવે ખોટમા આ શિર તૈયાર છે. પણ ફકત આપે આરંભેલા કાર્યમાં વિઘન ન આવે તેનો વિચાર કરવો.

પ્રધાનજી–એ બાબતમાંતો અમારા જીવ જતાં સુધી પણ પાછા હઠવું નથી.

પ્રધાનજી—(વેત્રધાર પ્રત્યે) કચેરી બરખાસ્ત કરો.

વેત્રધાર—જેવો હુકમ કચેરી બરખાસ (સર્વ ઉઠે છે)

(મહારાજાની આગળ ચાલી) ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ક્ષત્રિયવર્ય મહારાજા સિધરાજને ઘણી ખમા આ જાય છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ રાણકદેવીનો મહેલ.

પાત્ર—રાણકદેવી દાશીઓને પાછળથી રાહખેંગાર વીગેરે.

દાશી–બાઇ શાહેબ ! તમે તો હદ કરો છો ! તમારો ટેક ને પતિ ભકિત જોઇ હું તો અજાયબજ થાઉં છું. તમે તો ખરેખર મહારાજાને યોગજ મળ્યાં છો ?

રાણકદેવી—પ્રિય દાશી ! પતિવ્રતાનો ધર્મજ છે કે પતિને પ્રભુ સમાન ગણી તેના પ્રત્યેક બોલો ઇશ્વરના હુકમ પ્રમાણે અંગીકાર કરી ત્વરીત અમલમાં આણવા. હરેક ઘડી અને પળ તેમનુંજ ધ્યાન અને ગાન કરવું. પતિની સેવા કર્યા પછી જમવું; અને તેમની કુશળતા માટે અહરનિશ જગતકર્તાને આજીજી કરવી.

દાશી—તેતો બધું ઠીક ! પણ ભગવાનની ભકિત વિના કાંઇ સ્વર્ગ મળે ?

રાણકદેવી–રે ગાંડી ! પતિ એજ ભગવાનનો અંશ છે. પ્રભુની ભકિતથી જેમ સંસાર સમુદ્ર તરાય છે, તેમજ સ્વામીની સેવાથી આ ભવપાર ઉતરાય છે. ક્રિયા વિના કાર્યનું ફળ મળતું નથી.

તેમ પતિ ભક્તિ વિના પ્રભુની ભક્તિ કામ આવતી નથી, જેમ લુણ વિનાનું ભોજન, તેમજ સ્વામિ વિનાની ભગવાનની ભક્તિ.

દાસી—ત્યારે શું આટલી બધી સ્ત્રીઓ ઇશ્વરોપાસના કરે છે તે નર્કે જશે ? ને તમે એકલાં સ્વર્ગે જશો ? શું વાત કરો છો મારી બાઇ ! ! ! એવું તે કંઇ હોય કે ! ! !

રાણકદેવી-પતિની આજ્ઞા વીનાનું જે કાંઇ કાર્ય કરવું તે છારી ઉપર લીપણ જેવું જાણવું; અને દેવ દર્શન, પણ, પ્રાણપતિની આજ્ઞા વિના અફળ જાણવાં. સ્ત્રિનો પ્રભુજ પતિ છે. અને તેજ આ સંસાર સમુદ્રમાંથી તારી અક્ષય કીર્તીને આપે છે. જે સ્ત્રિઓ સ્વામીની હરેક પ્રકારે શેવા કરતી નથી અને તેને તુચ્છ સમજી મનગમતી મોજમાણે છે, આજ્ઞાનું ઉલંઘન કરે છે, તે સ્ત્રિઓ; સ્ત્રિ નહીં પણ એક પિશાચણી અને કૂલટા સમજવી. અને તે આ લોકમાં નિંદાઇ અધોલોકની અધિકારી થાય છે.

દાશી—પણ બાઇ સાહેબ ! પતિ યોગ્ય ન હોય અને અણસમજુ હોય તો તે સ્ત્રિઓએ શું પોતાનો આખો ભવ બાળવો !

રાણકદેવી—પતિ લુલો લંગડો, આંધળો, બેરો, બોબડો કિવા લધુકે વૃદ્ધ કે મુર્ખ હોય તો પણ દરેક સ્ત્રિઓએ તેને પ્રભુ તુલ્ય માની તેની આજ્ઞાનું સાર વર્તવા ઉત્સુક થવું, તેનેજ આપણા માથાના મુગટ માનવા. શિરનુંછત્ર, આંખોની કીકી, હૈયાનોહાર, ને ભવસમુદ્ર તરવાનું જહાજ સમજ્યો. તેથીજ સ્વર્ગનું સુખ અને અક્ષય કીર્તિ સાંપડશે. વિષય માટેજ પતિને વશરહેવું અને તે ન મળે તો ઉપસ્વામિ શોધવો એતો કુલટાઓનાંજ કર્મ છે.

દાશી—એતો ખરૂં પણ તમારી આટલી રિદ્ધિસિદ્ધિ થતાં તમે કાંઇ વસ્ત્ર, અલંકાર શરિરે સજતા નથી એ કાંઇ સારૂ કેવાય? મુઆ પછી સર્વ શું કામ આવવાનું છે ?

રાણકદેવી—શુદ્ધ શિયળવંતીને સર્વ શૃંગાર નકામા છે. તેને કેવા શૃગાર જોઇએ તે સાંભળ.

બંજારા.

સૂણદાસી સતીનો શંગાર, કહું તેતું હર્દયમાં ધાર.

રેડી શિયળની સાડી અંગે, પહેરે છે અતિ ઉછરંગે;
સદગુણના સજે અલંકાર, સુણ;
ચોળી શરમતણી પેરે પ્યારે, પતિશેવા કંકણકર ધારે;
પાણી ગુણ પ્રસંસા ગાનાર, સુણ.
શીર પતિવ્રતા અંબોડો કરતી, પતિ પ્રસન્નતાનું ધ્યાન ધરતી,
પતિ સુખે સુખી થાનાર, સુણ.
પેરે પરઘર બંધન ઝાંઝર, નહીં નિરખવા આંખે પરનર;
એ આંજે અંજન સતિનાર, સુણ.
કટી મેખળા પતિ કર ધારે, ભાલ તિલક ચુંબન ધરે પ્યારે;
ચાહે સતિ સદાએ શૃંગાર, સુણ.

દાસી–બાઈ સાહેબ ! ધન્ય છે એવા શૃંગાર સજનાર સતિ-ઓને ! હું તો સાંભળી દંગજ થઇ ગઈ.

રાણકદેવી—એ શૃંગાર વિના જે અવર શૃંગાર સજે છે તે સતિ નહીં, પણ કુલટા સમજવી. ઘરમાં ફુવડની માફક ફરી ફરી બહાર જતાં અનેક શૃંગાર સજી પર પુરૂષના ચક્ષુને હરે છે તેઓને લાખોવાર ધીટકાર છે. અને તેઓ રૈ રૈ નર્કની અધિકારી છે. પણ હજુ સુધી સ્વામિનાથ કેમ પધાર્યા નહીં હોય ?

દાસી—બાઇ સાહેબ રાજના કાજજ એવાં છે. કાંઇ કામમાં રોકાય તો વારે લાગે એમાં અધિરાં કેમ બનો છો ?

રાણકદેવી-સ્રીનું સુખ પતિ છે. માટે તેને ન દેખતાં ચિતને જરાએ ચેન પડતું નથી. મહેલ, બગીચા, વાડી, ઝાડી ધન, માલ અને અલંકાર એ સઘળું પતિના પાછળજ છે. પતિ એ સંસાર સુખનો સાર છે; અને એના વડેજ જગતમાં જય જયકાર છે. (એટલામાં રાહખેંગાર આવવાની નેકી સંભળાય છે તેથી).

દાસી—લ્યો બાઇ, જેનું ચિંતવન કરતાં હતાં તેતો ચટ-વારમાં આપની તરફ આવે છે. લ્યો હવે તો હું જાઉંછું.

રાણકદેવી—હા સીધાવ (દાસી જાય છે અને રાહખેંગાર પ્રવેશ કરે છે.)

રાહખેંગાર—(રાણકદેવીને શોકાતુર વદને જોઇ) કેમ ? શા વિચારમાં ગુંથાયાં છો પ્યારી ? !

રાણકદેવી—(ઉભી થઇ નમન કરી) કાંઈ નહીં. પ્યારા ! ફક્ત આપના દર્શનના અભિલાષ માટે.

રાહખેંગાર—પ્રિયા ! વહાલી પ્રિયા ! ! તમને શાણીને આમ કરવું શોભે ? એતો રાજના કાજ છે તે જરા મોડુંએ થાય ને વહેલું એ થાય તેમાં શોચ શો કરવો.

રાણકદેવી—પ્રિતમ ! આપનું દર્શનજ મને શ્રેય લાગે છે. આ જગતમાં સઘળી ચીજ અને સર્વ સુખ આપજ છો. શુદ્ધ સ્ત્રીને સઘળો આધાર પતિજ છે.

રાહખેંગાર—તમારૂં કહેવું યથાર્થ છે. સ્ત્રીનું ખરૂં સુખ પતિજ છે, પણ તમે તો તમારા ધર્મ કરતાંએ વધારે વર્તો છો.

રાણકદેવી—પ્રાણાધાર ! હું મારા ધર્મ કરતાં તો કાંઇએ વધારે કરતી નથી પણ મારો ધર્મ સોમા હીસ્સે પાળવા કયાં સમર્થ છું)

રાહખેંગાર—શાબાશ ! પ્યારી શાબાશ ! ! પડમાં રહેલા હીરાને પ્રકાશ આજેજ અનુભવ્યો.

શીપાઇ—(શિપાઇ પ્રવેશ કરી) ગુર્જર રાજકા પેગામ આયા હય ઉસ્સે આપકું જલદી બુલાયા હયે.

રાહખેંગાર—(સીપાઇ પ્રત્યે) અચ્છા જાઓ મેં અભી આતા હું (સીપાઇ નમન કરી જાય છે. રાણુક પ્રત્યે.) પ્રિયા ! જવાની રજા ચાહું છું.

રાણકદેવી—પતિને પ્રિયાની રજા કેવી ? પુરૂષ સ્વતંત્ર છે. આપ સુખેથી પધારો સ્વામિનાથ ! આપનું કાર્ય કરી સત્વર પધારવા કૃપા કરજો. (રાહખેંગાર જાય છે અને રાણકદેવી પણ જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાહખેંગારની કચેરી.

પાત્ર—રાહખેંગાર, પ્રધાન કોટવાલ, સૈન્યાધિપતિ, વિદુષક, બારોટ ચોપદાર વગેરે.

પ્રધાન—મહારાજને ખબર કહાવે ઘણો વખત થયાં છતાં

હજુ સુધી કેમ પધાર્યા નહી હોય ?

વિદુષક...એતો મહારાણીના રૂપ સાગરમાં ડુબી ગયા હશે તમે પ્રધાન થયા પણ સાન કયાં છે ! પ્રેમ પાંજરે પુરાયેલો પોપટ માલિકની મરજી વિના કેમ કરી છુટી શકે !!!

કોટવાળા...બેશ બેશ મુરખ. મહારાજાની એ મશકરી ! (ચોપદારનો અવાજ સાંભળી) લે સાંભળ ! કોની સવારી આવે છે ! (રાહખેંગાર પ્રવેશ કરે છે. સર્વ ઉભા થઇ નમન કરે છે, રાહખેંગારના બેઠા પછી સર્વ બેસે છે.

રાહખેંગાર—પ્રધાનજી ! લાવો તે ગુજરાતથી આવેલો કાગળ; જોઇએ તેમાં શું લખે છે ! (પ્રધાનજી, કાગળ આપે છે તે વાંચીને ફેંકી દઇ) પ્રધાનજી ! શતરૂઓ પોતાનું વેર લેવા સત્વર નિકળી ચુકયા છે, માટે હવે આપણે પ્રમાદ તજી સઘળી તૈયારીઓ ત્વરાથી કરવી જોઇએ; પત્ર લખતાની સાથેજ તેઓએ પ્રયાણ કર્યું હોય એમ જણાય છે, અને દરમજલ કરતા પાણીના પુરની પેઠે વેગેથી આવવા વકી રહે છે. બિચારા ગરીબ ગુર્જરોને સોરઠીયાના હાથનો પુરેપુરો અનુભવ થયો નથી. ક્રોધેથી) સિંહસામા શિયાળના ત્રાડવાથી સિંહ શું ડરી જશે ! પાડો કાન ઉંચા કરી ગજરાજ શામા ધસવાથી ગજરાજ શું પાછો હઠશે ! મુષક બિલાડી સામા ધુરકવાથી બિલાડી શું ભાગી જશે ? કોઇ કાળેજ નહીં. મુરખ શા માટે કાળના દ્વારમાં આવવા ઇચ્છા રાખે છે ! નિરમળ યશને મલિન કરવા કેમ ચાહે છે ! બીજાને મળેલો નિધાન જોઇ અદેખાઇની આંખે શું કરવા દેખે છે ! એક વખતનો સ્વાદ ભુલી જઇ હવે વધારે રસની આશા રાખતો હશે. ઠીક ત્યારે આપણે તેને આ સમયે પુરેપુરો સ્વાદ ચખાડીનેજ પાછો વાળવો, કે ફરીથી આ તરફ આવવા માથું ઉંચકેજ નહીં.

પ્રધાનજી—તેની પાયમાલીએજ આ પંથે પળાવ્યો છે.

સૈન્યાધિપતિ—વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

કોટવાળ—જેનું જ્યાં મોત ત્યાંજ તે ખેંચાઇ જાય છે.

વિદુષક—ભલેને ગુજરાતી ઢીલી દાળ ખાઉ આવે બાજરાના

રોટલાને અડદની દાળને કાંઇ પહોંચે એમ છે ? તેઓને હરાવવા ફકત હું એકલોજ બસ છું મહારાજ !

રાહખેંગાર—(આનંદથી) શાબાશ ! શાબાશ ! મારી દીલગીરીના દુસ્મન ! તારી બહાદુરીતો અજબ છે ! (સૈન્યાધિપતિ પ્રત્યે) સૈન્યાધિપતિજી, આને લશ્કરના મોખરે રાખજો હો ! !

સૈનાપતિ—(સ્મિતહાસ્યથી) બહાદુર મહારાજ ! (વિદુશકપ્રત્યે) અલ્યા વિદુષક તૈયાર થઈ સત્વર આવજે હો ! !

વિદુષક—(મનમાં) ભોગ લાગ્યા કે આ વખત વાત કાઢી. હસુ કરતાં ખસું થઇ ગયું મહારાજનો હુકમ હવે પાછો ફરે તેમ છે ? (ચાસત) ઠીક છે.

ચોપદાર--મહારાજ ! આજ્ઞા હોય તો બારોટને પ્રવેશ કરાઉં!

રાહખેંગાર—ભલે આવે. (બારોટ પ્રવેશ કરે છે)

બારોટ—(નમન કરીને) ઘણીખમ્મા ! અન્નદાતાને ઘણી ખમા ! રક્ષત્રિયમાં સુર્યસમાન બાપુને ઘણી ખમા ! અચળ રહો. પૃથ્વીપતિ અચળ રહો.

રાહખેંગાર—કયાંથી આવોછો બારોટજી !

બારોટ—આપના જેવા દાના મહિપાળના ચરણુમાં નમન કરતો કરતો ગુજરાત ભણીથી આવું છું કૃપાનાથ !

રાહખેંગાર—ત્યારે તો રસ્તામાં ગુજરાતના લશ્કરનો ભેટો થયો હશે !

બારોટ—હા બાપુ ! તેઓ હવે આંહીથી ઘણે દુર નથી. ત્રણુ ચાર દીવસમાં આ ભણી આવવા વકી છે.

પ્રધાન—(બારોટ પ્રત્યે) લશ્કરની હીલચાલ તો તમારી દષ્ટિએ પડી હશે ?

બારોટ—હિલચાલ વીશે શું પુછોછો દાતા ! છાવણી પડતાં આ ગામની ભુમીથી એવડી જગા રોકે છે. દરેકની દષ્ટિમાં ક્રોધાનળ પ્રવેશ કરી રહયો છે. મહાભારત અને ચારણોના શુરાતન વાળા પદનું ગાન તથા પટાબાજીના તાન ચાલી રહ્યા છે. દરેકના મુખથી

શુરાતન શિવાય અને આપના સામા લડવા શિવાય બીજી વાત કાંઇ ચર્ચાતી નથી. વધારે સું કહું ગરિબનિવાજ !

રાહખેંગાર—પ્રધાનજી ! આ બારોટજીને આપણી યોગ્યતા પ્રમાણે શિરપાવ આપી ખુશી કરો. (સેનાપતિપ્રત્યે) સૈન્યાધિપતિજી ! હવે બનતી તાકીદે શસ્ત્રની સઘળી સામગ્રી મેળવી તાકીદે સઘળું લસ્કર તૈયાર કરો કે શતરૂ આવે સામે થવા સહજમાં બની આવે.

સૈન્યાધિપતિ—બે ફીકર રહો કૃપાનાથ ! સઘળું તૈયાર છે. ફક્ત આપના હુકમનીજ વાર છે.

રાહખેંગાર—ઠીક ત્યારે તમો લસ્કર લઇ છાવણીમાં જાઓ. હું તમારી પાછળ સત્વર આવું છું. (પ્રધાનજી પ્રત્યે) પ્રધાનજી કચેરી બરખાસ કરો. કારણકે હવે વાત કરવાનો વખત નથી.

પ્રધાનજી—જેવો મહારાજાનો હુકમ ! (ચોપદાર પ્રત્યે) કચેરી બરખાસ કરો.

ચોપદાર—કચેરી બરખાસ. (ચોપદાર નેકી પોકારતો જાય છે તેની પાછળ રાજા તથા દરબારીઓ જાય છે. બને જણ પોતપોતાના લસ્કરને લડવાની આજ્ઞા કરે છે. અરસપરસ લડતાં સિધરાજ હાર ખાઇ પોતાની છાવણીમાં જાય છે. અને રાહખેંગાર શેહેરના સઘળા દરવાજા બંધ કરાવી પોતાના મહેલમાં જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાહખેંગારનું આનંદ ભુવન.

પાત્ર—રાહખેંગાર અને દેશળ.

રાહખેંગાર—ભાઇ દેશળ ! પેલો ગુપ્ત રસ્તેથી આવેલો ઉત્તમ મધ લાવો તો વારૂ.

દેશળ—જી, આજ્ઞા (સોનેરી બતકમાં મધ લાવી) લ્યો

મામા સાહેબ.

રાહખેંગાર—(દારૂની બાટલી હાથમાં લઇ સુંઘી જોતા) વાહ ! શી તેની સુગંધ ! મગજ તર કરી નાંખે છે ને ! (પ્યાલામાં કાઢી) શા ઉત્તમ મધ ? કેવો તેનો રંગ ! જોતાંજ આંખને આનંદ ઉપજાવે છે ને ! વાહ ! મધ વાહ ! ! તારી ખુબી અપાર છે. તુજ જગમાં સરદાર છે. ખુશાલીની ખુમારીનો સાર છે. થાકને ઉતારનાર, શોકને ગરદન પકડી હાંકી કાઢનાર, શાબાશ ! શાબાશ ! મારા યાર શાબાશ છે. તારા કેટલા વખાણ અને વર્ણન કરૂં. (એમ કહી પી જાય છે.) હાશ ! શો અજબ સ્વાદ ! ! (બીજો પ્યાલો ભરી દેશળને આપે છે. દેશળ લઇ પી જાય છે.) વળી પ્યાલો ભરી (આ લગનની ખુશાલીનો એક જામ) (એમ કહી પી જાય છે.) વળી પ્યાલો ભરી દેશળને આપે છે. તે આનાકાની કરતો પી જાય છે. ફરી પ્યાલો ભરી) આ સિધરાજ સાથે થયેલી જીતની ખુશાલીનો જામ (એમ બોલી પી જાય છે. વળી પ્યાલો ભરી ઘણા આગ્રહથી દેશળને પાય છે, પછી પ્યાલો ભરી દેશળ પ્રત્યે) આ આનંદ રસ તમારી મામીને તો આપી આવો. આપણે તેમને તો તદન વિ· સરી ગયા !

દેશળ—આપની આજ્ઞા ઉઠાવવા અત્યારે લાચાર છું. મધનો અમલ આખા અંગમાં પ્રસરી ગયો છે, આંખે રાતા પાટા બાંધી અશક્તિવાન બનાવી દીધો છે.

રાહખેંગાર—પણ આ કામ બીજાને બતાવાય ? ગમે તેમ કરીને પણ પહોંચાડવોજ પડશે. સમજુ થઇ છોકરવાદી શું કરે છે. ક્ષત્રિ થઇ વણિક બુદ્ધિ શું આચરે છે. (દેશળ નહીં જવા માટે રાહખેંગારને ઘણું સમજાવે છે નહીં સમજવાથી.)

દેસળ—મામા સાહેબ ! આપ સમજુ થઇ હઠ શા સારૂ કરો છો ! મારી સ્થિતિ છેક નબળી થઇ ગઇ છે, પગ ભૂમિપર થોભવા અશક્ત છે, પ્યાલો પકડવા હાથ લાચાર છે. ચક્ષુ અહીંથી જરા દુર ખસવા ના પાડે છે, ઘેને ઘેરી લીધો છે. અને આ હાલ જવાથી વિપરિત થશે એવું મને ભાસે છે. માટે કૃપા કરો, ને બીજી વખતપર રહેવા દ્યો. હજી મધ પુષ્કળ છે.

રાહખેંગાર—(રક્તનેત્રે) અરે દેશળ ! શું તું મારા હુકમનું અપમાન કરે છે ? બાના બતાવી મને ફોસલાવા માગે છે ? જવું કે નહી ? (રાજાનો સખત હુકમ સાંભળી લાચારીથી પ્યાલો હાથમાં લઇ લડથડીઆં ખાતો આપવા જાય છે. જતાં જતાં);

દેશળ—પ્રભુ મારી લાજ તારા હાથમાં છે (જાય છે.)

રાહખેંગાર—(દારૂ ખુબ ચઢે છે તો પણ વળી પ્યાલો ભરી તેની તરફ નિહાળી લડથડીઆં ખાતો ખાતો) વાહ ! મારી દીલજાન તારી ખુબી ! નિરમળ કાચ જેવો તારો ચળકાટ ! શી આનંદની ક્યારી ! હા, હા, હા, (હસે છે) જુવાનીની લહેજત. આળસુને જાગ્રત કરનાર, તું તો અજબ છે યાર (ખુબ હસે છે) બસ, બશ ! દુનિયામાં સૌથી શ્રેષ્ટ વસ્તુ તુંજ છે. વાહરે તારો અજબ રંગ ! વાહ ! દીલદાર વાહ ! (હસે છે) આનંદનો સાગર અને સુખની લહેરો તુજ છે. તારો અનાદર કરનારને ધિઃકાર છે. (એમ કહી પ્યાલો પી જાય છે. બેશુધ વધારે થઇ હાંડી તરફ જોઇ) અલીઓ ·હીણભાગી ! તું કેમ છાની માની છુપાઇ રહી છે ! કેમ તારે મધ નથી પીવો ? (પવનથી હાંડી પ્રત્યે) ભોગ તારા (ઝુમરપ્રત્યે) અલ્યા ઝુમરડા તારે દારૂ પીવો છે કે ? પવનથી હાલતા જોઇ) તારા નસીબમાં હોય ત્યારેજ પી-એને ? (તકતા તરફ જોઇ) કેમ તખ્તાજી ! તમારો શો વિચાર છે ? (બોલવાથી પોતાનું મુખ તકતા અંદર હાલતું જોઇ.) અલ્યા તુંતો બેવકુફ છે. કેતાંની સાથેજ રાતી આંખે જવાબ દે છે? ભોગ તારા ના પીએ તો (ખુરશી વીગેરેને પુછતો લથડીઆં ખાતો પલંગપર પડે છે થોડી વારે કાંઇ ખડખડાટ થવાથી નીશો ઉતરી જાય છે. તેથી એકદમ ઉભો થઇ ઘડીઆળ સામુ જોઇ.) ઓહો હો ! દેશળને ગયે સમય તો ઘણો થયો પણ હજુ સુધી કેમ ન આવ્યો એક તો બે ભાન હાલતમાં અને વળી જુવાન, અને તેની સાથે એકાંત, માટે લાવ ખબર તો કાઢું. (એમ કહી વસ્ત્ર બરાબર કરી જાય છે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ રાણકદેવીનો મહેલ.

પાત્ર—રાણકદેવી, દેશળ અને પાછળથી રાહખેંગાર રાણક-દેવી. (પોતાની સ્થિતિનો અજબ ફેરફાર જોઇ પ્રભુની પ્રાર્થના કરે છે.)

રાહ પ્રાકી જીલ્વો.

પ્રભુ તુજ મહિમા અપાર એ ટેક.
રંકને બનાવે રાય, રાયરંક થઇ જાય;
સ્થળ જળ, જળ સ્થળ, થતાં ન જરાયે વાર. પ્રભુ
રારપાવરે નાંખી દીધી, હડમતે હાથ લીધી;
વરાવાને કીધો મુને, નિજ નાતમાં વિચાર, પ્રભુ.
નાખી મને કુપ માંય, આખર કીધી છે સાંય;
પ્રથમની સ્થિતિએ, પહોંચાડતા ન કિધી વાર. પ્રભુ.
નમુ નમુ વાર વાર, ઓશિગણ છું તારી અપાર;
ઉપગારને આભાર, વિસરૂ ન હું નાકાર પ્રભુ.

દેશળ—(એવામાં દેશળ આવી નમન કરી) મામી સાહેબ ! બહારગામથી આવેલા આ મધ, મારા મામા સાહેબે આપને માટે વાનગી સારૂ મોકલ્યો છે તે લ્યો.

રાણકદેવી—(લઇને) પ્રીય દેશળજી ! બિરાજો આ આસનપર (દેશળજી બેસે છે મધને નિહાળી.)

બોલો બોલ બારોટજી જરા તો તોલકરી. એ રાહ.
લાગે કેવો આ ગુલાબી મધ, ખુશકારી;
પિધે ભુલાવે છે ભાન શુદ્ધ રેત સારી
કરે આખરે મનુષ્યને, નિસ્તેજ ભારી;
પિવો ગમે નહીં પણ, પતિનીછું આજ્ઞાકારી.
તેથી કરૂં છું હું પાન, તેને ઉમંગ ધારી;
આખર થઇશ હું હેરાન, આજે એથી ભારી.
(પિ જાય છે થોડી વારે)

થર થર કંપે છે અરે, હવે આ કાયા મારી.
જાય નેત્ર ઉંડા, દીલ દુઃખ ચાવે ભારી.

(હાથ જોડી પ્રભુ પ્રત્યે)

પ્રભુ નિશામાં ચકચુર બની, બહુજ ભારી;
તેથી લાજ મારી રાખો, અર્જ ઉરધારી.

(એમ કહી બે ભાન થઇ લડથડીઆં ખાય છે તેથી દેશળ તેને પડતી બચાવવા જાય છે. દેશળ રાણકદેવીને પડતી બચાવવા માટે પકડે છે પણ તેનામાં શક્તિ નહીં હોવાથી બન્ને જણા પલંગમાં પડે છે. થોડીવારે રાહખેંગાર ત્યાં આવે છે. બંન્નેને એક પલગપર સુતા જોઇ)

રાહખેંગાર–(ચકિત થઇ અરે ! હું આ શું દેખું છું ! આ બધું કૃત્ય આ દુષ્ટ દેશળનુંજ છે. (ક્રોધથી) હાય ! મારી ધારણા ખરી પડી. અરે મે પાળી પોશી નિજ પુત્રવત ગણી ઉછેર્યો તેનું આ ફળ ? રે દુષ્ટ કામને વશ થઇ તારી માતા સમાન આ તારી મામી સાથે અકાર્ય કરતાં અચકયો નહીં ? સુંદર સ્વરૂપમાં લીન થઇ અનિતિ કરતાં જરાએ ન અટકયો ? રે નાદાન ! પાપી ! એકાંતનો લાભ લઇ, એકલી ધારી, બે ભાન બનાવી, તેના સિયળ ઉપર હુમલો કરતાં જરૂર એ શરમ ન આવી ? રે હિચકારા ! આ શું ક્ષત્રિનાં લક્ષણ છે ? બસ ! આજુબાજુંનો જરા વિચાર નહીં કરતાં તને તારા દુષ્ટ કૃત્યનું ફળ આપવા જરા પણ વિલંબ કરવો નહી જોઇએ (તરવાર મ્યાનમાંથી કાઢી) લે દુષ્ટ ચાખ તેનો સ્વાદ (એમ કહી તરવાર મારવા જાય છે. પણ દેશળને નહીં વાગતાં પલંગની છત્રીના દાંડાને વાગે છે. તે કપાઇ દેશળ ઉપર પડે છે. તેથી ઝબકી ઉઠી આમ તેમ જોઇ શુદ્ધિમાં આવી.)

દેશળ—અરે આ શો ગજબ ! હું કોની સગે સુતો દુષ્ટ દારૂ; તેં સત્યાનાશ વાળ્યું ! જુંલમ કર્યો ? (ઉંડા વિચારમાં પડી બહુ અફસોસ કરે છે. રાહખેંગાર પાછળથી આવી તેનો કાન પકડે છે,તેથી ચકિત થઇ, રાહખેંગાર સામુ જોઇ શરમિંદો બની બે હાથ જોડી નિચે વદને ઉભો રહે છે.)

રાહુખેંગાર–ક્રોધથી ધનુષ્ય છટાએ ધર્યું રે રાહુ. રે નિચ પાપી ચંડાળ, દેશળ દુષ્ટ આ શું કર્યું રે.

તુજ મુખ જોઇ ઉપજે છે કાળ, દેશળ૦
તુને પુત્ર સમાન રાખ્યો ઘેર, દેશળ૦
તેની બતાવી આપી તેં આ પેર, દેશળ૦
તુંજ રાખ્યો નહીં કદી અવિશ્વાસ, દેશળ૦
સુંદર સ્વરૂપે બંધાયો મોહ પાસ, દેશળ૦
તુંજ માતુ સમાન મુજ નાર, દેશળ૦
તેની સંગે રમ્યો તું વ્યભિચાર, દેશળ૦
ખુબ નીશો કરાવી તેં નાહાર, દેશળ૦
બેશુદ્ધ બનાવીને રમ્યો દુષ્ટ જાર, દેશળ૦
મુજ લુણ ખાઇ કર્યું તે હરામ, દેશળ૦
મુજ હદ મુકી જા તું બીજે ગામ. દેશળ૦

દેશળ—(નમ્રસ્વરે) અરે લાલદેવ ઇસ તરફ જલ્દ આએ.

અરે મામા આવું વદો ન વચન;
સુણી અપ શબ્દ ધ્રુજે મારૂ તન.
જાણું આપ પ્રિયા મમ માતુ સમાન;
પડયો હું પલંગે ભુલી નીજ ભાન.
ઠગ્યો હું નથી નિતીની માનો વાત;
થઇ જાતવત નથિ લજવી પ્રજમાત.
કદી ધરા આભ બંન્ને એક થાય;
કદી સહસ્ત્રખંડ કાયના થઇ જાય.
ચરે સિંહ તૃણ તોપણ, કરૂં નહીં અકાજ;
વદો નહીં વચન મામા મુખેથી આજ.

રાહુખેંગાર– રકત નેત્ર રે દુષ્ટ ફરેબી ! મારી નજરો નજર દેખેલા કામથી મને જુઠો પાડવાની હીમત કરતાં જરાએ અચકાતો નથી ! જા. જા. તારૂ કાળુમુખ મને વધારે વખત ન બતાવ. આજ લક્ષણે કાકાએ કાઢી મુકયા હશે ? (ધક્કો મારી) હરામખોર ચાલ્યો જા. દેશળ અફસોસ કરતો પોતાને ઘેર જાય છે.

રાણકદેવી, આ બધી ગરબડ સાંભળી પલંગની ઓથે થરથર કાંપતી છુપાઇ રહે છે તેને)

નથી આચરતો (૨) એ રાહ.

નહીં ગભરાતું, દિલવિશે પ્યારી, દોષ નથી, તેમાં તુજ કાંઇ.
શોક ધરો શાને, સુંદરી મનમાં; તનમાં તાપ, ધરીશ ન કાંઇ
પુર્ણ ભરૂસો, છે મને પ્યારી; તુજ વ્રતથી કદી નથી ડગનારી.
(ગદ્ય) ચાલો પ્યારી ! બાગમાં આનંદની લહેરો લઇએ.

રાણકદેવી–હા ચાલો નાથ. (બંને જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ–કેશરનું ઘર.

પાત્ર–દેશળ અને વિશળ.

વિશળ–(દેશળ, પોતાપર બનેલા બનાવથી ઉંડા વિચારમાં ગમગીન ચહેરે બેઠેલો છે ત્યાં વિશળ આવી આવો બનાવ જોઇ ચમકીને) અરે આમ કેમ ? આંખમાં આશું જોઇ પાસે જઇ ભાઈ આશું ? આમ કરવાનું કારણ ?

દેશળ—વિશળનો શબ્દ સાંભળી ઉંચું જોઇ, આંસુ લોતો લોતો કાંઇ નહીં ભાઈ એતો શેજ.

વિશળ—શા વાસ્તે આંતરો રાખો છો ? દરેક બાબતમાં ભાઇ અડધો ભાગ માગે છે તો આમાં ભાગ લેવા કેમ ચુકશે ? ભાઇ જે હોય તે જલદી કહો; અને તમારા તપ્ત મનને શાંતીકરો

દેશળ—ભાઇ ! તને કહેતાં, તેમાં માઠું પરીણામ આવે તેવું છે. માટે જવા દે. હઠ ન કર

વિશળ—ભાઇ! તમો મોટા ભાઇ પાસે હઠ કરી ભાગ લેવાનો મારો ધર્મ છે. અને તે ભાગ લીધા શિવાય આંહીથી દુર જનાર

નથી એમ કહી નીચે બેસતા બેસતાં હું તો આ બેઠો જેમ તમને યોગ્ય જણાય તેમ કરો.

દેશળ—નિસ્તેજ વદને ભાઇ તારો આટલો આગ્રહ જોઇ હવે મારૂં મન તને કહેવા તત્પર થયું છે. સાંભળ ગઇ કાલે ગુપ્ત બારીથી આવેલો દારૂ મેં અને મામાએ પીધો પછી મામાએ આપણી મામીને આપવા જવા મને કહ્યું. મે મારી બે શુદ્ધી અને નિશામાં ચકચુર હોવાને લીધે નહી જવા ઘણી રકઝક કરી પણ નહીં માનતા તેમની હઠ પુરી પાડવા હું ગયો. મામીએ કોઇ દીવસ દારૂ નહી પીધેલો તેથી તે પીતાની વારજ બેશુદ્ધ થઇ જમીન પર પડવા લાગ્યાં. તેમને પકડતાં મારી બેશુદ્ધીને લીધે બંન્ને જણ પલંગમાં પડી ગયાં. મને વાર થવાને લીધે મામા જ્યારે તપાસને માટે આવેલા તે વખતે અમો બંન્ને એક પલંગમાં પડેલાં તે જોઈ મામાને ઘણો ક્રોધ ચડવાથી મને મારવા માટે તરવાર ઉગામી પણ મારા કમનશીબે, મને નહીં વાગતાં પલંગની છત્રીનો દાંડો કપાઇ મારી ઉપર પડતાં, મારો નિશો ઉતરી ગયો; અને હોશમાં આવ્યો આંખ ઉઘાડી જોતાંજ મામા રકત નેત્રે નજરે પડયા. મારો કાન પકડી મને બહુજ ઠપકો આપ્યો. વળી મને દેશનિકાલ પણ કર્યો છે. (આંખમાં આંસુ લાવી) મારા બુરા કામને લીધે મને બહુજ પસ્તાવો થાય છે ભાઇ માતાની સારી રીતે બરદાસ રાખજે. મારા વિયોગનું દુઃખ ભુલી જાય તેમ કરજે. આંહીનું અન્ન પાણી મને હરામ છે. હવે હું જાઉ છું જવા માંડે છે તેને અટકાવી.

વિશળ—ભાઈ! આમ ગાંડા કાં થાઓ છો ? ક્ષત્રિબાળ થઈ આશું આચરો છો ? વેરને બદલે વેર લેવું એ ક્ષત્રિનો ધર્મ કેમ વિસરો છો ? આપણા કરેલા કામનો ઉપકાર ભુલી જઇ વિના શુને આટલું બધું અપમાન કરતાં મામાએ જરા પણ વિચાર ન કર્યો ? વિનાશ કાળે વિપરીત બુદ્ધિ હું પણ તમારા સાથેજ આવીશ

દેશળ—નમ્રતાથી આમ તારે શા માટે કરવું જોઇએ ? આકળો ન થા શાંત થા

વિશળ—ભાઇ ? તમારા અપમાનનું વેર લઇશ ત્યારેજ મારૂ મન શાંત થશે.

દેશળ—આપણી પાસે સાધન વિના શી રીતે બદલો લઈ શકાશે ?

વિશળ—(થોડીવાર વિચાર કરી) ભાઇ ભુલો છો કેમ ? આપણું સારુ વાળવા પરમેશ્વરે સાધન સામુજ તૈયાર કરી મુકયું છે ને !

દેશળ...શું, સિધરાજ કાકા પાસે જવું ?

વિશળ...હા.

દેશળ—દગો કરી દુશમનાઇ દખાડવી એતો અવટીત કહેવાય. અપકારનો બદલો અપકારથી વાળવો એનો ઠીક નહી. કાંઇ ઉપકાર કરી મામાને શિરમંદા બનાવીએ તો જગતમાં આપણી કીર્તિ વધે અને વેર પણ વળે.

વિશળ—ભાઇ, સામો જેવો થાય તેવો થઇએ તો ગામ વચે રહીએ, એ કહેવતને અનુસરીનેજ આ સમયમાં ચાલવાનું છે. ગરીબ થયા તેમને તો કાંઇક ગોથાં ખાધાં. માટે બીજો ત્રીજો વિચાર ન કરતાં કાકાને શરણે જવુંજ સારૂ છે. પછી તો આપ મોટા છો.

દેશળ—ભાઇ કૃતઘ્નિ થઇશું તો આખો જન્મારો કાળી ટીલી લઇશું વળી મામાના સ્નેહી જાણી કેમ આપણો વિશ્વાસ કરશે ? હોય ! એતો એમજ ચાલે છે.

વિશળ—ભાઇ ક્ષત્રિ થઈ વાણિયા બુદ્ધિ કયાંથી શિખ્યા ? જો આવેલો સમય ચુકશો, અને અપમાનથી દબાયેલ રહેશો તો આગળ ઉપર આથી પણ વધારે ખરાબી થશે. વિચાર કરો; ને મારૂં માની આંહીથી ચાલો.

દેશળ—કેવી રીતે બહાર જઇશું ! મામાનો સખ્ત બંદોબસ્ત છે તે યાદ છે ?

વિશળ - તે તો બધું થઇ રહેશે. તમે તમારે તૈયાર થાઓ ને ! લાલચે મોટા મોટા પણ વશ થાય છે.

દેશળ—શી રીત ધારયું છે તે તો કહે ?

વિશળ—દલા તથા હમીરને જણાવીશું કે અણીલુની પોઠો

લેવા બહાર જવું છે. અહીયનું નામ સાંભળી તે દરવાજો ઉઘાડશે એટલે બહાર નીકળી કાકાની છાવણીમાં દાખલ થઈ જઈશું. ને તેવી ગોઠવણુ કરવા કાકાને સમજાવીશું.

દેશળ—શાબાશ ભાઇ તારી બુદ્ધીને ! ચાલો ત્યારે (બંને જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ જુનાગઢનો દરવાજો.

પાત્ર—હમીર, દુદો દશળ અને વિશળ.

(હમીરને દુદો સુતા છે ત્યાં દેશળ તથા વિશળ આવે છે. દેશળ, હમીરનો પગ હલાવે છે તેથી ઝબકીને)

હમીર—(જરાક ગુસ્સાથી) કોણુ છે એ ? એમ કહી મોઢે ઓઢી પાછો સુઇ જાય છે. ફરી પાંછો દેશળ હમીરનો પગ હલાવે છે, તેથી આંખો ચોળતો ચોળતો ઉઠી, તમે કોણુ છો ? કેમ આવ્યા છો ?

વિશળ—(જરા મુછમાં હસતો હસતો) હમીર ભાઇ આ શું ? જરા આંખો તો ઉઘાડો.

હમીર—(સ્વર ઓળખી) કોણુ વિશળભાઇ ! માફ કરજો હો ! ભુલ થઇ. (દેશળ તરફ દ્રષ્ટી જવાથી શરમિંદો બની નીચું જોઇ,) બાપુ આવે ટાણે કયાંથી ?

દેશળ—હમીર ભાઇ ગભરાઓ નહીં. તમે ઝટ દરવાજો ઉઘાડો અને અમને બહાર કાઢો.

હમીર—બાપુ, આવે ટાણે બહાર જવાનું કારણુ ? મહારાજાની મનાઇ છે તે તો તમે જાણોછોને ?

વિશળ—કેમ ના જાણીએ, પણુ અત્યારે વાત કરવાનો વખત નથી. માટે ઝટ કરો, ઝટ કરો, ખુદ મહારાજાના કામ માટેજ જવું છે, વાર કરશો ને કામ બગડશે તો મહારાજાનો ઠપકો તમારે શિર છે. અમારે લેવા દેવા નથી.

હમીર—બાપુ એવું શું કાળી રાતે કામ પડ્યું છે?

દેશળ—મહારાજે માળવેથી અફીણની પોઠો મંગાવી છે. તે અતરે આવી છે. તેથી તેને રાતો રાત અંદર દાખલ કરી દેવી છે. કારણ કે દુશ્મનના કબ્જામાં ન આવે કે દરવાજો ઉઘાડ્યો છે.

હમીર—ઠીક બાપુ ઠીક! (દુદાને ઉઠાડી) ભાઈને દરવાજો આસ્તેથી ઉઘાડી આપ (દુદો દરવાજો ઉઘાડે છે એટલે) લ્યો બાપુ જાઓ, પાછા વહેલા આવજો હો! વાર ન કરશો.

દેશળ-(દરવાજા બહાર નિકળતાં ચપટી વગાડી) અરે અમે તો આ આવ્યા. પણ તમે ઉંઘી ન જશો. કારણ કે ઘાંટો કહાડવો એ જોખમ ભરેલું છે. અમો આવી દરવાજો ઠોકીશું. ઠ-કોરાની સાથેજ દરવાજો ઉઘાડજો.

દાદુ—ઠીક બાપુ ઠીક, બેફીકર રહો. (દેશળ અને વિશળ જાય છે એટલે હમીરને) હમીર ભાઈ! ચાલોને જરા આડા થઈએ. ક્યાં સુધી બેસી રહીશું!

હમીર—સુઈ રહીએ ને ઊંઘી જઈએ તો પંચાત પડે.

દાદુ—મારી તો ઉંઘજ ઉડી ગઈ આતો બેઠા બેઠા વાંસો દુખે એટલે જરા આડા થઈએ તો ઠીક. (બન્ને જણા સુઈ જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—સિધરાજની છાવણી.

પાત્ર—સિધરાજ, સરદારો, પ્રધાન, સેનાપતિ, વગેરે અને પાછળથી દેશળ તથા વિશળ વિગેરે.

૧ લો સરદાર—મહારાજ કૃપા કરી હવે છાવણી ઉઠાવો તો સારૂ.

૨ જો સરદાર—બધું લશ્કર કંટાળી ગયું છે મહારાજ! પાણી માફક નહિ આવવાથી બહુ લોકો હેરાન થાય છે.

૩ જો સરદાર–ખુદ મહારાજ સાહેબની તબિયત કયાં સારી રહે છે ? જુઓને આંહી આવ્યા પછી અડધાએ નથી રહ્યા.

૨ જો સરદાર–એમને તો બધી વાતની ચિંતા ! છુટ્યા તો ઠીક, નહી તો પૈસાની અને જાન માલની ખરાબી તેમ આબરૂની પણ હાની.

વિદુષક–બાપાને બાયડી લેવી છે તે કાંઇ મફત મળશે ? એક જીવ બદલે અનેક જીવોની આહુતી આપશે ત્યારે, એતો સોરઠપતિ છે સોરઠપતિ છે સોરઠપતિ ! જુઓને, બાર બાર વરસ વહી ગયાં પણ ગામની ગાય સરખીએ જોવા પામ્યા છે ?

પ્રધાન–બેશ બેશ મુરખા ! બળતામાં ઘી શું હોમે છે ? (સરદાર પ્રત્યે) ભાઇઓ ! તમે અકળાઓ નહિ, ગભરાઓ નહિ, મુન્જાઓ નહિ. જેમ બાર વરસ દુઃખ વેઠયું, તેમ બે મહિના વધારે દુઃખ વેઠો. ચોમાસુ ઉતરતા સુધી આપણે નહિ પ્રાવીએ તો પછી પાછા જતાં શી વાર ! આવા ચોમાસામાં કેમ કરી જઇ શકાય ?

ચોકીદાર—(પ્રવેશ કરી નમન કરી) કૃપાધીરાજ ! બહાર કોઇ દેશળ ઓર વિશળ કરકે આપકી મુલાકાત કું આયા હય. હુકમ હોવે તો અંદર આને દઉં ?

શિધરાજ—ઠીક ! પણ તેમની પાસે કાંઇ હથિઆર હોય તે તમારા સ્વાધિનમાં લઇ, પુરા બંદોબસ્ત સાથે આંહી મુકી જાઓ.

ચોકીદાર—જેસી મહારાજકી આજ્ઞા ! નમન કરી જાય છે. અને દેશળ તથા વિશળને લાવે છે. બન્ને ભાઇ આંખમાં આંસુ સહીત દોડતા સિધરાજને ગળે વળગી ખુબ રડે છે તે જોઇ)

સિધરાજ—પુત્ર ગભરાઓ નહીં, ગભરાઓ નહી. તમારે શુર વીર મામો છતાં આ શી દશા ? શાંત થાઓ. શાંત થાઓ ધીમા પડી તમારૂ દુખ જણાવો. હું દુર કરવા તૈયાર છું.

દેશળ—(આંખો લુછતો લુછતો હાથ જોડી)

કહું શું નશીબે દુખીઓ કીધો છે એ રાહ

સુણો કાકા મારા, શરણુ છું તમારા; નથી ઉગરવા, બીજે રસ્તો

પ્યારા સુણો.

દિધું દુઃખ આપને, દુષ્ટ થઇને; હાય ! ઉઠે અંગ ભડકારો મારો
કરો દોષ દુર, દીલે લાવી દયા; અમે છિયે કાકા, પુત્ર તમારા. થાય
કદી કમ, જાતરે છોરૂ, પણ મા વેતર ન થાય નઠારાં સુણો, કરી
સેવા અમે મામાની ભારી, ગુણુ ના તપાસી કિધા હાલ નઠારા.
હવે છેરે અમને, આધાર તમારો, કાંતો જીવાડો કે, કાંતોરે મારો.

સિધરાજ— ઠુમરી.

નવ થાઓ પુત્ર નિરાશરે એ ટેક.
તમદોષ નથી ગણુતોરે મનમાં. શોક દુર કરી રહો વાસરે. નવ
જે જોઇએ તે માગો આ વખતે, આપતા નહીં ધરૂં સાસરે નવ
ધન માલને રાજ મુજ સર્વે, એ સઘળામાં તમ વાસરે. નવ.
ખાઓ પિઓને મોજ ઉડાવો; કરોને સુખ વિલાસરે. નવ

દેશળ અને વિશળ—પ્રિય કાકા ! અમો આપની પાસે કાંઇ પણ યાચવાની આશાએ આવ્યા નથી પણ ફકત આપની ફતેહ કરાવી, આપની મન માનતી વસ્તુ મેળવી આપી આનંદની આશાએ આવ્યા છીએ. પ્રથમથી અમને જાણુ હોત કે આપ અમારા કાકા થાઓ છો; તોં આપની સામે આટલી ઉદ્ધતાઇ કરત નહીં તેમ આટલી મહેનત પડવા દેત નહીં.

સિધરાજ—હશે જે બન્યું તે ખરૂં. અમારો વિચાર હવે આંહીથી ઉપડવાનો છે, કેમકે ઘણી મુદતથી આંહી પડી રહેવાથી લોકો કંટાળી ગયા છે, તેમ ખુદ મને પણ કંટાળો ચડયો છે. હવે તો થાકયા.

દેશળ—(સિધરાજનું મોંહ ઉતરી ગયેલું જોઈ) કાકા ! પ્રિય કાકા ! આપના કંટાળાનું કાશળ કાઢવાજ અમો આવેલા છીએ. આપ ક્ષત્રિ થઇ આમ ના હિંમતવાન શું થાઓ છો ? અમ છતાં કોની તાકાત છે કે આપની સામા જ ટકી શકે ? આપ બે ફીકર રહેસોને ઉત્સાહવંત થાઓ; તેમ લસ્કરને ઉત્સાહી બનાવો રાહખેંગાર જેવા સો કાં નથી આવતા આપની પ્રિયાને પળવારમાં અપાવું તોજ મારૂં નામ દેશળ !

વિશળ—અને તે મેળવતાં કોની માએ શેર સુંઠ ખાધી છે કે સામો પણ થાય ! ફકત બસો શુરવિર સિપાઇઓનુંજ કામ છે.

સિધરાજ—(પ્રધાનજીના કાનમાં) કાંઇ પ્રપંચ તો નહીં

હોય ? આમ એકદમ આવી નમી પડે એ અજાયબ છે ?

પ્રધાન—(સિધરાજના કાનમાં) એઓની મુખમુદ્રા ઉપરથી તો એવું જણાતું નથી. દુશ્મનનો ભરૂસો તો નહીં. પણ ઠીક છે એનો બંદોબસ્ત કરી લઈશું.

દેશળ—(સિધરાજને પ્રધાન સાથે છાની વાતો કરતો જોઈ) કાકા ! શા માટે અદેશો આણો છો ? શંકાને દુર કરો. અમો શુદ્રના બીજથી ઉત્પન્ન થયેલા હોઈશું તોજ દગો કરીશું. અમો ક્ષત્રિ બીજ છીએ. અમો પીઠનો ઘા ખાઈશું નહીં તેમ મારીશું પણ નહીં. અમારી અરજ સ્વિકારી ઉદાશી ટાળો, ને થોડાક શુરવિરો આલો. ગરબડ સાંભળો કે છાવણી ઉપાડી સટાક દઈ લશ્કર શેહેરમાં દાખલ કરી દેજો. પછી સૌ થઈ રહેશે.

પ્રધાનજી—રાહખેંગારનો સખત બંદોબસ્ત છતાં તમે આંહી આવવા પામ્યા એ આશ્ચર્ય લાગે છે.

દેશળ—આપનું ધારવું વ્યાજબી છે, પણ દામ દેખી પોતાનું ડહાપણ કોણ નથી છોડતું ? વળી અમે તેના ભાણેજ એટલે અમને કોણ રોકી શકે ? પણ હવે વાત કરવાનો વખત નથી. સવાર થતાં પહેલાં દાખલ થવું જોઈએ. વહાણુ વાહયું કે કામ કથળ્યું; માટે તાકીદ થાય તો સારૂં.

સિધરાજ—પ્રધાનજી ! તેમના કહેવા મુજબ સઘળું તૈયાર કરી તેમને ઝટ વિદાય કરો, અને રણશિંગાનો અવાજ થતાં સઘળું લશ્કર તૈયાર થાય એવો હુકમ ફેરવો. (દેશળ વિશળ પ્રત્યે) જો બેવફા થયા તો તમારા બુરા હાલ સમજજો) અને ભુંડા હાલે ભટકી મરતાં પણ ઠરી ઠામ બેસવા વખત નહીં આવે હો ! ! !

દેશળ અને વિશળ—કાકા ! આપ આં શું ઉચરો છો ? જો અમો આપની સાથે દગો રમીએ તો સોમનાથ મહાદેવની આણ છે. પછી કાંઈ ?

સિધરાજ—શાબાશ ! પુત્ર શાબાશ ! ! આખર જે જેનું તે તેનું જો જીત્યા તો આ જુનાગઢનું રાજ્ય તમારૂંજ સમજજો.

બંન્ને ભાઈ—આપની કૃપા, એજ અમારે રાજપાટ છે.

હવે તાકીદ થાય તો સારૂં.

સિધરાજ—પ્રધાનજી! તેમના કહેવા પ્રમાણે સઘળું તૈયાર કરી તેમને ઝટ રવાના કરો; રાત ઘણી ગઈ છે.

પ્રધાનજી—આ ચાલ્યો રાજાધિરાજ! (સૈન્યાધિપતિ તથા દેશળ અને વિશળ ચારે જણા જાય છે અને દેશળના કહ્યા મુજબ બશો પોઠો માણસ ભરી તૈયાર કરી વિદાય કરે છે.)

સિધરાજ—(સર્વ પ્રત્યે) જુઓ ઇશ્વરે આપણને કેવી અણીના વખત મદદ કરી છે! ધન્ય છે તેની લીલાને! ઉતાવળા શો બાવરા ધીરા સો ગંભીર, હવે તમો સૌ જાઓ ને સઘળી તૈયારી કરી રાખો. (સર્વ જાય છે દેશળ તથા વિશળ લસ્કર ભરેલી પોઠો લઈ દરવાજા આગળ આવી દરવાજે ઠોકે છે તે અવાજ સાંભળી અંદરથી દરવાજો ઉઘાડે છે દેશળ દુદાને તથા વિશળ હમીરને પુરા કરે છે. પોઠો ફાડી માણસોને બહાર કાઢે છે તેઓ શહેરમાં રમખાણ મચાવે છે. લોકોનો શોર બકોર સાંભળી સિધરાજની છાવણીમાં રણશિંગાનો અવાજ થાય છે, તેથી સર્વ લસ્કર તૈયાર થઈ જુનાગઢમાં દાખલ થાય છે. આ બનાવની ખબર આપાવ એક સિપાઈ ગીરનાર પર્વત ઉપર રાહખેંગારના મહેલે જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—ગીરનાર ઉપર રાહખેંગારનો મહેલ.

પાત્ર—રાહખેંગાર, રાણકદેવી, માણેરો, ડગાયચો, અને પાછળથી ખબર કહેવા આવનારો સિપાઈ વીગેરે.

માણેરો—બાપુ! આપણા શેહેરની આસપાસ દુશ્મનનું લશ્કર ઘેરો ઘાલી આપણી રૈયતને રંજાડે છે, તો તેમને હરાવી, પાછા હઠાવી પ્રજાને સુખ કેમ નથી કરતા? હુકમ આપો કે હમે જઈએ પાટણના બિલ્લડાને હરાવી આવું.

ડગાયચો—અને બાપુ! ભાઈની સાથે મને પણ જવાની આજ્ઞા આપો.

રાહખેંગાર—વાહ ! મારા બહાદુર પુત્રો ! શાબાશ છે ! તમે ક્ષત્રીનું નામ શોભાવી, શોરઠની ગાદીને દીપાવશો એવી મને આશા છે. પ્રભુ તમારૂં દીર્ધાયું કરે, તમારી માતુ રજા આપે તો મારે ના નથી.

રાણકદેવી—મારા વાહાલા પુત્રો ? હજી તમારો સમય થાય છે, શત્રુઓને હણી તમારા બાપુ, પ્રજાને પીડામાંથી મુક્ત હવે જલદી કરશે. (એવામાં એક સિપાઇ ભયભિત થઇ દોડતો આવે છે.)

સિપાઈ--(સાસ ભરેલા મુખે) માહાજ, મા.

રાહખેંગાર—(સિપાઇને આવી રીતે ગાભરો થઇ આવેલો જોઇ સ્તબ્ધ બને છે) શું છે ? શું છે ? આમ ગાભરો કેમ બની ગયો છું ? જરા શ્વાસ ખાને પછી જે કહેવું હોય તે કહો.

સિપાઇ--મહારાજ દ.-

રાહખેંગાર-(રાણકદેવી પ્રત્યે) પ્રિયા ! આ માણુપ કાંઇ વિપતથી ગાભરો બની ભયનો માર્યો બોલતાં અચકાય છે. (સિપાઇ પ્રત્યે) તું ગભરા નહીં, તારો ભય દુર કર, શાંત બની જે કહેવું હોય તે સુખેથી કહે,

સિપાઇ—મહારાજ ! દગો દગો, ઢીલ કરવાનો હવે સમય નથી. દુશ્મનો શેહેરમાં દાખલ થઇ, પ્રજાની પાયમાલી જોશ ભેર કરે છે.

રાહખેંગાર—(આ સાંભળી ગભરાટથી) એં ! શું ખરૂં કહે છે ? આટલો બંદોબસ્ત છતાં દાખલ થયા એ તાજુબી છે ? ઘણું કરીને આ કામ તે નિમક હરામ કુત્રાઓનુંજ હોવું જોઇએ પ્રિયા ! હવે જવાની આજ્ઞા ઝટ આપો.

રાણકદેવી-ના એ નહીં બને.

રાહખેંગાર- રાગ ગોપીચંદનો.

અહો પ્યારી મારી, દીયો રજારે દીલ વિચારીને. એ ટેક.

રાણકદેવી—નહીં આપું આજ્ઞા, કાંતો જાવોરે મુજને મારીને એ ટેક.

રાહખેંગાર—તોપો એને ચાલું કીધી, જુઓ શબ્દ સંભળાય, જાવું જરૂર જોઇએ અહિંસાથી, પ્રજા મમ દુઃખી થાયરે. અહો.

રાણકદેવી—સૈન્ય નથી કાંઇ બળીયું આપણું, કેમ કરી પહોંચાય; વણુ મોતે મરીએ ત્યાં સ્વામી, મારે આપ રહો આ-ધરે. નહી.

રાહખેંગાર—ક્ષત્રાણી થઇ આશું વદો છો, આમ ન વદવું યોગ્ય.
શોરઠ સાથે ગુર્જર લાવું, કરી શતરૂ ભુ ભોગરે. અહો.
રાણકદેવી—પ્રથમ મુજને મરવા દ્ર:ને, પછી જાઓને ત્યાંય;
નહીંતો ચાલો નાશી જઇએ, ગિરનાર ગુફા માંયરે.
ફળ તરૂનો આહાર કરીને, જારવું હું તનમન,
રાજપાટ આ જાય ભલે અને, કાઢું દુ:ખમાં દનરે. નહી.
માણેરો- માતાજી તમે આશું વદો છો ? ક્ષત્રિ નીતિ વિરૂધ;
ભલે જાય મુજ બાપુ રણમાં, ખુબ મચાવે યુદ્ધરે;
અહો માતા મારી, હિયો રજારે દીલ વિચારીને.
રાણ:દે ી—હઠ જાવાની હોય તો મુજને સંગે લ્યો મહારાજ;
હાથ જોડીને કરૂં વિનંતી, કરગરી કહું હું આજરે. નહી.

રાહખેંગાર—પ્યારી અહિંઆં ધીરધારીને, જપો ઈશનું નામ
મારી દુશ્મન ઝટ હું આવું, દરૂ ન બીજે ઠામરે. અરે.
રાણકદેવી સંગે રહીને સાય કરૂંહું, સિંહ નાર સામ નાથ;
શતરૂની સન્મુખ લડીને પહોંચાડું જમ હાથરે. નહી.
રાહખેંગાર—સાચું કહ્યું તે પ્યારી પ્રેમદા, ધન ધન તારી માત,
રાણકદેવી—સત્વર ચાલો નાથ આપણે, કરવા શતરૂ ધાતરે નહી.
રાહખેંગાર--સંગે તમારૂં કામ નથી કાંઈ, રાણક વદો શું હૈયાહાર.
રાહખેંગાર--રહો પ્રિયા અહિંઆં ધિરધારી,
રાણકદેવી—લ્યો ખાઇ મરૂં કટાર રે અરે
(કટાર કાઢી પેટમાં ખોંસવા તૈયાર થાય છે; એટલે રાહખેંગાર કટાર છીનવી લઇ) વાહ ! ક્ષત્રાણીને આમ શોભે કે ?
ડગાયચો—માતા માતા તમે બાપુને ન રોકો શતરૂને સંહારી ઝટ આવી સંભાર લેશે.
માણેરો—સચિવ થઇને શું અવળું મુજ મામાને
સમજાવો છો, એ રાહ.
સુરા ક્ષત્રાણી થઇને માતુ; મુજ બાપુ શીદ રોકો છો ?

સમજો ને કાંઇ મન, શોભે શું આ શોક તન સુરા
આપોને હીમત તમે, માતા મારી આવે સમે;
છોને બાપુ રણુ રમે, શતરૂઓને ખુબ દમે સુરા
ક્ષત્રાણીની એવી રીત, ઠોકે રણમાં સ્વામિ પીઠ;
કાયર કરે અદીઠ, પડે રણે પામી રીઝ;

રાહખેંગાર—હઠ તજો શાણી રાણી, સુરાક્ષત્રાણી થઇને રાણી, આમ મને શીદ રોકો છો ? (ગધ) સમજુ થઇ આવા સમયે હઠ કરવી એ યોગ્ય નથી. સમજો અને રાજી થઇ રજા આપો.

રાણકદેવી—ભલે જેમ આપને યોગ્ય જણાય તેમ કરો. પ્રભુ તમોને જય આપે. ને અમારૂં દુઃખ કાપે. (રાહખેંગાર જાય છે. રાણકદેવી મુર્છિત થાય છે. બંન્ને પુત્રો આસના વાસના કરે છે.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ રસ્તો.

પાત્ર—રાણકદેવી નહીં મળવાથી ગાંડો થયેલો જેઠીઓ.

જેઠીઓ—હાય બાપ રાણકી, રૂડીને રૂપાળી રાણકી ઓહો! આ વર નહીં ગમે કે ? કેમ કાંઇ ખામી છે કે ? (દર્પણમાં પોતાનું મુખ જોઇ) કેવી સુરત ? અજબ સુરત ? મારા જેવું રૂપ તો બતાવે ! રાંડ શંખણી તે શંખણ શાને વરે ? નશીબમાં હોય તો ને ! મારા જેવો કુળવાન તો કાંઈ બતાવો ? બસ આજ લશ્કર ભેળો જાઉ ને લડુ, રાણકીને લાવી મારે તાબે કરૂં, પછી જોઉં છું કેવી નથી માનતી તે (એવામાં લશ્કર આવવાનો અવાજ સંભળાય છે તેથી એ મારા બાપરે કરતો નાશી જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાણકદેવીનો મહેલ.

પાત્ર—રાણકદેવી, માણેરા ડગાયચો, અને પછીથી સિધરાજ, દેશળ અને વિશળ વીગેરે.

રાહખેંગાર લડવા માટે ગયો છે, તેના રક્ષણાર્થે રાણકદેવ ઇશ્વરની સ્તીતિ કરે છે.

રાણકદેવી—જનમો જનમ ગુન માનું મેં તારો સૈઆં. એ રાહ
અરજ કરૂં પ્રભુ પ્રિતથી આજે, કરજોડી કહું હું તમને રે;
કરજો રક્ષા મમ સ્વામિની પ્યારા, સા'ય કરો રણમાં અમનેરે.
શતરૂ હણી જય અમનેરે આપો, કાપો કરૂણા કરી દુઃખનેરે.

(જમણી આંખ ફરકે છે તેથી) શીખરણી છંદની ચાલ
સ્ફુરી નેત્રજ જમણું, અસુભ કાર્યને સુચવે·

દેશળ—સિધરાજ સહીત આવી ઉઘારો ઝટ દ્વાર, ડરો ન ન કાઇ મામી હવે.

રાણકદેવી—(બારણું ઉઘાડે છે. દેશળને સિધરાજ સહીત દેખી ભયભીત થઈ) દેશળ ! દેશળ ! ! આ કોણ ? અને તારા મામા કયાં !

દેશળ—મારા મામા તો સ્વર્ગે સિધાવ્યા. હવે તમે મામી મીટી કાકી થયાં સમજયાં ! ! (આ સાંભળી રાણકદેવી મુર્છીત થાય છે, તેને દેશળ વિગેરે સાવધ કરે છે. થોડીકવારે શુદ્ધીમાં આવી.)

રાણકદેવી—(ક્રોધથી) વિક્રમા તું વેરી મારોરે એ રાહ.
ઓ દુષ્ટ હરામી ચંડાળ, આવું૦
જા દુર થા તારૂં મુખ બાળ, આવું૦
કર્યો વિસ્વાસ ઘાત અનુજ. આવું૦
સારી જાણી તુજ મામીની પુજ. આવું૦
શું મુખ બતાવે નાદાર, આવું૦

ધિક ધિક છે તુજ અવતાર. આવું૦
લુણ ખાઇને કર્યું તેં હરામ, આવું૦
ઝટ ચાલિજા તજી આ ધામ. આવું૦

સિધ્ધરાજ—પ્રિયા ! તમારૂં કેહેવું યથાર્થ છે. પણ તમને લા થવા જેવી તેના મામાને મદદ કરી હતી, તેવી મદદ હવે તેના કાકાને કરી, તેમાં આમ ગુસ્સે શું થાઓ છો ? ગુર્જર જેવા વિશાળ પ્રદેશને મુકી એક ગંધાતા પહાડી ગામડામાં તમને કેમ ગોઠે છે ? પણ એમાં તમારી કસુર નથી જે દુષ્ટે તમને ફસાવ્યાં તેને તેના ગુનાની પુરે પુરી સજા થઇ ચુકી છે. પ્રભુને ઘેર કેવો ન્યાય અદલ ન્યાય છે ? સારા નરતાનો બદલો તરતજ આપે છે.

રાણકદેવી—ગુર્જરેશ્વર ! ગુર્જર પ્રજાના પિતા ! મારી પ્રજા તેમજ હુ આપની પ્રજા છું, તેથી તમો મારા પિતા સમાન છો. પુત્રિને પ્યારી કે'તાં કેમ અચકાતા નથી ?

સિધ્ધરાજ—અહો પ્રાણ વલ્લભા ! શું તમારી સુંદરતા ! અહાહાહા ! ! કેવી બોલવાની માધુર્યતા ! બસ બસ ! ! કોયલ તો તમારા આગળ રહજ છે. મારી આંખની કીકી ! મારા હૈયાના હાર તમોને જોતાંજ, તમોથી થયેલો અપરાધ તદન ભુલી ગયો છું. ભાટોના વર્ણન ઊપર તો ભરૂસો નહોતો આવતો; પણ તમોને નિરખતાં ભાટોએ તો કંઇ વર્ણવ કર્યોજ નથી એમ સમજાયું. વાહરે વિધાતા વાહ ! તેં પણ નરરાશની વેળા ઠીક રચના કરી. તમારા દરેક અવયવ ચિત આકર્ષનારાં છે. છબીલી ઘણા દિવસથી તપેલા તનને તમારા વેણ રૂપી જળથી શાંત કરો.

રાણકદેવી—શું પિતાએ પુત્રિ પાસે વિલાસ વાત કરવી ઉચિત છે ? શરમાઓ શરમાઓ. કામના પાટા આંખેથી દુર કરો, અને વિષય કમળાને હુશિયાર વૈદથી ઉતરાવો

સિધ્ધરાજ—મશ્કરી કરી હવે મને વધુ ના સતાઓ. જેમ જેમ વાર કરો છો, તેમ તેમ મારા અંગમાં અગ્નિ વધારે સળગતો જાય છે. હવે આવો શા માટે શરમાઓ છો ? આવો, જલદી અને મારા ઉછરંગને શોભાવો હવે કોનો ભય રાખો છો ?

રાણકદેવી—(રકત નેત્રે) એક જગત નિયંતાનો કામાંધ

મારા દેશનો રાજા જાણી તને જેમ જેમ માન આપું છું; તેમ તેમ તારી વાચાલ જીવ વધારે ચલાવે છે ? રે દુષ્ટ ! મારા સ્વામીને મારી ન ફકરો થયો તેથી હવે બીક નહીં રાખતો હોય ? પણ જગતકર્તા હજી કંઇ ગાયા નથી અકલપુંટા ! વિચાર કર વિચારો

સિધરાજ—અરે કોયલડી ! આવું કડુ બોલતાં કયાંથી શીખી? મર્યાદા રાખ, અને વચન કાઢતા વિચાર કર કોના સામુ બોલે છે તેનું ભાન લાવ્ય નથી એક ગામડાનો ગમાર કે ન સમજે હું તો આખા ગુજરાતનો ધણી છું ધણી. જેમ ગુર્જર પ્રજા હુકમ ઉઠાવવા તૈયાર છે; તેમ તું પણ મારી તાબેદાર છે સમજી !

રાણકદેવી—અરે વિષયાંધ ! ખાલી બકવા કરી મારા કાનને શા માટે અપવિત્ર કરે છે ? રાણકના શરીરને તો શું ? પણ એક વાળને સ્પર્શ કરવા સ્મર્થ નથી? દેશાળ ભણી આંગળી કરી) આ દુષ્ટ દગાખોરની મદદથી સહેલાઈથી આ મહેલની અંદર પ્રવેશ કરી શકયો પણ આ રાણકનાં મનની અંદર પેસવું મહા કઠણ છે. વજ્રનો કિલ્લો તોડવા સ્મર્થ થાય, પણ રાણકનો ટેક રૂપી કોટ તોડવો સહેલો ના સમજીશ ! એતો શરીરમાંથી સાસ ગયેજ ફાવીશ, માટે કાંઇ સમજ ને આબરૂભેર પાછો જા.

સિધ્ધરાજ—એમ હોતતો બાર વરસ સુધી ઢેબરાં ખાઇ શા માટે પડી રહેત ! આડાઇ મુકીને હઠીલી ન થા. સહેલાઇથી નહીં તો જબરાઇથી શરણ થવુંજ પડશે સમજી !

દેશાળ—કાકા ! એ હઠીલી રાણક, આપ જ્યાં સુધી નમ્ર રહેશો ત્યાં સુધી પોતાની હઠ મુકનાર નથી. માટે વખત વિચારી સખત થશો તોજ સ્વાર્થ સરશે. પછી આપ માલિક છો.

રાણકદેવી (દેશળપર ડોળા ઘુરકાવી) અરે દગાબાજ કુતરા ! તારા મામાએ કરેલા અપમાનનું વેર લેતો હોઇશ ? પણ કાકાએ કાઢી મુકયા હતા, ત્યારે રડતા રડતા આંહી આવી રોટલા ભેગા થયા. અરે નિમકહરામ ! કુતરાથી પણ નિચ થયો ? તારૂં સ્યામ મુખ બતાવતાં જરાએ શરમાતો નથી ? જેવું તારા મામાનું લીલુ વાળ્યું તેવુંજ આ તારા કામાંધ કાકાનું લીલું વાળનાર છે ?

સિધરાજ—(આ છેલ્લું વાકય સાંભળી મનમાં વિચારે છે.

રાણકદેવીની વાત ખરી લાગવાથી મનમાં) રાહખેંગારે, જેને નાન-
પણથી પોતાના પુત્ર સમાન ગણી પાળીપોષી આવડા મોટા કર્યા
તેની સાથેજ એ વઢાઇ કરી, તો મારે તો તેની સાથેજ તેમનુંજ
વેર છે, તો તેઓ મારી સાથે કેમ સખણા રહેશે? માટે તેનો સ-
ત્વર ઉપાય કરૂં. ઉગતું ઝાડ છેદવામાંજ સાર છે. (ચારસન) કોઇ
હાજર છે?

શિપાઈ—(બહારથી આવી) શો હુકમ છે કૃપાનાથ!

સિધરાજ-(દેશળ તરફ આંગળી કરી) આ દગાખોરને મુ-
સ્કેટાટ બાંધી આંહીથી લઇ જાઓ, અને પ્રધાનજીને કહો કે બંને
ભાઇને આખી છાવણીમાં ભુંડા હાલે ફેરવી ગરદન મારો.

દેશળ-(આ સાંભળી સ્તબ્ધ થઇ જાય છે. તેને સિપાઇઓ
અવળે હાથે બાંધી લઇ જાય છે. જતાં જતાં) કાકા, કાકા, આશું!

સિધ્ધરાજ—પાપી! એ તારા કૃત્યનો બદલો! જા દુષ્ટ! હું
હવે તારૂં મુખ જોવા ચાહતો નથી. મારી પ્યારીને ફસાવનાર તો
પાપી તુંજ હતા ને! લઇ જાઓ સિપાઇઓ કાળમુખાને એકદમ
(શિપાઇઓ દેશળને ધક્કા મારી લઇ જાય છે. દેશળ કપાળ કુટતો,
ઉંડો નિશ્વાસ નાંખી જાય છે. (રાણકદેવી પ્રત્યે) લ્યો પ્યારી!
હવે તમારૂં મન માન્યું થયું? તમારૂં મન તો ઘણું એ ગુજરાત
ભણી હતું પણ એ દુષ્ટે તમને ફસાવી ફાંગડામાં નાંખ્યાં; પણ
ઇશ્વરે તમને તેમાંથી મુકત કર્યા. હવે સુખનો લાવો લ્યો, અને
આ વિયોગી ચાતકને તમારા મુખારવિંદના દર્શન દઇ દુઃખથી
મુકત કરો.

રાણકદેવી—(ક્રોધથી) અરે હિચકારા! કામના કેદી! પુત્રિને
પ્યારીના સંબોધનથી બોલાવતા શરમાં! શરમાં! પરસ્ત્રીને સતાવી
કોને સાર કહાડયો છે? શા માટે વગર કારણે કાળના કોટમાં પેસવા
પ્રયત્ન કરે છે? તું રાજ બી તું રાજ બીજ નહીં, પણ નિચ તુ-
ખમથી પેદા થયેલો હોય એમ જણાય છે?

સિધરાજ—(આ સાંભળી ક્રોધાતુર થઇ) કેમ! રહેમનું
આ ફળ કે? અબળા પર સબલ ન થયો તેથી તારો તોર દેખાડ-
તી હઇશ! જોઉછું હવે તારૂં કેટલું જોર જણાવે છે તે! સિધી
રીતે શરણ થા; નહીંતો બળાત્કાર કરવા ઉપાય યોજવો પડશે.

રાણકદેવી—તારે ચાહે તેમ કર; પણ આ ક્ષત્રિબાળા જરા પણ ડગનાર નથી ! શિયળ રત્નની કીંમત જેણે જાણી છે, તે અસહ્ય સંકટની પણ દરકાર કરતા નથી સમજ્યા.

સિધ્ધરાજ—(ક્રોધથી) એમકે ! લે ત્યારે તારૂ શિયળ રત્ન સાચવી ના થઇશ તાબે ? (એમ કહી ડગાયચાને પકડી) બોલ હવે તાબે થવું છે કે હઠ કરવી છે ? બાળકને બચાવવો હોય તો બકવા મુકી મારી સાથે સ્નેહ સાંકળ સકડાવા કબુલ થા.

ડગાયચો—(થર થર ધ્રુજતો) અરે ભલા માણસ ! મને શું કરવા મારે છે ? મેં તારો શો ગુનો કર્યો છે ? (રાણકદેવી પ્રત્યે) માજી ! આના હાથમાંથી છોડાવો ને ? મારો હાથ તુટી જાય છે.

રાણકદેવી—(આંખમાં આંસુ આણી) બાપુ ? ક્ષત્રિ થઇ શા માટે ડરે છે ? એ નરરાક્ષસ, તારી માતાને અધમ રસ્તે ઉતારવાને તારો ઘાત કરવા ઇચ્છે છે. (જુસ્સાથી) એવા હજારો બલ કે લાખો પુત્રોનો ઘાત મારા પતિવ્રત આગળ તુચ્છ ગણું છું; તો એક પુત્રનો ઘાત થતો જોઇ જરા પણ ડગનાર નથી.

માણેરો—(ડગાયચાનો હાથ ખેંચી સિધરાજ પ્રત્યે) છોડ, લંપટી છોડ ! બાળનો ઘાત કરી વધારે પાપ શાને હોરે છે ? કામાંધ છોડે છે કે નહીં ? કેમ આ સમશેરનો સ્વાદ ચખાડું ! (આ સાંભળી સિધરાજને બહુ ગુસ્સો ચડવાથી માણેરાને જોરથી ધક્કો મારે છે તેથી બહુ દુર પડે છે તે તકનો લાભ લઇ.)

સિધરાજ—ના ડગીશ હો ? ! ! (એમ કહી ડગાયચાને મારી નાંખે છે તેથી)

રાણકદેવી—(ચોધારે આંસુએ,) સહીયર શું દુઃખ દાખવું એ રાહ.

અરર અધમ આ તેં શું કર્યું, શાને હણ્યો મમબાળ;
આશ ન લેશ પુરી થશે, દુષ્ટ પાપી ચંડાળ અરર
માતુ કહીકો બોલાવશે, બોલી કાલારે બોલ;
તુજ પિતા સાથે શું પરવર્યો, દુખી કરીને અતોલ અરર
પાપી કામાંધના હાથથી, થયું મૃત્યુ તુજ બાળ;

એ દુઃખ મુજ મન સળવળે, હાય કીધી એહાલ. અરર

(ગદ્ય) અરે ઘાતકી ચંડાળ ! મારા બાળને વિના અપરાધે મારતાં તારો હાથ કેમ ન તુટી પડયો ? અરે ઓ નિર્ય ! દુરાચારી લંપટ ! કામના વશ થઇ એક પશુ જેવા બાળકની હત્યા કરતાં ત્યાં કેમ ન ડર્યો ? ઓ પાપી ! તું ચાહે તે કર; પણ તારી નિર્ય વૃતિને કદી પણ તાબે થનાર નથી.

સિધરાજ—ઠીક છે ! ઠીક છે ! તે હું જોઇ લઇશ મનમાં પાંજરે પુરાયલી પોપટી કયાં નાશી જનાર છે ? વધુ સતાવે આત્મ હત્યા કરશે તો બધી મહેનત ધુળ મળશે. હાલ તો બધાને લઇ છાવણીમાં જઉ આગળ ઉપર સૌ જોઇ લેવાશે. (ચાસન) સીપાઇ આ માણેરાને બંધીવાન કરી, રાણકદેવી સહીત આપણી છાવણીમાં લાવો હું જાઉ છું (સિધરાજ જાય છે બંધીવાન થયેલા માણેરા સહીત રાણકદેવી રડતાં રડતાં ગિરનાર પર્વતથી નીચે ઉતરે છે ઉતરતાં ઉતરતાં.

રાણકદેવી—(પ્રભુ પ્રત્યે) શિખરણી છંદની ચાલ.

પ્રભુ પ્યારા આશો જુલમ આજે અમ પર કર્યો;
કિધાં શા મેં પાપો, દુઃખ ડુંગર અમ શિર ધર્યો.
હર્યો સ્વામિ મારો, વળી સુત તે સાથે હર્યો;
કીધિ શતરૂ શરણે, વળી જીરણ દુર્ગ સુનો કર્યો.
(મહેલ પ્રત્યે) અરે મહેલા મારા, રહી તુજમાં બહુ સેલ કરી,
(ગિરનાર પ્રત્યે) અહો ગિરનારી તેં, સ્પર્શ અમારો નિત્ય કર્યો;
થતો શું તું રાજી, ફટ ગોજારા શિર કેમ ના ખર્યા.

(ગિરનારનું શિખર પડવા માંડે છે તેને હાથની ઇસારતથી અટકાવે છે. સર્વ ગિરનારથી ઉતરી સિધરાજની છાવણીમાં જાયછે.

પ્રવેશ ૩ જો.

સ્થળ શમશાન.

પાત્ર—દેશળ, વિશળને હીરીઓ ઢેડ વીગેરે.

વિશળ—(નિસ્તેજ મુખે) ભાઇ દેશળ ! આપણા હાથના

કર્યા દૈયે વાગ્યાં દગો કોઇનો સગો નહીં, તે કહેવત ખરી ઠરી. મામાનું ભુંડું ચાહી આપણું ભલુ કરવા ગયા પણ ઉલટો બેહાલે મરવાનો વખત આવ્યો.

દેશળ—ભાઇ ! હવે અફ્સોસ કરે શું વળનાર છે ? ઘણા કાલાવાલા કરતાં પણ નિર્દય કાકાએ કાળના મોઢામાંથી ના ઉગાર્યા ! શાબાશ છે મામાને, કે આપણુને જીવતા છોડયા; પણ આ અકર્મી કાકાએતો આગળનું વેર સંભાળી આપણુને પ્રાણ રહીત કર્યા અરે મામા, અમે ઉદ્ધતાઇ કરી તમારા સુખનું ન સંતાનવાળી પાયમાલી કીધી, તેની અમને પુરેપુરી શિક્ષા મળી. તમોએ અમોને તમારા બાળક કરતાં પણ વધારે ચાહી અમોને આવડા મોટા કર્યા તેનું અમો દુષ્ટોએ આ ફળ આપ્યું ! અરે હૃદય ! આ વખતે કેમ તું ફાટી નથી જતું ! અરે ધરણી માતા ! કેમ તું અમોને તારા ઉદરમાં સમાવી નથી દેતી ? અરે ગિરનારના ઝેરી પ્રાણીઓ! સિંધરાજને ઉપર લઇ જતી વખત શા માટે અમારો ભક્ષ ન કર્યો અરે હું કેમ ભુલું છું ? પાપીનો પલ્લો કોણ પકડે ?

વિશળ—ભાઇ ! આપણુને ક્રોધે ભુલાવ્યા છે. ક્રોધ ઝેરીના ગએત છે. ઝેર શરિરમાં પ્રવેશ કરતાં માણુસની શુદ્ધ બુદ્ધ હરે છે; તેમ ક્રોધથી પણ માણુસની શુદ્ધ સાન જતી રહે છે. ક્રોધે ભરાયેલો માણુસ શું નથી કરી શકતો ? અરે પિશાચ ! તારૂં સત્યાનાશ જજો. તારૂં જગમાંથી જડાસુળ કેમ જતું નથી ! તું ભુતની પેઠે અંગમાં પેશી અકાર્ય કરાવનાર તને શત કોટીવાર ધિકાર છે. ! ! !

સુણો પ્રજા તમે અવધપુરની. એ રાહ.

ક્રોધ તણો સંગ કોઇ ન કરશો, તે જગમાં પાપી મોટો;
સંગ કરેથી રંગ ઉડાવી; ઝટ આવી પકડે ટોટો. ક્રોધ.
અંગે રાતો ને વળી માતો, વેર કરાવે સૌ સંગે;
હાની કરાવે અતિ ઉછરંગે, નવ દેખે નાનો મોટો. ક્રોધ
ફળ પામ્યા જુઓ ક્રોધ તણા આ, સુખ વેચી દુઃખને લીધું;
તષ્કર, ઝેરી, ભુત, ના ગએ, સ્વપ્ન સહીં આવે ખોટો. ક્રોધ
ક્રોધ તણા પંથ કદી જાશો, મારી અરજી ઉર ધારી;

ગરદન પકડી ઘરથી કાઢો, તો સુખમાં તમે આલોટો. ક્રોધ

દેશળ—ભાઇ, ક્રોધ ઉત્પન્ન કરનારજ દારૂ છે. એ દુષ્ટ દારૂએ કાંઇક કુળનું નિકંદન કાઢયું છે, કાંઇકની આબરૂને હાની પ હોંચાડી છે, કંઇકને ઘરબાર તજાવી રખડતા કર્યા છે. કંઇકના ધ નમાલ હરી લઇ પાયમલ કીધા છે. તરતમાં આનંદ આપી, પા- છળથી મહા દુઃખના સાગરમાં ઝીકી દે છે, તેના સંગ કરનાર મા- રા જેવા પાપિઓને ધિકાર છે. દારૂ સદા દુઃખનો દેનાર છે, ને તે ના દેદારપર મોહી પડનારને લાખો ફીટકાર છે. છપ્પન કોટી યાદ વોનું નિકંદન કાઢનાર કોણ ? તથા મામાની તેમજ આપણી પાય- માલી કરનાર એ દુષ્ટ દારૂ કે બીજો કોઇ ? વિષ્ટા અને મુત્રમાં આ લોટાવનાર કોણ ? ધુળમાં રગદોળી, ધુળ ખવરાવનાર કોણ ? માતા, બેન, અને બીજા પરીવાર ભાન ભુલાવનાર તે કોણ ? અરે એ દુષ્ટ દારૂ દારૂ ને દારૂજ છે. એના જેવો ખરાબી કરનાર જગ- તમાં કોઇજ નથી. એ દુષ્ટ દારૂની વાસજ મગજને ભમાવી, ખા- ધેલું વમન કરાવનાર છે. તેને બળવાન, મોજીલો, આનંદી વિગેરે કહેનારને સતકોડી ધિકાર છે. એમ કયાં લઇ જવાને દોરનાર છે. આ સષ્ટિમાંતો દુઃખ આપે છે. પણ અપર સષ્ટિમાં એ દુઃખ દેવા ચુકતો નથી. ધર્મના હરેક બાને જીભના લાલચુઓએ દારૂનો છુટ થી ઉપભોગ લેવા પોતાના પાપી પુસ્તકોમાં પ્રસિધ કર્યું છે, તેઓ નો નર્કમાં વાસ હજો. પોતાની લાલશાને લીધે બિચારા ભોળાઓ ને ભમાવનારનું નિકંદન જજો. જે પોતાનું ખરૂં હિત ચાહતા હો- ય તેઓ કદી તેનો સ્વપ્નમાં પણ તેનો સંગ કરવા જીજ્ઞાશા રાખશો નહીં આખા હિંદુસ્થાનની પાયમાલી કરાવનારજ તે દુષ્ટ છે.

વિસળ—ભાઇ ! ક્રોધ અને દારૂ બંન્ને જગતમાં બહુ હાની કરતા છે. જુઓને એકજ કેટલી પાયમાલી કરે છે ? તો પછી બે સાથે મળ્યા શું બાકી રાખે ? (એક બાજુ રહી બધુ સાંભળતો હતો તે નજીક આવી)

હીરીઓ ઢેડ—ચલો હવે ! હાનો પહતાવો કરોસો ? પેલાં અક્કલ ક્યાં ગઈ હતી ! હવે પહતાવે હું દી વળવાનો ? સેવટે ભગવાંનનું ભજન બજન કરવું હોય તો કરી લીયો; નહીં તો થા-

વ તૈયાર. અમે અત્રે ખોટી થવા નહી આવ્યા.

દેશળ તથા વિશળ—(નમ્રતાથી) ભાઇ અકળાવે છે શું કામ ? મહેરબાની કરી હાલ્યા ઉપર ડામ ન દે. જરા અમોને અમારા પાપનો પસ્તાવો કરી લેવા દે, વાર નહી કરીએ.

હીરીઓ—બહુ હાર. ઝટપટ કરી લીયો ત્યારે આ બેઠા (એમ કહી નીચે બેસે છે.)

દેશળ અને વિશળ—

પ્રભુ કરે તે કોઇ ન કરશે, મુરખ કરે અભિમાન. એ રાહ
દીન દયાળુ દયાનિધિદાતા, જગકર્તા જગદીશ;
અમે અધમ પુરા પાપિઓ, ચરણે નામીએ શીશ.
કૃત્ય અમારાં ખુબ નઠારા, તમથી નથી અજાણ;
માફ કરો મહેર લાવી અમોપર, ગણી બાળ નાદાન.
ગોથાં આથ્યા તિમર અજ્ઞાને, ભકિત ન કીધી લેશ,
પસ્તાવો પુરો થાય અમોને, આજ હાય ! પરમેશ.
આવિએ આજ અમો તમ શરણે, ગ્રહો અમારો હાથ.
નર્કે જાતાં આપ નિવારી, આપો શિવપુર સાથ.

(ગદ્ય હીરીયા ઢેડ પ્રત્યે) ભાઇ ! હવે તારે જે કરવું હોય તે કર અમે તૈયાર છીએ (હીરીઓ ઢેડ બન્નેને ગરદન મારે છે. હર હર હર શંકરા કહી બંને પ્રાણ રહીત થાય છે. તેઓના મડદાં જંગલમાં ફેંકી દે છે તેથી તેઓ માંસાહારી પશુ પક્ષીઓ ભક્ષ કરે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ રાણકદેવી, સિધ્ધરાજ, શુમતિદેવી, માણેરો શીપાઇઓ વીગેરે.

રાણકદેવી—(શોકાતુર વદને) લલિત છંદની ચાલ.

અરર ઓ પ્રભુ, આ શુંરે કીધું; દુઃખદ વાદળું, કયાંથીરે દીધું.
મરણના થયું, નાથ મુજનું, દુખિ થઇ બહુ, ન કાંઇ સુઝતું.

કેમ રહું હવે, નાથની વીના, કયાં જાઇ કહું, કર્મની બીના.
કેમ તજી ગયા, પ્રાણ નાથરે; પુત્રને લિધો, આપ સાથરે,
દુખી કીધી મને, નાથ શઘરે; શિમ નથી હવે, રહતી નીતરે.
અરર હાયરે, કંપે કાયરે; વિન આધાર થઇ, હાય હાયરે,

સુમતિદેવી—(આવીને) બલીઆઈ ! આમ રૂદનાલાપ કયાં સુધી કરશો ? હવે કાંઇ તમારા સ્વામિનું મુખ દેખવાનું છે ? સંભારે શું વળવાનું છે.

રાણકદેવી—પ્રિયબેન ! તેમનું સ્મરણ થતાંજ મારી છાંતી ચીરાય છે. અરેરે ! મુજ અભાગણીના માટે તેમનો ઘાત થયો !

સહિયર શું દુઃખ દાખવું. એ રાહ.

જગમાં અધિક સુખ સ્વામિનું, જે છે શીરના છત્ર;
તેતો તજીને જતા રહયા, મુકી મુજને અત્ર.
ફુટયું નશિબ મુજ દુષ્ટનું. એ ટેક.
દુર્ગજીરણુરે સુનો પડયો, મરતાં મુજ સ્વામિનાથ;
મંદ મંદ મુખથી બોલાવતા, હેતથી ઝાલી હાથ. ફુટયું.
બેસારતા પાસ મુજને, કરતા હાસ્ય વિનોદ;
વાણી ઉચરતા વિવેકથી, કરતા પરમ પ્રમોદ. ફુટયું.
પ્યારી પ્યારે કે'શે કોણતે, કરશે દુઃખ કોણ દુર
થઇરે દુષ્ટા હું અભાગણી, હવે મરવું જરૂર. ફુટયું.
હાય હવે મારૂં શું થશે, જાસે દુખમાં દી કેમ;
દુશ્મન દુષ્ટ પીડે બહુ, તજી સઘળીરે રે'મ. ફુટયું.
વારે ધાઓ પ્રભુ માહરી, કરો શતરૂ સંહાર,
કરો રક્ષા મમ શીયળની નોંધારાના આધાર. ફુટયું

સુમતિદેવી—(આવો રૂદના લાપ જોઇ આંસુ સારતી) બાઇ ! તમારો રૂદનાલાપ જોઇ મારૂં હદય ચીરાય છે. જુઓ, બાલક પણ તમારા રૂદનથી રડે છે. સંતોષ રાખો ઇશ્વર તમારા શીયળની વારે આવશે.

રાણકદેવી— ખમાચનો રાહ.

શું કરવું આંહી. નથી સુઝતું કાંઇ, મરૂં દીલ અકળાઇ,
એની મારી; તુજ સ્વામી આવી, ગયો બહુ સતાવી શું.
એની ઇલાજ કાંઇ, બતાવતું આંહી, ગૃહી મુંજ બાંહી,

ઉગાર અરે; રાખવા પતિવ્રત, વા'લી રાખ તું પત. શું.
મરૂં ધર્મને કાજ, હારૂ હામ ન આજ; ટરૂ જરી હું નાજ,
કદી જીવ જાયે; બચાવ તું નાથ, ગ્રહી અબળા હાથ. શું.

(એમ કહી કટાર ખાઇ મરવા તૈયાર થાય છે) એવામાં સિધરાજ આવી કટાર વાળો હાથ પકડી.)

સિધરાજ—મુગલોથી નવ ડરો પ્યારી એ રાહ.

પ્રિયા દીલ દુખી તું શાને કરે, વણ ખુટે આયુષ્ય તું શીદ મરે
હવે શોક મુકીને સુખે રહે, દહે દીલને નહીં જરા કહું ખરે. પ્રિ.
સમજીને પ્રિતી મુજ સાથકરે, નહીં આધાર મુજ વિના કોઇ અરે
તુજ માટે શ્રમ લીધો પ્રિયા બહુ શાને આડી થઇ દુઃખી કરે.
આવ બેશ ઉમંગે ઉછરંગપર, કરીએ વિનોદ જેથી દીલ ઠરે.

રાણકદેવી—(સિધરાજે પકડેલો હાથ છોડાવી સામી ઉભી રહી.
જારે જા, પાપી દુર થા,
નિચ હરામી, લંપટી કામી તું, વારે વારે શતાવે શું લ્યા ? જા
પુત્રિને પ્યારી કેતાં કેમ, રસના તુટે તુજના.
તાત થઇશું વાત કરે આ, ક્ષત્રિ થઈ નીજ ધર્મ ચુકે વાહ !
ચાલી જા, નાશી જા, બતાવે શું મુખ સ્યામ લ્યા. જારે
જીવ જાતા કે બહે રીબાતા શરણુ થઉ કદિના
ક્ષત્રિ બાળાને સિંહનારી, કોટી ઉપાયે ડગે ના.
નવ રાખ આશ લેશ, પેચ ન પોચે વિશે.
સમજીને ધામ તજી જા જારે એ.

સુમતિદેવી–(સિધરાજ પ્રત્યે બે હાથ જોડી) મારા નાથ ! આપ આ અઘટિત શું આચરો છો ? સતિ સ્ત્રીઓને સતાવી કોણે સાર કાઢયો છે ? કિચકે, દ્રૌપદીને સતાવીશું લાણુ કાહાડયું ? રાવણે, સિતાહરી શો ફાયદો મેળવ્યો ? આપ સમજુ છો. વધારે શું કહું શિરતાજ.

શિધરાજ—(ગુસ્સેથી) ચુપ રહો ! વચમાં બોલવાની કાંઈ જરૂર નથી ? જાઓ ચાલ્યા જાઓ. વધારે બોલશો તો અપમાનને પાત્ર થશો. હું તમારા કરતાં બહુ સમજુ છું મારે તમારી શિખની કાંઇ જરૂર નથી.

સુમતિદેવી—પ્રાણનાથ ! ક્રોધ ન કરો. શાંત થાઓ. સાધવિ

સ્ત્રિઓને સતાવી ઘણા જનોને પાછળથી અપાર પસ્તાવો કરવો પડયો છે. આપ વિચારો કામને વશ થઈ મંદ બુદ્ધિવંત ન થાઓ.

સિદ્ધરાજ—(રક્તનેત્રે) એક વખત કહી ચુકયો કે તમારે વચમાં ન બોલવું, તેમ છતાં જરાએ અપમાનની બીક નથી રાખતાં. અહી ઉભા રહેવાનું શું પ્રયોજન છે ?

સુમતિદેવી—હું તો આ ચાલી નાથ ! પણ જે કરો તે વિચારીને કરજો. આ છેવટે કહું છું કે, તેમાં તમે સાર નહીં કાઢો. વિનાશ કાળે વિપરીત બુદ્ધી આદરી ગુજરાતની પાયમાલી કરવા ઉભા થયા છો. (જાય છે)

સિદ્ધરાજ—(ક્રોધથી) બહુ સારૂ (રાણકદેવી પ્રત્યે) શું વિચાર કર્યો ? (નરમાશથી) ભુંડી, તું સમજ ને બહુ વાચાળ ન બન ! જેમ જેમ હું તારૂં મન રાખું છું તેમ તેમ તું મને વધારે વધારે અપમાની કરે છે ? પણ યાદ રાખ ! કે એમાં લાભ નહીં મળે, તારા સુંદર સ્વરૂપને વશ થયેલો, તારા અપમાનથી ડરી શું તને તજી દેશે ? રક્ત વર્ણન સાંભળી મોહને વશ થયેલો, અને બાર બાર વરસ સુધી અપાર કષ્ટ સહન કરી સર્વને દુઃખી કરી, દુઃખી બનેલો, તે કરમાં આવેલી કોયલને તજી દેશે ? તને મેળવવા હજારોની આહુતિ આપી તે તજી દેવા કે ? શાણી થઇ શાને આડી થાય છે ? આંહી શિવાય હવે તને સુખ કયાં મળવાનું છે ? ચાલ સમજ ! ને દગ્ધ થયેલા મનને તારી વાણી જળથી શાંતવન કર.

રાણકદેવી - (ક્રોધથી) અરે નિચ ! કામી ! તારા કડુ વચનથી મારા કાનને શા માટે દુઃખી કરે છે ? તારા ક્રોધથી મને ના ડરાવ. આ પ્રાણ ગયે પણ તારી દુષ્મનો વૃતિને શરણ થનાર નથી, સમજ્યો !

સિદ્ધરાજ—(રક્તનેત્રે) હા, હા, તું એમ માનનાર નથી કુલ નિકંદની ! લે ત્યારે ના માનીશ (સિપાઇ પ્રત્યે) કોણ છે બહાર જે હોય તે આ હઠીલીના પુત્રને સત્વર લાવો, ? (સિપાઇ, બંદીવાન કરેલા માણેરાને લાવે છે એટલે) બોલ, શું જવાબ આપે છે ? એકનો તો તારી હઠનો ભોગ આપ્યો. હવે બીજાને આપવા મરજી છે કે કેમ ? તરવાર મ્યાનમાંથી કાઢી માણેરા ઉપર ઉગામે છે એટલે.)

રાણુકદેવી— ગીતીની ચાલ.

નિરપરાધી મારે, નહી સરે અરે તુજ અર્થ કાંઇ;

સિધરાજ—સમજી જા ઝટ નહીં તો, વધ કરીશ હું તુજ પુત્રઆંહી.

માણેરો— માતા ! મારા પુજ્ય માતા હું આ શું સાંભળું છું ? મને એકવાર આજ્ઞા આપો, પછી જુઓ એ સિધરાજના હાલ શું તે મને બાળક જાણી બીવરાવે છે ! પણ નાનો વિંછી કેટલો જુલમ કરે છે તેની એને કયાં ખબર છે ? એકવાર છુટો મુકી જુએ, પછી જોઇ લે મારૂં પ્રાક્રમ.

સિધરાજ—(ક્રોધથી) અહં ! મને પ્રાક્રમ બતાવી ડરાવે છે કે ? ચાલ આવ જોઊં તારૂં પ્રાક્રમ ! એમ કહી સિપાઇ પાસેથી માણેરાને લે છે માણેરો રાણુકદેવીને મળ્યા ખેંચ તાણ કરે છે. સિધરાજ માણેરાને પોતાના ભણી ખેંચે છે.

માણેરો—(પોતાની માની માઠી દશા જોઇ તથા શતરૂના હાથે બેહાલ મરતો જોઇ રૂદનાલાપ કરે છે.)

ધનાશ્રી.

દુઃખી ન થાઓ દીલમાંજ, માતા મારી દુઃખી ન થાઓ દીલમાંજ.
મુજ મરવાનો શોક ધરો નહી, અહોનિશ રહો (પ્રભુ) ભક્તિમાંજ.
મુજ જેવા લાખ પુત્ર જાયે પણ, સદા રહો શીલ ટેકમાંજ.
સહાય કરશે શ્રી જગદીશ્વર, જે છે ગરીબનિવાજ.
આવે રૂદન ફક્ત તુજ દુઃખી દેખી, દુઃખ દેશે આ દગાબાજ.

(ગદ્ય) માતા ! માતા ! ? તારી શી વલે થશે. (એમ કહી) ચોધારે આંસુએ રાણુકદેવી પાસે જવા ડગલું ભરે છે તેને સિધરાજ પાછો ખેંચી.

સિધરાજ—બહાદુરીની ખુમો મારી એટલું એજ કે ? કયાં ગઇ બહાદુરી ? ક્ષત્રી થઇ મરવાથી તો ડરે છે ? જો જીવવાની મરજી હોય તો સમજાવ તારી માતાને.

માણેરો— (ક્રોધથી) જા જા, દુષ્ટ ચંડાળ લંપટી ? આવા વેણ વદી મારી અત્રણેંદ્રીતેશાને સંતાપે છે ? એકનો તો શું, પણ પતિવ્રતની ટેકની ખાતર મારા જેવા કરોડો પુત્રોનું બલિદાન કાં નથી અપાતું, આખર મરવું તો છેજ, ફક્ત મારી નિરાધાર માતાનું દુઃખ જોઇ, તથા કામીને હાથે બંધીવાનપણે મૃત્યુ પામતો

જોઇ રૂદન આવે છે. મારી ભુજાના પ્રાક્રમથી મરણ આવે મને આટલું ન લાગત.

સિધરાજ—(રાણુકદેવીને નરમાશથી) માન, ભુંડી માન! આવા સુંદર બાળકને શામાટે ગમાવે છે ? તારા અપરાધની ખાતર બીજાને શિક્ષા શું કરવા અપાવે છે ? (રાણુકદેવી કાંઇ ઉત્તર નહીં આપવાથી) લે ત્યારે ના માનીશ. (એમ કહી માણેરાને મારી નાંખે છે. તે જોઇ રાણુકદેવીને અત્યંત ક્રોધ ચડે છે અને સતિપણાનું શૂર પ્રકાશ થાય છે.)

રાણુકદેવી—(ઉભી થઇ માથાના વાળ છુટા મુકી, આંખો લાલચોળ કરી. સતના લીધે ધરૂજતી ધરૂજતી.)

રાહ ક્ષત્રી કલંકનો.

આહા ! આવી રહી હવે અનહદ, સુરી૦
કહ્યું માની ઉતાર તારો મદ. સુરી૦
જોશે દાખલો જગમાં સૌ, સુરી૦
મુજ માટે કીધાં કૃત્ય બહુ, સુરી૦
તોયે નહીં વળ્યો કાંઇ તુજ દીન, સુરી૦
લાવ મુજ પતિનું શીર, હીન. સુરી૦
થાઉ સતિ જગમાં વિખ્યાત, સુરી૦
કરી અગ્નીમાં જ પાપાત. સુરી૦
વાર કર નહીં ઝટ લાવી આપ, સુરી૦
હવે પુરણ ભરાણું તારૂં પાપ. સુરી૦
જા મરીશ તું ભુંડે હાલ, સુરી૦
પુત્ર વિણ તું મરીશ ચંડાળ. સુરી૦
તુજ રાજ થશે પાયમાલ, સુરી૦
તુજ મુખ જોઇ ઉઠે અંગ જ્વાળ. સુરી૦

સિધરાજ—(રાણુકદેવીને શત ચડેલું જોઇ ગભરાય છે અને બે હાથ જોડી પગે લાગી.) સતિ માતા ! શાંત થાઓ, શાંત થાઓ. આ તમારા પાપી પુત્રનો અપરાધ ક્ષમા કરો. મેં મુરખ પાપીએ વિના સમજ અતિશય કષ્ટ દીધું છે, તેનો હવે મને બહુજ પસ્તાવો થાય છે ! માતા ! મારી ઉપરથી કોપ દુર કરો; અને આપેલો શ્રાપ પાછો ખેંચી લ્યો.

રાણુકદેવી—(રક્ત નેત્રે) કદાપી કાળે તે ફરનાર નથી. મહંત પુરૂષો, બોલેલા બોલ પાછા ખેંચી લેવા અશક્ત છે. પણ તારા કાલાવાલાથી ફકત એટલું કહું છું કે તારે પુત્ર તો નહીંજ થાય, પણ તારી ગાદી તારા વંશમાં ઘણા વરસ સુધી ચાલશે. લાવ ઝટ મારા પતિનું સબ! વખત કરીશ તો મને મારા પતિથી વિખુટા પડવું પડશે. (આકાશ ભણી જોઇ) આ આવી સબુર કરો. જરા દાસીપર દયા લાવી ઉતાવળા ન થાઓ. (સિધરાજ પ્રત્યે) સિધરાજ! આ સરીતા તટે ચેહ સત્વર કરાવ? ઝટકર વિલંબ ન કર.

સિધરાજ—(નમીને) હા માજી! સઘળું તૈયાર કરાવું છું. આપ જરા કૃપા કરી ધ્યેશ રાખો. (શીપાઇને) જાઓ આ નદીને કીનારે ચંદનાદીક સુગંધી કાષ્ટની ચિતા તૈયાર કરાવો, અને તેમાં જે જે સામાનની જરૂર પડે તે સઘળું ત્યાં હાજર કરો; અને રાહ-ખેંગારનું શબ સતી માતાને સ્વાધિન કરો.

શિપાઈ—બહુ સારૂ કૃપારાજ! (જતાં જતાં મન સાથે) હવે કેવા ઠેકાણે આવ્યા છે! ભય વગર પ્રીત નીપજે નહીં. અત્યાર સુધી તો બીચારીને દુઃખ દેવામાં બાકી નથી રાખી. (જાય છે. ને રાણુક-દેવીને રાહખેંગારનું શબ લાવી સોંપે છે. તે લઇ રાણુકદેવી ઘણા હેતથી પોતાની છાતી સરસું ચાંપે છે.)

સિધરાજ—માતા! હવે મને રજા છે.

રાણુકદેવી—હા! સુખે સીધાવો; અને ચીતાની સઘળી સા-મગ્રી ઝટ તૈયાર કરાવો. હું તમારી પુંઠેજ આવુંછું.

સિધરાજ—બહુ સારૂ માજી. આ હું એણી તરફજ ચાલ્યો. આપ સત્વર પધારો. (જાયછે અને પતિના શબને નીહાળી નીહાળી જોતાં

રાણુકદેવી—પ્રીતીના પંથનો ગ્રંથ ગુંથેલો એ રાહ.

ધન્ય દીવસ આજ ધન્ય ઘડી, રૂડો અવસર આવ્યો આજ;
આપની સંગે અતિ ઉમંગે, પોઢુ હું ચિતામાંજ.
પ્રિયાની કીયા જોઇને પ્યારા, હશી રહ્યા છો આપ;
વાહ મનોહર સુંદર વદન, જોતાં જાયે સંતાપ.
આ તન સ્પર્શે શાંતી થાતી, હવે જુદું રહે નાજ;

આપ કૃપાએ સુખનો લાવો, લીધો ધણી શીરતાજ.
આ સઘળું હું જાણું છતાં, કેમ થઇ ચાહું એ વીહ;
આવી આ આવી આપની પાછળ, જુઓ જરા મુજ રાહ.
(એમ કહી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ભોગાવા નદી ઉપરની વીશાળ જગો.

પાત્ર—રાણકદેવી અને તમાશગીરો વાગેરે.

ચીતા પાસે લોકોની મેહની ભરાઇ છે ત્યાં આગળ સતીનો સર્વ સ્વાંગ ધરી રાણકદેવીને આવતી દેખી.)

તમાસગીરો—(મોટે સાદે) સતી માતાનો જય થાઓ, સતીમાતાનો જય થાઓ. (રાણકદેવી ચિતા પાસે આવી ચિતાને તથા સર્વને નમન કરી સ્ત્રીઓ પ્રત્યે.)

રાણકદેવી— શિખરણી વૃતની રાહ.

અહો એનો મ્હારી, જુઓ, વિચારી કાંઈ જરા;
છે ઉત્તમોતમ જગમાં, શીયળ રત્ન સાચું સદા
ધરો ખાંતે અંગે, અવર શંગાર કાંઇ નવ સજો.
છે સુખદાઈ સાચું, ગૃહણુ કરી જુઓ મન્જે
અતી કષ્ટો પડતાં, નહીં ગુમાવો તેહને કદા;
આ જન્મે સુખ પામો, પણુ પરભવે પામે (અતી) સુખસંપદ
સડે રૈ રૈ નર્કે, કરી પુકારો અપાર તે.
જુઓ આ તમ સામુ, મુજ દ્રષ્ટાંત તાજુ ખડું;
વિચારીને વરતો, જણુ તમ પાસે શું વંદુ.

એમ કહી રાહખેંગારના સબ સહીત જે અંબે ના પોકાર કરતી ચિતા ઉપર પગ મુકે છે; કે તરતજ અગ્નિ પ્રગટ થાય છે. ચિતાના મધ્ય ભાગે બેશી, રાહખેંગારનું સબ પોતાના ખોળામાં લે છે. અગ્નિ જોસથી સળગે છે. લોકોના જેઅંબેના પોકારો તથા વાજીંત્ર નાદો વચ્ચે ભસ્તિ ભુત થાય છે. નગરવાશી જનો વિગેરે શોકાતુર ચહેરે ગામ ભણી જાય છે. સિધરાજ પોતાનું લશ્કર લઇ ગુજરાત ભણી જાય છે.

સમાપ્ત.